# પુલ્પિટ હેલ્પ્સ

## ભાગ - ૫



રેવ. બી. એસ. પરમાર

30 BGP2 (3)

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# Pulpit Helps

## પુલ્પિટ હેલ્પ્સ

### ભાગ - ૫

ઉપદેશ માટે ઉપયોગી ઉદાહરણો

: સંકલનકાર :
રેવ. બી. એસ. પરમાર

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ

અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

ફોન : ૬૪૪૫૨૮૧

પ્રથમ આવૃત્તિ : નકલો ૧૦૦૦

નકલ : ૧૦૦૦

કિંમત : રૂા. ૪૦/-

મુદ્રક :

**સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ**

૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,

મિરઝાપુર કોર્ટ સામે, મિરઝાપુર, અમદાવાદ-૧.

ફોન નં. : ૫૬૨૩૭૬૧

# આમુખ

આપણા સ્વામી પ્રભુ ઈસુએ પૃથ્વી પરની પોતાની ધર્મસેવા દરમિયાન દૃષ્ટાંતો અને વાર્તાઓ દ્વારા શિક્ષણ આપ્યું હતું તે નમૂનો આજે પણ આપણને એક આદર્શ પૂરો પાડે છે. દૃષ્ટાંતો અને વાર્તાઓ દ્વારા અનંતકાળીક મૂલ્યોની સરળ અને સ્પષ્ટ રજૂઆત થઈ શકે છે. સત્યને જબરદસ્ત રીતે આગળ લાવી શકાય છે. તેમ છતાં બોધકથાઓ, ઉદાહરણો જેમાં સંદેશો સમાયેલો છે. જેમાં સત્ય ઢંકાએલું છે તેને કેન્દ્રસ્થાને રાખીને લેખન કરવામાં આવ્યું હોય તેવી લેખન-સામ્રગી ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમાં ઓછી જોવા મળતી હતી. તેવા સમયે રેવ. બી. એસ. પરમાર સાહેબે પુલ્પિટ હેલ્પ્સનું લેખન શરૂ કર્યું. પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૧ નું પ્રકાશન થયું. વાચક વર્ગ તરફથી તેને સારો એવો આવકાર મળ્યો. તેથી પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૨નું પ્રકાશન શક્ય બન્યું. અને સમય જતાં તેના ભાગ ત્રીજા અને ભાગ ચોથાનું પણ પ્રકાશન કરવામાં આવ્યું. વાચકવર્ગે આ લેખન સામગ્રીને એટલા ઉત્સાહ અને આનંદ સાથે આવકારી હતી કે જેને લીધે ભાગ-૧ અને ભાગ-૨નું પુનઃમુદ્રણ કરવામાં આવ્યું. એટલે તેની લોકપ્રિયતા વિશે કાંઈ જ વિશેષ કહેવાની જરૂર રહેતી નથી.

હવે જયારે પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૫ નું પ્રકાશન થાય છે ત્યારે ફરી એક વખત લેખક સાચે જ આપણા સૌના અભિનંદનના અધિકારી બન્યા છે. આ પુસ્તકો દ્વારા લાંબા સમયની આપણી મંડળીની એક મહત્વની જરૂરીઆત પૂરી પાડવામાં આવી છે તે જોઈને આપણે સૌ એમ જ કહીશું, "સાહેબ, Thank You અમે તમારો આભાર માનીએ છીએ આ પુસ્તકો માટે અમે તમારા ઋણી છીએ."

'ખ્રિસ્તીબંધુ' ની સલાહકાર સમિતિમાં રેવ. પરમાર સાહેબની સાથે નિકટતાથી કામ કરવાનો મને અવસર મળ્યો. તેઓ સ્વભાવમાં અત્યંત શાંત-મૃદુભાષી છે છતાં ધર્મસેવામાં ખૂબ અસરકારક અને સફળ છે, અનુભવોની દૃષ્ટિએ ખૂબ વિશાળતા એટલે તેમની પાસેથી શીખવાનું ઘણું મળે. થોડા સમય અગાઉ સલાહકાર સમિતિમાં અમે તેમના પુસ્તકોની ઉપયોગીતા વિશે ઔપચારિક વાતચીત કરી રહ્યા હતા ત્યારે વાચકવર્ગના કેટલાએક પ્રતિભાવોની નોંધ લીધા વિના રહી શક્યા નહિ. "પાળક તરીકે પ્રભુના લોકો સમક્ષ વચનની સેવા કરવામાં મને 'પુલ્પિટ હેલ્પ્સ' ખૂબ ઉપયોગી પૂરવાર થયું છે." "લે-મેન તરીકે બાઈબલનું શિક્ષણ આપવાની મને જ્યારે પણ તક મળે છે ત્યારે મેં આ પુસ્તકોનો ભરપૂરપણે ઉપયોગ કર્યો છે," "બહેનોની સભામાં પેલા બહેને આ પુસ્તકના આધારે જ ઉપદેશ આપ્યો હતો."

હવે જ્યારે આપણા સમાજના વિવિધ સ્થળોએ જુદા જુદા જૂથોમાં ઈશ્વરના વચનને સરળતાપૂર્વક અને ચોક્કસ રીતે સમજાવવામાં આ પુસ્તકોનો વ્યાપક રીતે ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે તેને દૃષ્ટિ સમક્ષ રાખતાં જો પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૫ નું લેખન કરવામાં આવે તો તે ઈચ્છવાજોગ છે તેવું અમે એક સૂચન કર્યું હતું. આ સમયે અત્યંત નિરાડંબરી છતાં હૃદય અને મનની સમૃદ્ધિ ધરાવનાર રેવ. પરમાર સાહેબે આ વાતને સ્વીકારી લીધી અને તે દિશામાં પ્રયત્નો શરૂ કર્યો. તેમણે લેખન કરવામાં ઘણો જ પરિશ્રમ ઉઠાવ્યો અને અત્યંત ટુંકા સમયમાં આ પુસ્તક આપણા હાથોમાં મુક્યું છે. તે એક પ્રશંસનીય વાત છે. એક સાથી-પાળક અને સહકાર્યકર તરીકે તેમણે મને તેમના આ પુસ્તકની આમુખ લખવા માટે આમંત્રણ આપ્યું તે માટે તેમનો હું હૃદયનાં ઊંડાણથી ખૂબ ખૂબ આભાર માનું છું અને ગૌરવ અનુભવું છું.

પુસ્તકમાં લેખકે થોડાંક ઉદાહરણો રજૂ કર્યા છે. તે ઉપરાંત પ્રભુ ઈસુએ ગિરીપ્રવચનમાં રજૂ કરેલી ધન્યતાઓનું વિવેચન કર્યું છે તે હકીકતે મને પ્રભાવિત કર્યો છે. ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરવાનું આ ધોરણ આજે પણ એક પડકાર અને આહ્‌વાન આપનારું છે. સરળ શબ્દોમાં સત્યને જબરદસ્ત રીતે રજૂ કરવાની લેખકની આગવી શૈલી આપણા સૌના આશીર્વાદનું કારણ બની રહેશે. તે ઉપરાંત ત્રીસ જેટલા બોધભાષણોની રૂપરેખા આપી છે જેમાં લેખકની આંતરસૂઝ અને આધ્યાત્મિકતાના દર્શન આપણે સ્પષ્ટપણે કરી શકીએ છીએ.

આ પુસ્તકનું વાંચન કેવળ પાળકો-ઉપદેશકોને જ નહિ પણ પ્રત્યેક વ્યક્તિને બોધ સાથે ઉત્તેજન અને આધ્યાત્મિક પ્રગતિ પામવામાં સહાય આપનાર પૂરવાર થશે એવી અંતઃકરણની પ્રાર્થના છે.

રેવ. નેરીઅસ ધોળકિયા
G.T.B.S.

# બે બોલ

આપણી પાસે ખ્રિસ્તી જીવનમાં વૃદ્ધિ પામવા માટે પ્રભુએ અનેક વ્યવસ્થા આપી છે. ઈશ્વરે તેમનો પવિત્રઆત્મા આપણને આપ્યો છે. ઈશ્વરે પોતાના મુલ્યવાન વચનો આપણી ભાષામાં આપ્યા છે. દેવનો આત્મા પોતે જ શિક્ષક છે. ઉપરાંત વચનોથી પણ ઈશ્વર શિક્ષણ, સમજણ, દોરવણી આપે છે.

સાથે સાથે ઈશ્વરે દરેક સમયમાં તેના સેવકો/સેવિકાઓની મારફતે શિક્ષણ આપવાનું કાર્ય કર્યું છે / કરે છે. આ માટે આપણી પાસે અનેક પુસ્તકો છે. આ માટે ત્રિએક ઈશ્વરના નામની સ્તુતિ કરીએ અને આભાર પણ માનીએ.

રેવ. બી એસ. પરમાર સાહેબના આ પુસ્તક પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૫ માટે તેઓને અભિનંદન પાઠવીએ છીએ. આ અગાઉ તેઓએ ચાર ભાગ પણ લખ્યા હતા. જેનાથી આપણે સહુ વાકેફ છીએ. તેઓની ગુજરાત ટ્રાક્ટ એન્ડ સોસાયટીમાંની સેવાઓ માટે ઈશ્વરનો અને તેમનો આભાર માનીએ છીએ. ખ્રિસ્તીબંધુ સલાહકાર મંડળના તેઓ સભ્ય છે. ખ્રિસ્તીબંધુમાં તેઓ આગવી શૈલીથી લેખો લખતા રહ્યા છે. જે સમાજના લોકોને પ્રેરણા તથા ઉત્તેજન આપનારા રહ્યા છે.

આવા સાહિત્યપ્રેમી, સફળ પાળક અને વહીવટદાર તરીકે રેવ. બી.એસ. પરમાર આપણા સહુના અભિનંદનને પાત્ર બને છે. હાલમાં છેલ્લા કેટલાક સમયથી તેઓ માંદગીમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યારે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પરિવાર તરફથી તેમને શુભેચ્છા પાઠવીએ છીએ તથા પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર તેમને તેમની પ્રેમાળ પાંખોની છાયામાં સંભાળે તથા તંદુરસ્તી બક્ષે.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રીમતી મરિયમ બહેન ડાભી તથા પરિવાર તરફથી રૂા.૩૫૦૦૦/- અને શ્રીમતી ફ્લોરાબહેન જે. ક્રિશ્ચિયન તરફથી રૂા.૫૦૦૦/- પુસ્તક પ્રકાશન ભેટે દાનમાં મળ્યા છે. માટે તેઓનો હૃદયના ઉંડાણથી ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી પરિવાર તરફથી આભાર માનું છું. સાહિત્યની આ મહાન સેવામાં તેમના નાણાંકીય ફાળાની કદર કરું છું.

પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૫ ખ્રિસ્ત સમાજની આગળ મુકતા આનંદ અનુભવું છું.

પ્રભુમાં આપનો

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**

સેક્રેટરી

# પ્રસ્તાવના

જોન બન્યન ઉપદેશકનું ચિત્ર આ પ્રમાણે દોરે છે : જગત તરફ એની પીઠ છે, એનુ મોં સ્વર્ગભણી છે અને હાથમાં પુસ્તક (બાઈબલ) છે. પાળક-ઉપદેશકનું આ ચિત્ર કેટલું સચોટ છે.

કેન્ટરબરીમાં આર્ચ બીશપ વિલ્યમ ટેમ્પલ પાળકોને સંબોધતા લખે છે : "એવી રીતે કામ કરો કે જાણે કામનો બધો આધાર તમારા પર જ હોય, અને એવી રીતે પ્રાર્થના કરો કે જાણે બધો આધાર ઈશ્વર પર જ હોય." પાળકની સેવા માટે આ એક સુવર્ણ મહોર સમાન છે.

અંગ્રેજીમાં એક કવિતા વાંચી, જેના શબ્દો આવા છે :-

One Step upon another
and the largest walk is ended.
One Stitch upon another
and the largest rent is mended,
One brick upon another
and the highest wall is made,
One flock upon another
and the deepest snow is laid
My Friend, do not be disheartened.

સર વિન્સ્ટન ચર્ચીલનો મુદ્રાલેખ હતો :-

" Never run away from anything - Never. "

આપણી સામે ઠરાવેલી શરતમાં ધીરજથી દોડતાં રહીશું તો ઈશ્વર એક પછી એક પડદા હઠાવતા જશે અને આખરે તેના મુખે સાંભળીશું - "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું તારા પ્રભુના આનંદમાં પેસ."

આટલું કહ્યા પછી પુલ્પિટ હેલ્પ્સની શ્રેણીમાંનું આ પાંચમુ પુસ્તક

આપના હાથમાં મુકતાં ગૌરવ તથા આનંદની લાગણી અનુભવું છું. અગાઉનાં ચારેય પુસ્તકો ઘણા બધાને ઉપયોગી અને આર્શીવાદ સમાન પૂરવાર થયાં છે, અને આશા તથા પ્રાર્થના છે કે આ પાંચમુ પુસ્તક પણ એમજ ઉપયોગી નીવડશે. - સેવામાં અને અંગત જીવનમાં.

આ પુસ્તકમાં ઉપયોગી અને સંદેશામાં વાપરી શકાય એવાં ત્રીસ ઉદાહરણો છે. નવ ધન્યતાઓ ઉપર સમજુતી અને વિવેચન છે, તથા ત્રીસ સંદેશાની રૂપરેખાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ શ્રેણીનાં પુસ્તકો આપના સુધી પહોંચાડવામાં ઘણા બધાનો ફાળો રહેલો છે. ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીએ છપાવીને પ્રસિધ્ધ કર્યું, કેટલાક દાતા મિત્રો અને શુભેચ્છકોએ તેનો છપામણી ખર્ચ આપ્યો, કેટલાક મિત્રોએ લખવાની પ્રેરણા અને ઉત્તેજન આપ્યાં. તથા વાંચકવર્ગે તેને સહર્ષ સ્વીકારીને ઉપયોગમાં લીધાં - આ તમામનો હૃદયના ઊંડાણથી આભાર માનું છું. આ સમયે પ્રે. પાઉલનું પ્રખ્યાત વાક્ય યાદ આવે છે :- “મેં રોપ્યુ, આપોલસે પાણી પાયુ, પણ દેવ તેને વૃદ્ધિ આપે છે.” રોપનાર કંઈ નથી અને પાણી પાનાર પણ કંઈ નથી, પણ દેવ સર્વમાં સર્વ છે.

આ પુસ્તકમાં પ્રકાશન ખર્ચ માટે મારી વિનંતી સહર્ષ સ્વીકારીને વડોદરાના જાણીતા આગેવાન અને ધારાશાસ્ત્રી શ્રીમતી મરિયમબેન ડાભીએ રૂા. વીસ હજારનું ઉદાર દાન આપ્યું છે, તેમનો અત્રે ખાસ આભાર માનું છું.

જે પ્રભુએ તેની કૃપામાં આપણને તેડ્યા છે, અને એ તેડું સ્વીકારીને જેઓ તેની સેવામાં જોતરાયા છે, એવા ગુજરાતના તમામ પાળકો - ઉપદેશકો અને સુવાર્તિકોને સહર્ષ આ પુસ્તક ભેટ ધરૂં છું.

મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર, અમદાવાદ-૧
સપ્ટેમ્બર - ૨૦૦૧
ખ્રિસ્ત ઈસુની સેવામાં
**રેવ. બી. એસ. પરમાર**

# અનુક્રમણિકા

**વિભાગ-૧ ઉદાહરણો :**


| | | |
|---|---|---|
| ૧. | પાળકને આગળ ધકેલો | ૧ |
| ૨. | હું શું પામી | ૨ |
| ૩. | અનુભવને તાજો કરો | ૪ |
| ૪. | મંડળી - જીવિત કે મરેલી? | ૬ |
| ૫. | એક સુવાર્તિક નો પ્રશ્ન | ૮ |
| ૬. | ઘર | ૯ |
| ૭. | મોટા માણસની નાની વાતો | ૧૦ |
| ૮. | હે ઈશ્વર પવિત્ર સર્વ શક્ય સ્વામી | ૧૧ |
| ૯. | પ્રભુ મારૂં જીવન લે. | ૧૨ |
| ૧૦. | મિશનરી મેસેજ | ૧૩ |
| ૧૧. | આ પ્રમાણે કરી જુઓ | ૧૫ |
| ૧૨. | શું બાળકને ચર્ચમાં કે સન્ડે સ્કૂલમાં જવા મા બાપે દબાણ કરવું જોઈએ? | ૧૬ |
| ૧૩. | જ્યાં સુધી ............. ત્યાં સુધી | ૧૭ |
| ૧૪. | બાંધનાર કે તોડનાર | ૧૮ |
| ૧૫. | શાની જરૂર છે. | ૧૯ |
| ૧૬. | દુ:ખમાં અને જુદાઈમાં | ૨૧ |
| ૧૭. | એ તો હું છું. | ૨૨ |
| ૧૮. | સ્પર્શનો અનુભવ | ૨૩ |
| ૧૯. | સર વોલ્ટર સ્કોટ | ૨૪ |
| ૨૦. | જીવતા ખડક | ૨૫ |
| ૨૧. | દસની સંખ્યા | ૨૬ |
| ૨૨. | સોનેરી નિયમો | ૨૭ |
| ૨૩. | માનવી શરીર | ૨૮ |
| ૨૪. | કમાણીના પૈસા | ૨૯ |
| ૨૫. | આવો, નમીએ તેને પાય | ૩૦ |

૨૬. સર્જનનો મૃદુ સ્પર્શ 31
૨૭. ખજુરીનું ઝાડ ૩૨
૨૮. તેણે મને બદલી નાખી ૩૩
૨૯. સુખી માણસ ૩૪
૩૦. રાહ જોશો નહિ ૩૫

**વિભાગ - ૨ ધન્યતાઓ : ૩૬**

પ્રસ્તાવના ૩૭
૧. પહેલી ધન્યતા ૩૯
૨. બીજી ધન્યતા ૪૧
૩. ત્રીજી ધન્યતા ૪૫
૪. ચોથી ધન્યતા ૪૮
૫. પાંચમી ધન્યતા ૫૦
૬. છઠ્ઠી ધન્યતા ૫૩
૭. સાતમી ધન્યતા ૫૭
૮. આઠમી અને નવમી ધન્યતા ૬૧

**છૂટક વિચારો** - Point to Ponder ૬૫

**વિભાગ - ૩ સંદેશાની રૂપરેખા : ૬૮**

૧. ઈબ્રાહીમની જીવન મુસાફરીમાં વેદીનું સ્થાન ૬૯
૨. શાહી ફરમાન ૭૦
૩. ઈસ્ટર પ્રતિ ત્રણ પ્રકારનાં વલણો ૭૨
૪. ઈસુને માટે જગ્યા નહોતી ૭૩
૫. જુદા જુદા પોકારો ૭૪
૬. નાતાલનો આત્મા ૭૫
૭. તે અપરાધીઓમાં ગણાયો ૭૬
૮. જુનુ અને નવુ ૭૮
૯. ઈસુનું બીજુ આગમન ૮૦
૧૦. ઈસુ અને દાઉદ ૮૧
૧૧. આર્શીવાદ પર આર્શીવાદ ૮૩

૧૨. બાઈબલનાં વૃક્ષો ૮૫
૧૩. હથિયાર - શેતાનનાં ને આપણાં ૮૭
૧૪. ઈશ્વરની યોજનાઓ રોકવા પ્રયત્ન કરશો નહિ. ૮૯
૧૫. પાણીમાં પડેલી કુહાડી ૯૧
૧૬. મારો પ્રયાણકાળ પાસે આવ્યો છે. ૯૩
૧૭. છોકરાં તમને પુછશે ૯૫
૧૮. હિસાબ આપવો પડશે ૯૬
૧૯. ચંપલ ૯૭
૨૦. માણસોના પ્રકાર ૯૯
૨૧. બાઈબલમાંની ખીણો ૧૦૧
૨૨. પીલાતની સ્ત્રી ૧૦૩
૨૩. તેઓ મારા પ્રભુને લઈ ગયા છે. ૧૦૫
૨૪. ચેતવણીરૂપ ત્રણ દાખલા ૧૦૭
૨૫. આખાનના પાપનાં પગથીઆં ૧૦૮
૨૬. દેમાસની પડતી ૧૧૦
૨૭. પવિત્ર આત્માનું સામર્થ્ય ૧૧૧
૨૮. ઈસુ અને દાનિયેલ ૧૧૩
૨૯. જ્યારે આ પ્રમાણે થશે ત્યારે ...... ૧૧૬
૩૦. નવા કરારમાં ખ્રિસ્તીઓનાં નામ. ૧૧૮

**ગંભીરતાથી લેશો નહિ. ૧૨૦**

● તમારી સલામતી માટે ૧૨૦
●● સવાલ :- મરઘીએ શા માટે રસ્તો ઓળંગ્યો. ૧૨૧

પરિશિષ્ઠ :

૧. તરત ૧૨૪
૨. બાઈ, મારે ને તારે શું? ૧૨૬
૩. યુસફનાં હાડકાં ૧૨૮
૪. પાસ્ટોરેટ કમિટિ ૧૩૦
૫. સમય અને જીવનનાં વર્ષો ૧૩૪
૬. પાત્મસ બેટ ૧૩૫

# ભાગ - ૧
# ઉપયોગી ઉદાહરણો

તેણે (ઈસુએ) તેઓની આગળ દ્રષ્ટાંતોમાં ઘણી વાતો કરી.

# ૧. પાળકને આગળ ધકેલો

મંડળીના એક સભ્ય, જેઓના હૃદય પર પોતાના પાળકની સેવાઓની સફળતાનો બોજ હતો, તેઓ પાળક માટે પ્રાર્થના કરતા હતા. પ્રાર્થનામાં તેમણે ઈશ્વરને વિનંતી કરી કે "ઓ પ્રભુ, પાળકને આગળ ધકેલો." " Lord, Shove him on. "

કેટલા બધા વિશ્વાસુ અને ખંતથી કામ કરનારા પાળકોને આગળ નહિ ધકેલવાને કારણે સહન કરવું પડે છે. માત્ર ટીકાઓ જ કરનારી મંડળીને કારણે તેઓ આગળ વધી શકતા નથી. લાગણી વગરની અને સહકાર નહિ આપનારી પાસ્ટરેટ કમિટિઓને કારણે કેટલા બધા પાળકોનો આગળ વધવાનો રસ્તો બંધ થઈ જાય છે. નિરાશાને કારણે પાળક પોતાના કાર્યમાં મંદ પડી જાય છે અને એથી વિશેષ આત્મિક જીવનમાં ઠંડાપણુ આવી જાય છે.

તમારો હસતો ચહેરો, તમારા આભારના બે શબ્દો, પ્રસંશાપૂર્વક જોતી તમારી નજર, કોઈ વખત આપેલી તમારી નાની ભેટ અને તમારા હૃદયનો પ્રેમ તમારા પાળકને આગળ ધકેલી શકે છે, અથવા પાળકને આગળ ધકેલવામાં મહત્વનો ફાળો આપી શકે છે.

સંત પાઉલના શબ્દોમાં ઘણુ મહત્વ રહેલું છે.

"ભાઈઓ, અમે તમને વિનંતી કરીએ છીએ કે જેઓ તમારામાં મહેનત કરે છે અને પ્રભુમાં તમારા આગેવાન છે અને તમને બોધ કરે છે તેઓની કદર કરો, અને તેઓના કામને લીધે પ્રેમપૂર્વક તેઓને અતિઘણું માન આપો." ૧ થેસ્સા. ૫; ૧૨,૧૩.

તમે તમારા પાળકની આર્થિક, આત્મિક અને નૈતિક સ્થિતિને આગળ ધકેલવામાં - ધપાવવામાં મહત્વનો ફાળો આપી શકો છો. "પુલ્પિટ હેલ્પ્સ" એ પણ પાળકને આગળ ધકેલવાનો માત્ર નમ્ર પ્રયાસ જ છે.

# ૨. હું શું પામી?

બોસ્ટન શહેરમાં એક ભવ્ય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહનો ઉદેશ હતો - જોન કેનેડીની સ્મૃતિમાં "પ્રોફાઈલ ઈન કેરેજ" નામનો એવોર્ડ આપવાનો. આ સમારોહ વખતે અમેરિકાનાં ભૂતપૂર્વ ફર્સ્ટ લેડી જેક્વેલીન કેનેડી હાજર હતાં.

જોન કેનેડીનાં અવસાન પછી વિધવા બનેલી જેક્વેલીને ગ્રીક ધનાઢ્ય ઓનાસીસ સાથે લગ્ન કર્યા હતાં. આ સમારોહ વખતે જેક્વેલીન અત્યંત વ્યથીત દેખાતાં હતાં. સમારંભમાં જેક્વેલીનની સાથે તેમના પુત્ર જોન કેનેડી જુનીયર પણ તેમની બાજુમાં જ બેઠા હતાં. પરંતુ આખા સમારોહ દરમિયાન આ પુત્રએ તેની મા સાથે એક પણ શબ્દની વાત કરી નહોતી. જેક્વેલીને સામે ચાલીને દીકરાને બોલાવવાની કોશીષ કરી પણ દીકરાએ એની માથી મ્હોં ફેરવી લીધું.

પોતાનો પુત્ર મા સાથે બોલવાનો ઈન્કાર કરે છે અને દીકરી માને મળવાનો ઈન્કાર કરે એ બાબતે જેક્વેલીન સમારંભમાં જ ભાંગી પડ્યા હતા. ધ્રુસકે ધ્રુસકે રડતાં એ બોલી ઉઠી; કે હા, આમાં મારો જ વાંક છે. મેં આંખો મીચીને ધન અને મોજશોખ પાછળ આંધળી દોટ મુકી હતી. પૈસા હશે તો જગત જખ મારે છે એમ માનીને મેં ધનાઢ્ય ઓનાસીસ સાથે લગ્ન કર્યા. ઓનાસીસે જર, ઝવેરાત અને સમૃધ્ધિનો વરસાદ વરસાવ્યો, પણ એ સમૃદ્ધિથી હું સંતોષ અને આનંદ પામવાને બદલે અંદરો અંદર સતત સળગી રહી છું. હવે મને ખબર પડે છે કે આ તો ઝાંઝવાનાં જળ કરતાંય વધારે ભ્રામક અને છેતરામણુ છે.

ત્યાર પછી જેક્વેલીન પોતાની એક સખી એમીલી સ્ટુઅર્ટને લખેલા એક પત્રમાં પોતાના હૃદયની વેદના ઠાલવે છે. તે લખે છે :-

અત્યારે હું સાવ નિરાશ, હતાશ અને વ્યથાથી ભરપુર છું. મારો પુત્ર કે પુત્રી કે મારાં પોતીકાં જનો હવે મારાં રહ્યાં નથી. હું લાંબા વખત

સુધી માથુ પકડીને બેસી રહુ છું અને વિચારૂં છું કે હું શું પામી? મેં શુ મેળવ્યું?

પછી આગળ લખે છે -

હે સખી, મારા વતી પ્રભુને પ્રાર્થના કરજે, અને એટલું કહેજે કે ધનકુબેર બનવા ચાહતી હું, સાવ ખાલી હાથે તારી પાસે આવુ છું. કોઈ જાતના મેકઅપ વગર, ઠાઠ વગર, પત્રકારો અને પબ્લીસીટી વગર તારી સમીપ આવી છું. આજે હું જેવી છું તેવી જ તું મારો સ્વીકાર કરજે.

(ગુજરાત સમાચાર - "મનઝરૂખો" તા. ૧૭-૧૨-૨૦૦૦ માંથી)

"હું છું તેવોજ હક વિના આજ
પણ વહેવાડ્યુ તૂજ રક્ત મુજ કાજ
ને મુજને તેડે તુજ અવાજ
દેવના હલવાન હું આવું છું."

ઉંટ અને રાજકારણીઓમાં તફાવત શો?

ઉંટ કશુ પણ પીધા વિના દિવસો સુધી કામ કરી શકે છે, જ્યારે રાજકારણીઓ કશું પણ કામ કર્યા વિના દિવસો સુધી પી શકે છે.

# ૩. અનુભવને તાજો કરો

જાખી દાણી વિશે એક દંતકથા આ પ્રમાણે છે :-

જાખી વૃધ્ધ થયો ત્યારે પણ યરેખોમાં રહેતો હતો. ખૂબ ધાર્મિક અને નમ્ર જીવન ગાળતો હતો. દરરોજ સવારે સૂર્ય ઉગતાં ઘરની બહાર નીકળી જતો અને બે-ત્રણ કલાક પછી ઘેર પાછો આવતો. ઘેર પાછો આવતો ત્યારે ખૂબ શાંત અને આનંદિત લાગતો.

એની પત્ની વિચારતી કે આ રોજ સવારે ક્યાં જાય છે અને શું કરે છે? આથી કુતુહલવશ એક સવારે છાની માની જાખીની પાછળ પાછળ ચાલી નીકળી. તપાસ કરવા અને ખાતરી કરવા માંગતી હતી કે જાખી ક્યાં જાય છે અને શું કરે છે.

જાખી ચાલતો ચાલતો પેલા ગુલ્લર ઝાડ પાસે આવ્યો, જ્યાં પ્રથમ વખતે એને પ્રભુ ઈસુનો મેળાપ થયો હતો. તેણે ઝાડને પાણી પીવડાવ્યું, એની ડાળીઓ પકડીને ચુંબન કર્યું. તે દિવસે પોતે જે ડાળ ઉપર બેઠો હતો તે ડાળને ધારી ધારીને જોવા લાગ્યો. પછી મનમાં આભારની લાગણીઓ ભરીને ઘર તરફ પાછો ફર્યો. આ એનો દૈનિક ક્રમ હતો. એની પત્ની આગળ એણે ખુલાસો કરતાં જણાવ્યું કે, આ એ ઝાડ છે જ્યાં મને પ્રભુ ઈસુ મળ્યા હતા, મને આમંત્રણ આપ્યું હતું કે જાખી નીચે ઊતરી આવ, અને હું તરત નીચે ઊતરી આવ્યો હતો, અહીં મારું જીવન બદલાઈ ગયુ હતું, અહીં મને માફી મળી હતી, નવું જીવન મળ્યુ હતુ, નવું સ્થાન અને માન મળ્યું હતું. આ ઝાડને હું કદી વીસરી શકું એમ નથી. આ ઝાડ મારા જીવનની એક મધુર યાદગીરી છે. ઈશ્વરના મેળાપની, ઈશ્વરના આર્શીવાદોની યાદગીરી છે.

ડૉ. જે. આર. મીલ લખે છે કે, "જેના જીવનમાં ઈશ્વરના આર્શીવાદોની કોઈ પવિત્ર યાદગીરી નથી, એના જીવનમાં ખરૂં જીવન નથી."

ઉત્પતિ ૩૫ માં યાકુબ કહે છે :-

"આપણે ઉઠીને બેથેલ જઈએ અને જ્યાં દેવે મારા દુઃખના

દિવસે મારૂ સાંભળ્યુ હતું ને જે આખા રસ્તે મારી સાથે રહ્યો તેને સારૂ હું ત્યાં વેદી બાંધીશ."

યાકુબને માટે બેથેલ એ યાદગીરીની જગ્યા હતી, જ્યાં એને યહોવાનો મેળાપ થયો હતો જ્યાં તેની પ્રાર્થના સાંભળવામાં આવી હતી, જ્યાં તેને દિલાસો મળ્યો હતો. યાકુબ કેવી રીતે બેથેલને ભૂલી શકે!

ગુલ્લર ઝાડ જાખીની યાદગીરી હતી. જાખી કેવી રીતે એને ભુલી શકે!

આપણા જીવનમાં એવી કોઈ યાદગીરી છે? કોઈ જગ્યા, કોઈ વ્યક્તિ, કોઈ પુસ્તક, કોઈ બનાવ, કોઈ અનુભવ! તો એને તાજુ રાખો.

Which Form?
God said, Let us Form man in our image.
The World says -We must Conform man to our image.
Devil says - I will deform man by sin.
Society says - We will reform man by Culture.
Christ says - I will Transfrom man by love.

## ૪. મંડળી - જીવીત કે મરેલી?

જીવીત મંડળીને માટે ઘણા પ્રશ્નો ઉભા થાય છે. ખાસ કરીને જગ્યાના પ્રશ્નો

વાહનો પાર્ક કરવાની જગ્યાના પ્રશ્નો,
ભજન સેવામાં સભાજનોને બેસવાની જગ્યાના પ્રશ્નો.
સન્ડેસ્કૂલના વર્ગો માટેની જગ્યાના પ્રશ્નો - વિગેરે.
મૃત મંડળીને જગ્યાના આવા કોઈ પ્રશ્નો નડતા નથી.

જીવીત મંડળીમાં ઘણી બાબતો બદલાતી રહે છે. નવી રીતો અને પધ્ધતિઓ આવે છે. નવી વ્યવસ્થા કરવામાં આવે છે, નવાં સાધનો વસાવવામાં આવે છે, વિગેરે.

મૃત મંડળીમાં કશું બદલાતુ નથી. તે એકજ ઘરેડમાં ચાલ્યા કરે છે.

જીવીત મંડળીમાં તોફાન અને ઘોંઘાટ કરતાં છોકરાં અને જુવાનોની સંખ્યા વધતી રહે છે.

જ્યારે મૃત મંડળીમાં બધુ એકદમ શાંત છે.

જીવીત મંડળીમાં કામ કરનારાની સંખ્યા ઓછી પડે છે, જ્યારે મૃત મંડળીમાં કામ કરનારા વધી પડે છે.

જીવીત મંડળી પોતાના બજેટ કરતાં વધારે ખર્ચો કરે છે, જ્યારે મૃત મંડળી બેન્ક બેલેન્સ વધારે છે.

જીવીત મંડળીમાં નવા આગેવાનો તૈયાર કરવાની મુશ્કેલી પડે છે, જ્યારે મૃત મંડળીમાં એવી કોઈ મુશ્કેલી પડતી નથી, કારણ કે એના એજ જૂના આગેવાનો વર્ષો સુધી ચોંટી રહે છે.

જીવીત મંડળી સુવાર્તા - મિશન કાર્યને માટે વધારે વાપરે છે, જ્યારે મૃત મંડળી પોતાને માટે જ વાપરે છે. બીલ્ડીંગના મેઈન્ટેનન્સ માટે જ ખર્ચે છે.

જીવીત મંડળીમાં આપનારા ઘણા હોય છે, જ્યારે મૃત મંડળીમાં "ટીપ" લેનારા ઘણા હોય છે.

જીવીત મંડળી વિશ્વાસથી દોરવાય છે, જ્યારે મૃત મંડળી દ્રષ્ટિથી દોરવાય છે.

જીવીત મંડળી શીખવામાં અને સેવામાં ઘણો પરિશ્રમ ઉઠાવે છે, જ્યારે મૃત મંડળી આરામ અને સગવડ શોધે છે.

તમારી મંડળી વિશે શું? જીવીત છે.

## ૫. એક સુવાર્તિકનો પ્રશ્ન

પિતા કોને મળવા માટે દોડે છે?
જગતના મહાન લોકોને?
ધાર્મિક ગણાતા લોકોને?
ધનવાન માણસોને -
પવિત્ર લોકોને -
વિદ્વાન માણસોને -
નિયમિત દેવળમાં જતા અને દાન આપતા લોકોને -
પવિત્ર આત્માનું બાપ્તીસ્મા પામેલાઓને -
સાજાપણુ આપતા અને ચમત્કારો કરતા લોકોને -
વધારે આત્મિક કૃપાદાનો જંખતા લોકોને -

ના - ના - પિતા દોડે છે એવા પાપીને ભેટવા જે માફી માગવાની તૈયારીમાં છે - "હે બાપ, મેં આકાશ સામે તથા તારી સામે પાપ કર્યું છે." લુક ૧૫;૧૮.

આત્મિક સામર્થ્ય પામવાનો અને ઈશ્વર તરફ પાછા ફરવાનો આજ માર્ગ છે. પસ્તાવો.

# ૬. ઘર

એક મેગેઝીનમાં ઘર - Home શબ્દનો અર્થ પુછવામાં આવ્યો હતો, તેના જવાબો આ પ્રમાણે મળ્યા હતા -

ઘર - Home એ છે જયાં -

જગતનું તંગ વાતાવરણ બહાર છે અને જગતનો પ્રેમ અંદર છે.

હોમ એવી જગ્યા છે જયાં નાનાઓ મોટા છે, અને મોટાઓ નાના છે.

ઘર એ પિતાનું સામ્રાજ્ય છે, માની દુનિયાં છે, અને બાળકોનું સ્વર્ગ છે.

ઘર - જયાં આપણે કચકચ બહુ કરીએ છીએ. છતાં આપણા પ્રત્યે ઉત્તમ વર્તન દાખવવામાં આવે છે.

ઘર - આપણી લાગણીઓનું કેન્દ્ર છે અને એ લાગણીઓની આજુ-બાજુ આપણું હૃદય વિંટાએલુ છે.

ઘર - જયાં આપણને રોજ ત્રણ ટંક જમવાનું મળે છે અને હૃદયને હજારો ટંક મળે છે.

ઘર - જયાં આપણી ભૂલો અને નિષ્ફળતાઓ ઢંકાએલી રહે છે.

કેન્ટરબરીના આર્ચ બીશપ ડૉ. વિલ્યમ ટેમ્પલ કહે છે :- "Work as if everything depends upon you; and pray as if everything depends upon God"

એવી રીતે કામ કરો કે જાણે બધો આધાર તમારા પર જ હોય; અને એવી રીતે પ્રાર્થના કરો કે જાણે બધો આધાર ઈશ્વર પર જ હોય.

# ૭. મોટા માણસની નાની વાતો

ઉત્તર અમેરિકામાં શિયાળાની એક રાત્રે ભોજન ખંડ લાઈટોથી ઝળહળી રહ્યો હતો. જમવાનું તૈયાર હતું. એક મહેમાન સિવાય બીજા બધા મહેમાનો આવી ગયા હતા અને જમવા તૈયાર હતા. બાકી રહેલા એક મહેમાન વિશે તપાસ કરતાં નોકરે કહ્યું, કે તેઓ આવી ગયા છે, અને જમતાં પહેલાં હાથ ધોવા માટે ઉપરના બાથરૂમમાં ગયા છે. આથી યજમાન તેઓને બોલાવવા માટે ઉપરની રૂમ તરફ ગયા. ઉપર જઈને જોયુ તો પેલા મહેમાન નાનાં નાનાં બાળકોના ટોળામાં વિંટળાઈને બેઠા હતાં. એક બાળક તેમના ખોળામાં બેઠુ હતું અને તેઓ ગીત ગાઈને બાળકો સાથે રમી રહ્યા હતા. જ્યારે આ મહેમાને જોયુ કે તેમના યજમાન તેમને બોલાવવા માટે રાહ જોઈને ઉભા છે ત્યારે તેઓ ત્યાંથી ઉભા થયા અને બાળકોની વિદાય લીધી.

યજમાને બાળકોને કહ્યું, બાળકો હવે એ મહેમાનને ગુડનાઈટ કહો અને કહો કે જનરલ જ્યોર્જ વોશીંગ્ટન, તમારો આભાર.

આમ બાળકોએ આવા મોટા, મહાન અને છતાં અતિ નમ્ર એવા જ્યોર્જ વોશીંગ્ટનનો આભાર માન્યો, જેઓ બાળકો સાથે રમવામાં અને ગાવામાં એટલા ખુશ અને મશગુલ બની ગયા હતા કે જમવાનું પણ ભુલી ગયા.

## ૮. હે ઈશ્વર પવિત્ર, સર્વ શક્ય સ્વામી

ભજન સંગ્રહ - ગીત - ૨

આ ગીતના લેખક બીશપ રેજિનોલ્ડ હીબર (૧૭૮૩-૧૮૨૬) ઓક્સફર્ડ કોલેજમાં વિદ્વાન અને ઉજવળ કારકિર્દી ધરાવતા હતા. ત્યાર પછી તેમણે એ કામ છોડીને થોડો વખત મુસાફરી કરવામાં ગાળ્યો. ત્યાર પછી તેમને ઈંગ્લેંડમાં બીશપ તરીકે દિક્ષા આપવામાં આવી, અને માત્ર ૪૦ વર્ષની ઉંમરે કલકતાના બીશપ તરીકે તેમની નિમણુંક થઈ. તે વખતે કલકતા મોટી ડાયોસીસ ગણાતી, જેમાં ભારત, સીલોન (શ્રીલંકા) અને ઓસ્ટ્રેલીયાનો સમાવેશ થતો હતો. થોડા વખતમાં જ તેઓ ખૂબ ખ્યાતી પામ્યા. પાળક તરીકે, ઉત્તમ ચારિત્ર્ય ધરાવનાર તરીકે અને કુશળ વહીવટકર્તા તરીકે ખ્યાતી પામ્યા, પરંતુ માત્ર ૪૩ વર્ષની ઉંમરે જ તેઓ મરણ પામ્યા.

સંત પૉલ કેથેડ્રલમાં એમની સ્મૃતિ રાખવામાં આવી છે અને એમને અતિ ધગશવાળા અને સહનશક્તિવાળા માણસ તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

ઘણા માણસોમાં ધગશ હોય છે પણ સહનશક્તિ હોતી નથી. ઘણામાં સહનશક્તિ હોય, પણ ધગશ હોતી નથી.

બીશપ રેજિનોલ્ડ હીબરમાં આ બંન્ને ગુણો હતા. મળસકુ થતાંમાં ઈશ્વરને સલામી આપતુ તેમનું આ ગીત કેટલુ અદ્‌ભુત છે.

# ૯. પ્રભુ મારૂ જીવન લે

ભ.સં. ગીત - ૩૨૮

આ પ્રખ્યાત ગીતની લેખીકા ફ્રાન્સીસ રીડલી હાવરગલ (૧૮૩૬-૭૯) પોતે એક લેખિકા, પીયાનો વગાડનાર (પીયાનીસ્ટ), મધુર કંઠે ગાનાર અને ઉત્તમ ખ્રિસ્તી જીવન જીવનાર બાઈ હતી. આ ગીતમાં જાણે તે પોતાનું સ્વાર્પણ કરે છે એવો ભાવ દર્શાવ્યો છે.

Take my voice and let me sing.
Take my hand.....
Take my feet.....

તેઓને મિશન ફિલ્ડમાં સેવાઓ આપવાની ઘણી ઈચ્છા હતી પણ એવી તક તેમને મળી નહિ. ત્યાર પછી એક દિવસે તેમને વિચાર આવ્યો અને તેમણે તેમના ઘરેણાનું બોક્સ બહાર કાઢ્યુ, જેમાં સોનાની વીંટીઓ, બ્રેસલેટ, હાર વિગેરે ઘરેણાં હતાં. તેઓ ભાગ્યેજ તેનો ઉપયોગ કરતાં હતાં. ત્યાં જ તેમણે નિર્ણય કર્યો અને એ બધાં ઘરેણાં પેક કરીને ચર્ચ મિશનરી સોસાયટીને મોકલી આપ્યાં અને કહ્યું કે આ ઘરેણાં વેચીને એનાં જે નાણાં આવે એ નાણાં પરદેશમાં ચાલતા મિશનરી કાર્ય માટે વાપરજો. આ નાનુ કામ લાગે, પણ તેમને પોતાને લાગ્યુ અને સંતોષ થયો કે જાણે હવે હું પોતે મિશનફિલ્ડમાં આ રીતે કામ કરી રહી છું.

ગીતમાંના તેમના આ શબ્દો કેટલા સાચા છે -

Take my Silver and my gold
not a mite would. I withhold
(અંગ્રેજીમાં ત્રીજો શ્લોક આ પ્રમાણે છે).

# ૧૦. મિશનરી મેસેજ

૧. જેમ્સ કેલ્વર્ટ જ્યારે પ્રથમ વખતે ફીજીના ટાપુઓમાં મિશનરી તરીકે જઈ રહ્યા હતા ત્યારે વારાણના કપ્તાને તેમને પાછા જવા સમજાવતાં કહ્યું કે ફીજીના ટાપુઓ પરના જંગલી લોકો મધ્યે તમે અને તમારા સાથીઓ તમારા જીવ ગુમાવશો, માટે પાછા વળી જાઓ. ત્યારે જેમ્સે જવાબમાં કહ્યુ કે અમે અહીં આવ્યા તે પહેલાંજ અમે મરી ગએલા છીએ, હવે અમને મોતનો જરા પણ ડર નથી.

સાચો મિશનરી જ્યારે લોકો મધ્યે જાય છે ત્યારે તે લોકો કરતાં ચઢિયાતો છે એવી ભાવનાથી જતો નથી, પણ એક ભીખારી બીજા ભીખારી પાસે જઈને કહે છે કે ખોરાક ક્યાં મળશે.

૨. બેપ્ટીસ્ટ મિશનરી અડોનીરામ જડસન ૧૭૮૮-૧૮૫૦ દરમિયાન બર્મામાં મિશનરી હતા. એમનાં પત્ની મીસીસ જડસન દરિયા કિનારે ઉભાં રહીને જતા વહાણને જોઈ રહ્યાં હતાં; જેમાં તેમનાં બાળકો બર્મા જઈ રહ્યાં હતાં. પોતાનાં આ વ્હાલાં બાળકોને ફરી કદી તેઓ મળી શકશે કે કેમ એવા વિચારથી તેમની આંખો ભીની બની હતી. જ્યારે વહાણ તેમની નજરથી અદ્રશ્ય થયુ ત્યારે ઘેર આવીને પોતાની રૂમમાં ઘુંટણે પડીને પ્રભુને પ્રાર્થના કરતાં તેમણે એટલુ જ કહ્યું, - "મારા પ્રભુ, આ બધુ હું તમારા માટે જ કરૂં છું."

૩. એક ઈંગ્લીંશ મિશનરી શિક્ષકે તેમના કાર્યની શરૂઆત વિષે આ વાત કહી હતી.

જ્યારે હું મિશનંરી તરીકે આફ્રિકાના એક નાના ગામમાં આવી, ત્યારે સ્કૂલના આગેવાનો અને બાળકો મને મળવા આવ્યાં. સાલ્વેશન આર્મીના એક શિક્ષક આગળ આવ્યા અને મને કહ્યુ, કે છેલ્લા દસ વર્ષથી અમે ઈશ્વરને પ્રાર્થના કરતા હતા કે પ્રભુ કોઈ ઈંગ્લીંશ શિક્ષકને અમારા ગામમાં મોકલે; અને આજે અમારી પ્રાર્થનાનો જવાબ અમને મળ્યો છે.

જ્યારે મેં આ વાત સાંભળી ત્યારે મેં મારૂ માથુ નમાવીને શાંતિથી પ્રભુને કહ્યુ, ઓ પ્રભુ, મને માફ કરો. દસ વર્ષ અગાઉ હું મિશનરી બનુ એ માટે તમે મારા હૃદય સાથે વાત કરી હતી, પરંતુ એક યા બીજા કારણે હું તમારા તેડાની અવગણના કરતી રહી. પ્રભુ મને માફ કરો.

૪. ગ્રાન્ટલેન્ડ રાઈસ નામનો અમેરિકાનો એક પ્રખ્યાત રમતવીર થઈ ગયો. તે લખે છે કે જ્યારે તમારા નામની આગળ તમારો સ્કોર લખવામાં આવે છે ત્યારે સ્કોર લખનાર તમારા નામની આગળ તમે કેટલી રમતો જીત્યા કે હાર્યા એ લખતો નથી, પણ તમે કેવી રીતે રમત રમ્યા એ લખે છે - અને એ અગત્યનું છે.

Not What you won or lost,

but how you played the game - This is important.

પાળકો - મિશનરીઓ, તમે તમારી સેવામાં કેટલી સફળતા મેળવી કે કેટલી નિષ્ફળતા પામ્યા - એ અગત્યનુ નથી, પણ તમે કેવી રીતે સેવા કરી એ અગત્યનું છે.

શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર.

# ૧૧. આ પ્રમાણે કરી જુઓ

સૌથી વધુ નુકશાન કરતો એક અક્ષર - I - હું.
તેને બાજુ પર રાખો.
સૌથી સંતોષ પમાડનાર બે અક્ષરો - We - અમે.
તેનો ઉપયોગ વધારો કરો.
સૌથી ઝેરી એવા ત્રણ અક્ષરો - Ego - અભિમાન.
તેને મારી નાખો.
સૌથી વધુ વપરાતા ચાર શબ્દો - Love - પ્રેમ.
તેની કદર કરો.
સૌથી વધુ ખુશ કરતાં પાંચ અક્ષરો - Smile - હાસ્ય.
તેનો વધુ ઉપયોગ કરો.
ઝડપથી ફેલાઈ જતા છ અક્ષરો - Rumour - અફવા.
તેની તરફ ધ્યાન ના આપો.
સૌથી ઉપયોગી સાત અક્ષરો - Success - સફળતા.
પ્રાપ્ત કરો.
સૌથી ખરાબ આઠ અક્ષરો - Jealousy - અદેખાઈ - ઈર્ષા.
તેને બાળી નાખો.
સૌથી સામર્થ્યવાન નવ અક્ષરો - Knowledge - જ્ઞાન.
પ્રાપ્ત કરો.
સૌથી વધુ જરૂરના દસ અક્ષરો - Confidence - આત્મવિશ્વાસ.
તેના ઉપર આધાર રાખો.
આપવાના ત્રણ પ્રકાર :-

૧. Grudge giving - કમને આપવું. કચકચ સાથે આપવું, આપવું પડે છે માટે આપવું.

૨. Duty giving - ફરજ છે માટે આપવું જોઈએ.

૩. Thanks giving - મારે આપવું છે, આભાર સાથે આપવું છે, રાજી ખુશીથી આપવું છે.

## ૧૨. શું બાળકને ચર્ચમાં કે સન્ડેસ્કૂલમાં જવા માબાપે દબાણ કરવું જોઈએ?

ઉપરોક્ત સવાલનો જવાબ હા કે ના બંન્નેમાં હોઈ શકે. આ સવાલનો જવાબ શોધવા નીચેના પ્રશ્નોનો જવાબ આપવા પ્રયત્ન કરો.

ધારો કે તમારૂ બાળક સોમવારે સવારે ચા પીતા પીતા કહે કે ડેડી, મમ્મી, હું આજથી નિશાળે જવાનો નથી, તો તમે શું કરશો? બાળકને શું કહેશો?

ધારો કે બીજી સવારે તમારૂ બાળક કહે આજથી આખુ અઠવાડિયુ હું નહાવાનો નથી કે કપડાં બદલવાનો નથી. તો તમે બાળકને શું કહેશો? ભલે બેટા, તારી મરજી પ્રમાણે કર, એમ કહેશો?

ધારો કે તમારૂ બાળક માંદુ છે અને એણે ડૉકટર પાસે નહિ જવાની અને દવા નહિ પીવાની હઠ લીધી છે, તો તમે એને શું કહેશો? તમારૂ બાળક પુખ્ત વયનું થાય અને આ બધી બાબતો વિષે સાચો નિર્ણય કરે ત્યાં સુધી બેસી રહેશો?

ધારો કે રવિવારે સવારે તમારૂ બાળક તમને કહે કે આજે હું ચર્ચમાં કે સન્ડેસ્કૂલમાં જવાનો નથી, તો તમે એને શું કહેશો? શું એ મોટો અને સમજણો થાય એની રાહ જોઈને બેસી રહેશો?

ધારો કે તમારૂ બાળક સખત ઠંડીમાં ગરમ સ્વેટર કે ટોપી પહેર્યા વગર બહાર રમવા જવા માગે છે, તો તમે એને રજા આપશો?

શું નિશાળે જવા માબાપ બાળકને સમજાવતાં નથી? રોજ ન્હાવા-ધોવા માટે માબાપ બાળકની કાળજી લેતાં નથી?

દવા પીવા માટે બાળક ઉપર દબાણ કરતાં નથી? ગરમ કપડાં પહેર્યા વિના ઠંડીમાં બહાર જવાની હઠ લઈને બેઠેલા બાળકને માબાપ પરાણે ગરમ કપડાં પહેરાવતાં નથી? તો પછી રવિવારે ચર્ચમાં કે સન્ડેસ્કૂલમાં જવા માટે માબાપ બાળક ઉપર દબાણ ન કરી શકે? સમજાવી ન શકે?

"હે ઈસ્રાએલ સાંભળ,...... આ જે વચનો આજે હું તને ફરમાવુ છું તે તારા અંતઃકરણમાં ઠસી રહે અને તે ખંતથી તું તારાં છોકરાંને શીખવ..... ને તે વિષે વાત કર." પુન. ૬;૪-૯.

# ૧૩. જ્યાં સુધી......ત્યાં સુધી

હેતુ વગરનું જીવન વાંઝણુ છે.

જ્યાં સુધી બી વાવવામાં આવે નહિ ત્યાં સુધી ત્યાં સુધી પાક લણી શકાતો નથી.

લક્ષ્ય-ધ્યેય સામે હોય જ નહિ, તો ત્યાં કદી પહોંચી શકાતુ નથી.

માણસમાં જો આત્મા ના હોય તો તે માત્ર "રોબોટ" છે. જો કિનારેથી વહાણ ઉપડે જ નહિ તો પાછાં કિનારે આવી શકતાં નથી.

જો હરીફાઈ હોય નહિ તો વિજેતા બની શકાય નહિ. જ્યાં સુધી રમત રમવામાં આવે નહિ ત્યાં સુધી રમત જીતી શકાય નહિ. જીતવા માટે રમત રમવી જરૂરી છે.

એમજ, જ્યાં સુધી પ્રાર્થના કરવામાં આવે નહિ ત્યાં સુધી એનો જવાબ મળી શકતો નથી.

જ્યાં સુધી માગવામાં આવે નહિ, ત્યાં સુધી મેળવવું અઘરૂ છે.

જ્યાં સુધી ચાલવાની શરૂઆત કરવામાં ન આવે ત્યાં સુધી ધારેલે મુકામે પહોંચી શકાય નહિ.

જ્યાં સુધી શરૂઆત કરી નથી, ત્યાં સુધી અંતની અપેક્ષા નકામી છે.

Prayers can not be answered unless they are prayed.

જુઓ-૧ કાળ ૧૬;૧૧, ૨ કાળ ૭;૧૪, ગી.શા ૧૪૫;૧૮, માત્થી ૬;૫, ૧૮;૧૯, રૂમી ૮;૨૬, ફિલીપી ૪;૬, એફેસી ૬;૧૮-૧૯

કેટલાક લોકો પ્રાર્થના કરતાં બાળકના જેવા છે, કે જે બાળકો કોઈનું બારણુ ઠોકે છે, અને બારણુ ઉઘાડવામાં આવે તે પહેલાં ત્યાંથી નાસી જાય છે.

## ૧૪. બાંધનાર કે તોડનાર

ગુજરાતી ભાષાના વ્યાકરણમાં બે અગત્યના શબ્દો છે. "સંધિ જોડો" અને "વિગ્રહ કરો."

બે શબ્દોને જોડવાનું કામ સંધિની ક્રિયા દ્વારા થાય છે, જ્યારે વિગ્રહ દ્વારા શબ્દને છૂટા પાડવામાં આવે છે. આપણે શું કરીએ છીએ? સંધિનું કામ કે વિગ્રહનું? સોય સાંધવાનું અને જોડવાનું કામ કરે છે, જ્યારે કાતર તોડવાનું ને છૂટા પાડવાનું કામ કરે છે. આપણે સોયનું કામ કરીએ છીએ કે કાતરનું? બાંધનાર છીએ કે તોડનાર?

આપણને નવાઈ લાગશે, પણ આપણા દરેકમાં બાંધવાની અને તોડવાની ભરપુર શક્તિ રહેલી છે.

અયોગ્ય શબ્દો બોલીને આપણે તોડવાનું કામ કરીએ છીએ, જ્યારે મીઠા-પ્રેમાળ શબ્દો દ્વારા સાંધવાનું કામ થાય છે.

મેડીકલ સાયન્સ પણ એ પૂરવાર કરે છે કે ખોટા અને અયોગ્ય બોલાએલા શબ્દો સાચા માણસની તંદુરસ્તી ઉપર ખરાબ અસર પાડે છે. કોઈને કહેલા સારા-પ્રેમાળ શબ્દો તેના ચારિત્ર્યને બાંધે છે અને તેનામાં હિંમત અને ઉત્તેજના જન્માવે છે.

એવું પણ શોધી કાઢવામાં આવ્યુ છે કે કેન્સરનો દર્દી, જેની બાહ્ય સ્થિતિ સારી અને આશાજનક લાગે છે, અને જેના શબ્દો આશાવાદી છે તેનામાં ઝડપી સુધારો દેખાયો છે.

નિતિવચન ૧૬;૨૪.

દુશ્મન (શેતાન) ચોરી કરવા, મારી નાખવા, તોડી પાડવા અને નાશ કરવા આવે છે. આપણે તેના કાર્યમાં મદદ કરનારા ના બનીએ.

આપણે તોડનાર નહિ, પણ બાંધનાર બનીએ.
વિગ્રહ કરનાર નહિ, પણ સંધિ કરનાર બનીએ.
કાતરનું નહિ, પણ સોયનું કામ કરીએ.

# ૧૫. શાની જરૂર છે?

જુવાનો મંડળીથી, મંડળીની પ્રવૃતિઓથી, ભજનસેવાથી દૂર થતા જાય છે તેનું કારણ શું?

ઘણી મંડળીઓએ આનો અભ્યાસ કર્યો છે. જુવાનો મંડળી પ્રત્યે આકર્ષાય અને રસ લેતા થાય માટે શું કરવું જોઈએ?

શું જુવાનો માટે વધુ પ્રોગ્રામોની જરૂર છે? વધુ મીટીંગોની જરૂર છે? નવા ઉપદેશકો અને શિક્ષકો લાવવાની જરૂર છે? શાની જરૂર છે?

આ વિષય પરત્વે જે અભ્યાસ કરવામાં આવ્યો છે અને સાહિત્ય તૈયાર કરવામાં આવ્યુ છે એના પરથી જે સત્ય તરી આવે છે તે એ કે જુવાનો ઉપર વધુ પ્રોગ્રામો, મીટીંગો, રેલીઓ, કોન્ફરન્સો, સેમીનારો, ભાષણો, જે અસર પાડે છે એના કરતાં વધુ મોટી અસર તેમના કુંટુંબોની પડે છે.

આ વિષયનો અભ્યાસ જણાવે છે કે જે કુંટુંબમાં માતા-પિતા બંન્ને પ્રભુ પ્રત્યે વિશ્વાસુ અને ધાર્મિક છે ત્યાં ૯૩ ટકાના જુવાનો મંડળી પ્રત્યે અને ઈશ્વર પ્રત્યે વિશ્વાસુ છે.

બીજી બાજુ જે કુટુંબમાંથી માતા કે પિતા બેમાંથી ફક્ત એકજ જણ વિશ્વાસુ અને ધાર્મિક છે તેવા કુટુંબોમાંથી ૭૩ ટકા જુવાનો મંડળીમાં રસ ધરાવે છે ને સક્રિય છે.

જે કુટુંબમાં માતા-પિતા માત્ર નોમીનલ ખ્રિસ્તી હતાં એવા કુટુંબમાંથી માત્ર ૫૩ ટકાના જુવાનો મંડળી અને ઈશ્વર સાથે સંબંધ રાખતા હતાં.

હવે ધ્રુજારી આવે એવો હેવાલ આપતાં આગળ જણાવવામાં આવ્યુ છે કે જે માતા-પિતા માત્ર વાર-તહેવારે જ - નાતાલ - નવા વર્ષે જ દેવળમાં જતાં હતાં અને એ સિવાય મંડળી સાથે તેમનો ખાસ કોઈ સંબંધ નહોતો એવા કુટુંબોમાંથી માત્ર ૬ ટકા જ જુવાનો મંડળીમાં રસ ધરાવતા હતા.

આ ઘટતી ટકાવારીની આપે નોંધ લીધી?

જુવાનોને શાની જરૂર છે? મીટીંગોની - પ્રોગ્રામોની? કે પછી કુટુંબમાં માતા-પિતાના સુધારાની? જુવાન વર્ગ મંડળીથી દૂર જતો હોય તો તેનું કારણ સમજાય છે?

# ૧૬. દુઃખમાં અને જુદાઈમાં

ડૉ. એફ બી માયરે પોતાના મરણ અગાઉ તેમની પત્નીને લખ્યું કે પ્રિય, મને લાગે છે કે હવે હું થોડા દિવસોનો મહેમાન છું. તને આ કાગળ મળશે તે પહેલાં કદાપી હું સ્વર્ગીય મહેલોમાં પ્રવેશ કરી લઈશ. મને કાગળ લખવાની કે જવાબ આપવાની તસ્દી લઈશ નહિ. "સવારે" આપણે મળીશું.

લંડનના ક્રાઈસ્ટ ચર્ચ કેથેડ્રલમાં ભવ્ય રીતે તેમની દફનવિધિ થઈ. ત્યાં જરા પણ દુઃખ કે શોકની લાગણીઓ દેખાતી નહોતી. ખ્રિસ્તી આશાનાં વચનો વાંચવામાં આવ્યાં અને ઈસ્ટરનાં ગીતો ગાવામાં આવ્યાં.

દફનવિધિને અંતે જ્યારે ઓરગન પરથી છેલ્લુ ગીત વાગતું હતુ ત્યારે આખી સભા ઉભી થઈ અને માથાં નમાવીને ઉભા રહ્યા. ત્યાર પછી યાત્રા શરૂ થઈ. ઓરગન પરથી હાલેલૂયા કોરસ ગાવામાં આવ્યું.

જીવનની નદી કુટુંબોને - વ્યક્તિઓને જુદાં પાડે છે, પણ જેઓ નદીની આ પાર છે તેઓ જાણે છે કે આ જુદાઈ થોડા વખતની છે. ૧ થેસ્સા. ૪;૧૬,૧૭.

ઈંગ્લાંડના પ્રસિધ્ધ નાટ્યકાર જ્યોર્જ બર્નાડ શોએ માર્મિક વ્યંગ કરતાં "જેન્ટલમેન" કોને કહેવાય એની વ્યાખ્યા આ પ્રમાણે કરી :- એમણે કહ્યુ, જે માણસ સમાજ પાસેથી જેટલુ લે એટલુ જ સમાજને પાછુ વાળી આપે તે સામાન્ય માણસ કહેવાય. જે માણસ સમાજ પાસેથી જેટલુ લે એનાથી વધુ આપીને સમાજનું ઋણ ચૂકવે તે વિશિષ્ટ પુરૂષ કહેવાય, અને જે સમાજ માટે આખી જીંદગી ખર્ચી નાખે અને બદલામાં સમાજ પાસેથી કશુ મેળવવાની ઈચ્છા રાખે નહિ તે જેન્ટલમેન કહેવાય.

આજનો જેન્ટલમેન તો સમાજને માત્ર લૂંટવાની કોશિષ કરે છે, ભૂલથી પણ આપવાનું વિચારતો નથી.

# ૧૭. એ તો હું છું.

એક વાર મોડી રાત્રે કામમાંથી પરવારીને રાણી વિક્ટોરિયા પોતાના મહેલે પાછા ફર્યા. તેમના શયનખંડનો દરવાજો અંદરથી બંધ હતો. તેમના પતિ અંદર આરામ કરી રહ્યા હતા. રાણીએ બહારથી દરવાજો ઠોક્યો એટલે અંદરથી અવાજ સંભળાયો, "કોણ છે?" રાણીએ જવાબ આપ્યો, રાણી વિક્ટોરિયા અંદરથી સામો જવાબ મળ્યો, હું કોઈ રાણી વિક્ટોરિયાને ઓળખતો નથી. થોડી વાર પસાર થયા પછી રાણીએ ફરી દરવાજો ખખડાવ્યો, અને ફરી અંદરથી સવાલ આવ્યો, કોણ? આ વખતે રાણીએ જવાબમાં કહ્યુ, "એ તો હું છું." અને તરત દરવાજો ખુલી ગયો.

મોડી રાત્રે દિકરો ઘેર આવે અને બારણુ ઠોકે ત્યારે અંદરથી માબાપ પુછે કે કોણ? અને દિકરો બહારથી બોલે - એ તો હું છું, અને માબાપ તરત એ "હુ છું" ઓળખી લે છે ને બારણુ ઉઘાડે છે.

એક અંધારી અને તોફાની રાતે ગાલીલના સમુદ્રમાં એક હોડી જઈ રહી હતી. શિષ્યો અર્ધનિદ્રામાં હતા. એવામાં તેમણે કોઈને સમુદ્ર પર ચાલતા જોયા. તેઓ આવનાર વ્યક્તિને ઓળખી શક્યા નહિ માટે ખૂબ ગભરાયા. ત્યારે તેઓનો ગભરાટ અને બીક જોઈને ઈસુએ તેઓને કહ્યુ, "એ તો હું છું." બી હો મા અને તરત તેઓએ ઈસુને ઓળખી લીધા અને તેમની બીક જતી રહી. માત્થી ૧૪;૨૭.

યહોવાહ દેવે મુસાને મિસરમાં મોકલતાં કહ્યુ, કે લોકો પુછે કે તને કોણે મોકલ્યો છે ત્યારે કહે જે કે "હું છું" એ મને મોકલ્યો છે. હું જે છું તે છું.

શું આપણે આ "હું છું" ને ઓળખી લીધા છે? દરવાજો ઉઘાડ્યો છે?

# ૧૮. સ્પર્શનો અનુભવ

જ્યારે પણ ક્વીન વિક્ટોરિયા થોડો વખત બાલમોરલમાં આવે ત્યારે રવિવારે જુદા જુદા પાળકો બાલમોરલના કિલ્લામાં ભજનસેવા ચલાવવા આવતા; અને ક્વીન એ ભજનસેવામાં ભાગ લેતાં. દરેક વખતે ક્વીન પાળકની કદર કરીને તેમની સહીવાળો તેમનો ફોટોગ્રાફ તેઓને ભેટમાં આપતાં.

એક વખતે જ્યોર્જ માથેસન નામના પાળક ભજનસેવા ચલાવવા આવ્યા હતા. તેઓ અંધ હતા. તેમણે સુંદર ગીતો લખ્યાં છે. હવે આ વખતે ક્વીન વિક્ટોરિયાને પ્રશ્ન થયો કે આ પાળકને શું ભેટ આપુ? ફોટોગ્રાફ તો તેમના કામનો નથી, કારણ કે તે જોઈ શકવાના નથી.

આથી ક્વીને ખૂબ મમતાથી પોતાનો હાથ એ પાળકના હાથમાં મૂક્યો અને તેમનો હાથ પકડ્યો. આ અંધ પાળક જોઈ શકવા સમર્થ નહોતા, પણ ક્વીનની આંગળીઓનો સ્પર્શ તે અનુભવી શક્યા, અને ધન્ય બન્યા. અંધ અને અપંગ માનવીઓ પ્રત્યેની રાણીની હમદર્દીનો આ નમૂનો છે.

આવા લોકોને આપણે મળીએ ત્યારે શું આવી હમદર્દીનો સ્પર્શ તેમને ના આપી શકીએ?

ઝાડ પરનું નોટીસ બોર્ડ :-

આમાં લખ્યુ હતું -

હું ઝાડ છું, અને તમે જેઓ મારી સામે હાથ ઉગામો છો તેઓ યાદ રાખો કે તમારી ઠંડી રાત્રીઓમાં ગરમી લાવનાર હું છું.

ઉનાળાની ગરમીમાં છાપરૂ બનીને - છાંયો બનીને ગરમીથી તમારૂ રક્ષણ કરૂ છું.

તમારા ઘરનો મોભ, વળીઓ, બારી બારણાં, તમારા ઘરનું ફરનીચર, જે તમે આરામથી વાપરો છો તે હું છું.

તમારી હોડી - વહાણનું લાકડુ છું. તમારા પારણાનું અને તમારી શબપેટીનું લાકડુ પણ હું જ છું. મને નુકશાન પહોંચાડશો નહિ.

# ૧૯. સર વૉલ્ટર સ્કોટ

કહેવાય છે કે વૉલ્ટર સ્કોટ જ્યારે નાનો છોકરો હતો ત્યારે ત્યારે તેના શિક્ષકો તેને ઠોઠ નિશાળીયામાં ગણતા. ઘણીવાર કલાસમાં તેને માથે ટોપી પહેરાવીને ખૂણામાં ઉભો રાખવામાં આવતો - શિક્ષારૂપે.

જ્યારે તે બાર વર્ષની ઉંમરનો થયો ત્યારે એક વખતે તેના માબાપને એક જગ્યાએ આમંત્રણમાં જવાનું હતું, જ્યાં અગાઉ પ્રખ્યાત કવિ રોબર્ટ બર્ન્સ રહેતા હતા. આ ઘરમાં દિવાલ ઉપર એક ચિત્ર લટકતુ હતું. કવિ બર્ન્સને આ ચિત્ર ઘણુ ગમતુ હતું. આ ચિત્ર નીચે એક વાક્ય લખવામાં આવ્યું હતું. કવિ બર્ન્સે પુછયુ, કે આ ચિત્ર દોરનાર ચિત્રકાર અને આ વાક્યનો લેખક કોણ હશે?

ત્યાં બેઠેલાઓમાંથી કોઈ તેનો જવાબ આપી શક્યા નહિ. ત્યારે વૉલ્ટર શરમાતો શરમાતો આગળ આવ્યો અને તેણે એ ચિત્રકારનું નામ જણાવ્યું  એટલું જ નહિ પણ એ કવિતાની બાકીની લીટીઓ પણ મોઢે બોલી ગયો.

કવિ બર્ન્સે તેની પીઠ થાબડી અને કહ્યુ, શાબાશ, એક દિવસે તું સ્કોટલેન્ડનો મહાન માણસ બનીશ.

કહેવાય છે કે બર્ન્સના આ શબ્દોથી વૉલ્ટરને એટલો આનંદ થયો - ઉત્તેજન મળ્યું કે તેણે સફળતા મેળવવા પોતાના પગ ઘસી નાખ્યા; અને અંતે સફળ થયો.

જો તે દિવસે કવિ બર્ન્સે તેની પીઠ થાબડી ના હોત અને ઉપરના શબ્દો કહ્યા ના હોત તો કદાપી સર વૉલ્ટર સ્કોટ જેવો મહાન માણસ જગતને મળ્યો ના હોત.

આપણે દરેક જણ મોટા કવિ કે લેખક ના બની શકીએ, પણ બીજાને ઉત્તેજન આપનારા તો બની શકીએ ને!

# ૨૦. જીવતા ખડક

ભ.સં. ગીત ૩૨૪

રમવાના પત્તા ઉપર કોઈ ગીત લખાયુ હોય એવુ તમે કદી સાંભળ્યુ છે? હા, એવું એક પ્રખ્યાત ગીત રમવાના પત્તા ઉપર પ્રથમ વખતે લખાયુ હતું.

વાત એમ છે કે આ ગીતના લેખક ઓગસ્ટસ ટોપ્લેડી એક વખતે મેન્ડીપ પર્વતોમાં એક તોફાનમાં ફસાઈ ગયા હતા. આજુ બાજુ કોઈ આશરો મળે તેની શોધમાં હતા પણ પાસે એવો કોઈ આશરો મળ્યો નહિ, પછી થોડે દુર તેમણે એક ખડકમાં પોલાણ, જોયુ. તેમાં પેસવાનો માર્ગ બહુ સાંકડો હતો, પણ બીજો રસ્તો નહોતો, તેથી તેમણે એ ખડકના પોલાણમાં આશરો લીધો.

જ્યારે તેઓ ખડકના પોલાણમાં - ગુફામાં બેઠા હતા, અને બહાર તોફાનના સુસવાટા સાંભળતા હતા ત્યારે તેમના મનમાં આ પ્રખ્યાત ગીતના શબ્દો સ્ફૂરવા લાગ્યા.

"Rock of Ages, cleft for me
Let me hide my self in thee"
"જીવતા ખડક, ખરી આડ મારા ઉપર છાયા પાડ."

જ્યારે આ શબ્દો તેમના મનમાં ઉઠવા લાગ્યા ત્યારે આજુ બાજુ કશું લખવાનું મળે તેની શોધ કરવા લાગ્યા; જેથી જલ્દી લખી લેવાય, અને ભૂલી જવાય નહિ. પરંતુ આ ખડકમાં તેમને કોઈ કાગળ કે કશુ મળ્યુ નહિ. એવામાં કોઈએ ફેંકી દીધેલો રમવાના પત્તાનો ટુકડો તેમની નજરે પડ્યો. તેમણે એ ઉઠાવી લીધો અને એ જૂના અને રદ્દી થઈ ગએલા પત્તાના ટુકડા ઉપર ઉપરોક્ત ગીતના શબ્દો પહેલીવાર લખાયા.

પત્તાનો એ ટુકડો અને ગીત બન્ને જગતભરમાં પ્રખ્યાત બની ગયાં, અને ખ્રિસ્તી મંડળીનો અમૂલ્ય ખજાનો બની રહ્યાં.

# ૨૧. દસની સંખ્યા

બાઈબલમાં દસની સંખ્યા એ કસોટીઓ તથા દુઃખો દ્વારા સંપાદન થએલી પરિપકવતા બતાવે છે.

ઈશ્વરે મુસાને આપેલી આજ્ઞા પ્રમાણે મુલાકાત મંડપમાં દરેક પાટીઆની લંબાઈ દસ હાથ હતી.

ઉત્પત્તિમાં યાકુબને તેના સસરાને ત્યાં કસોટીનાં દસ વર્ષમાંથી પસાર થવું પડ્યુ અને તેમાંથી તે જયવંત બનીને બહાર આવ્યો.

અયુબની કસોટી કરવામાં આવી ત્યારે તેની સ્ત્રીએ દસ કડવા શબ્દોમાં તેને પહેણાં માર્યા અને ઠપકો આપ્યો.

અયુબને દસ વખત ઠપકો આપવામાં આવ્યો. ૯ વખત તેના મિત્રોએ આપ્યો અને એક વખત ઈશ્વરે પોતે આપ્યો. આ બધા દ્વારા અયુબ કસોટીઓમાંથી પરિપક્વ થઈને બહાર આવ્યો.

ગણના ૧૪;૨૨-૨૩ માં એવા માણસો વિષે મળે છે, જેઓને દસ વખત તક આપવામાં આવી, પણ તેઓએ ઉપયોગ કર્યો નહિ એને નિષ્ફળ ગયા.

જોન વેસ્લી ૧૮મી સદીના પ્રખ્યાત સુવાર્તિક હતા અને જવાબ આપવામાં ત્વરીત હતા.

એક દિવસે તેઓ એક સાંકડા પુલ પરથી પસાર થઈ રહ્યા હતા; ત્યારે સામેથી તેમનો એક વિરોધી માણસ આવતો હતો. આ માણસે બુમ પાડીને વેસ્લીને કહ્યુ, કે એક બાજુ હઠી જા, મુર્ખાઓ માટે હું રસ્તો આપતો નથી.

વેસ્લી એક બાજુ ઉભા રહી ગયા. અને પેલા માણસને કહ્યુ, પણ હું મુર્ખાઓને હમેશાં રસ્તો આપુ છું. તમે જઈ શકો છો.

# ૨૨. સોનેરી નિયમો

બંકીમહામ પેલેસની લાયબ્રેરીમાં રાજા પાંચમા જયોર્જે છ સોનેરી નિયમો લખી રાખ્યા હતા.

૧. રમતના નિયમોમાં મને આજ્ઞાકિંત બનતાં શીખવો.

૨. Sentiment and Sentimentality વચ્ચેનો ફરક સમજવા મદદ કરો. એકની તરફ કુણુ વલણ. અને બીજાની તરફ કડક વલણ એ બે વચ્ચેનો ભેદ સમજવામાં મદદ કરો.

૩. સસ્તી લોકપ્રિયતા ના મેળવુ માટે મને શીખવો.

૪. જો મારે મુશ્કેલીઓ કે દુઃખ વેઠવાનું આવે તો હલવાનની જેમ શાંત રહીને સહન કરતાં શીખવો.

૫. જો જીત મેળવી શકુ તો મને જીતતાં શીખવો, અને જો જીત ના મેળવી શકુ તો સારા માણસની માફક હારતાં શીખુ.

૬. મને શીખવો કે ચંદ્ર મેળવવા માટે અથવા ઢોળાઈ ગએલા દુધ માટે હું રડુ નહિ.

# ૨૩. માનવી શરીર

માણસના શરીરમાં સામાન્ય રીતે ૨૦ ચો.ફુટ ચામડી હોય છે.

૫ મીલીયન વાળ હોય છે. ૬૫૦ સ્નાયુઓ હોય છે, ૨૦૬ હાડકાં હોય છે. ૧૦૦ સાંધાઓ હોય છે. ૬૦,૦૦૦ માઈલ લાંબી થાય એટલી નસો - નળીઓ હોય છે. ૧૩૦૦૦ મીલીયન નર્વ સેલ્સ હોય છે.

આપણા લોહીમાં લગભગ ૨ મીલીયન રક્તકણો હોય છે, જે ઓક્સિજન ટીસ્યુને પહોચાડે છે, અને ૩૦૦૦ મીલીયન શ્વેતકણો હોય છે જે રોગ સામે લડે છે.

કેવી અજાયબ રીતે મને ઘડવામાં આવ્યો છે.

ગીતશાસ્ત્ર ૧૩૯.

# ૨૪. કમાણીના પૈસા

સ્ટેશન ઉપર ગાડીની રાહ જોઈને ઉભેલી એક ધનાઢ્ય મહિલાએ, સાદા વસ્ત્રોમાં એક બાજુમાં ઉભેલા એક માણસને કુલી માનીને બુમ પાડી પેલો માણસ આ મહિલા પાસે આવીને ઉભો રહ્યો. મહિલાએ તેને કહ્યુ, જો રસ્તાની બાજુએ આવેલી હોટલમાં મારા પતિ બેઠા છે તેમને આ ચીઠ્ઠી આપી આવ. અને પાછો આવીને મને જાણ કરજે કે તેં યોગ્ય માણસને જ ચીઠ્ઠી આપી છે. આ કામના બદલામાં હું તને પૈસા આપીશ. આમ કહીને ચીઠ્ઠી આપી અને થોડા પૈસા પણ આપ્યા. પેલા કુલીએ પૈસા લઈ લીધા અને ચીઠ્ઠી જઈને પેલી મહિલાના પતિને આપી દીધી. પાછો આવીને મહિલાને જાણ કરી અને ફરી પાછો એક બાજુ જઈને ઉભો રહ્યો.

એટલામાં ગાડી આવી. ગાડીમાંથી ઉતરેલા શહેરના અગ્રગણીઓ અને મહાનુભવો પેલા એક બાજુ ઉભેલા "કુલી" ને જોઈને નમી નમીને સલામો કરતા હતા. આવા સાદા વસ્ત્રોમાં ઉભેલા સામાન્ય કુલીને આટલું બધું માન મળતું જોઈને પેલી મહિલાને આશ્ચર્ય થયું. તપાસ કરતાં ખબર પડી કે જેમને તેણે કુલી માની લીધા હતા તે તો બીજા કોઈ નહિ, પણ રશિયાના સુખી ઉમરાવોમાંના એક લીયો ટોલસ્ટોય હતા. જ્યારે મહિલાને આ વ્યક્તિની ઓળખ થઈ, તેમના નામની જાણ થઈ ત્યારે શરમાતી શરમાતી તેમની પાસે ગઈ અને દુઃખ વ્યક્ત કરતાં બોલી, મને માફ કરો, હું આપને ઓળખી શકી નહિ. અને મેં તમને આપેલા પૈસા પાછા આપો, કેમકે એ તો તમારૂ અપમાન ગણાય.

ટોલસ્ટોયે કહ્યુ, ના, એ તો મારી કમાણીના પૈસા છે, એ તમને પાછા નહિ આપુ. મને વારસામાં મળેલી અઢળક સંપતિ કરતાંય એ મારે મન મુલ્યવાન છે.

## ૨૫. આવો, નમીએ તેને પાય

કોપન હેગનના એક કેથેડ્રલમાં ઈસુનું એક મોટું પુતળુ છે. બર્ટેલ એ થોરવાલ્ડસેન નામના શિલ્પીએ એ બનાવ્યુ હતું. એના જમાનાનો એક કુશળ શિલ્પી હતો. ઈસુના આ પુતળામાં તેના બન્ને હાથ પહોળા કરેલા છે અને આમંત્રણ આપે છે, કે "ઓ વૈતરૂ કરનારાઓ તથા ભારથી લદાએલાઓ, તમે સઘળા મારી પાસે આવો, હું તમને આરામ આપીશ."

અજાયબ શિલ્પ છે, પણ તેની સૌથી મોટી અજાયબી તો એ છે કે જો તમે એ પુતળાના પગ આગળ નમીને જુઓ તો જ તમે આખુ પુતળુ જોઈ શકો, અને ખાસ કરીને તેનો ચહેરો. તેનો ચહેરો જોવા માટે તમારે તેની આગળ નમવું જ પડે, કેટલી સાચી વાત છે.

# ૨૬. સર્જનનો મૃદુ સ્પર્શ

ઘણાં વર્ષોની સેવા બાદ એક સર્જન નિવૃત થયા. તેમના માનમાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જુદા જુદા લોકોએ તેમનાં વખાણ કર્યા, તેમના હાથની કુશળતાને બીરદાવી.

સર્જનનો વારો આવતાં તેમણે કહ્યુ, તમે મારા હાથની કુશળતાનાં વખાણ કર્યા, પણ હાથ ઉપર મગજનો કંટ્રોલ છે. પરંતુ હાથ અને મગજ ઉપરાંત હૃદયમાંથી જે મૃદુ સ્પર્શની લાગણી ઉદ્ભવે છે તે વધારે અગત્યની છે. આ સ્પર્શ દર્દીને વધારે આરામ આપે છે.

હાથ-મગજ અને હૃદય, આ ત્રણેમાં હૃદયનો ભાગ અગત્યનો છે. હૃદય આત્માનો ભાગ ભજવે છે.

એક મેડીકલ જર્નલમાં લખ્યું હતું કે કેટલાંક ભાંગી ગએલાં હાડકાંને જો યોગ્ય રીતે જોડવામાં આવે તો ફ્રેકચર અગાઉ તે હતાં એના કરતાં વધારે મજબુત બને છે.

હાડકાં માટે આ જેટલુ સાચું છે, એટલું જ તુટેલા સંબંધો વિષે પણ કહી શકાય.

# ૨૭. ખજુરીનું ઝાડ

બીજા કોઈ પણ ઝાડ કરતાં ખજુરીનું ઝાડ એકલું જ એવું છે જે સૌથી વધારે આપે છે અને સૌથી ઓછું લે છે. દુનિયાના કેટલાક ભાગ એવા છે જયાં જો ખજુરીનાં ઝાડ ના હોય તો લોકો રહી જ ના શકે. કારણ કે ત્યાં ના લોકો ખજુરીના ઝાડમાંથી ખોરાક મેળવે છે, પાણી મેળવે છે, વસ્ત્રો મેળવે છે, ઘર-છાપરૂ પણ એમાંથી જ બતાવે છે. તેમના જીવનનો મોટો આધાર ખજુરીના ઝાડ ઉપર છે.

એક પ્રખ્યાત ઈતિહાસકાર ઈસુના જમાનામાં ખજુરીના ઝાડના ૩૬૦ ઉપયોગ ગણાવે છે.

દા.ત. ખજુરીના ઝાડમાંથી તેલ મળે છે, ખોરાક મળે છે, ઘરનું છાપરૂ થાય છે, પંખા તરીકે પણ તેના પાનનો ઉપયોગ થાય છે, ટોપલીઓ બતાવાય છે, એમાંથી તીરકામઠાં બનાવાય છે. બટન બનાવાય છે, સફાઈ માટે ઝાડુ બને છે, બળતણ તરીકે પણ તેનાં લાકડાં વપરાય છે - વિગેરે વિગેરે.

ખજુરીનું ઝાડ માણસને ઘણુ આપે છે, પણ પોતાને માટે ઘણુ ઓછું લે છે. બીજા ઝાડની માફક ખજુરીના ઝાડને ખાતર-પાણી આપવું પડતુ નથી, સુકી અને રેતાળ જમીનમાં પણ ઉગે છે, દરિયામાં જયારે કોઈ નવો ટાપુ નીકળી આવે છે, ત્યારે આવા ટાપુ પર જે પહેલું ઝાડ ઉગે છે તે ખજુરીનું ઝાડ હોય છે.

શું એ યોગ્ય નહોતું કે યરૂશાલેમમાં ઈસુનો આવકાર આવા ઝાડની ડાળીઓ દ્વારા થાય? શું એ યોગ્ય નથી કે દેવળો આવા ઝાડની ડાળીઓથી શણગારાય!

ઈસુ ખ્રિસ્તે પણ ખજુરીના ઝાડની માફક બહુ ઓછું લીધું છે - મેળવ્યું છે, જયારે ઘણું વધારે બીજાઓને આપ્યું છે.

# ૨૮. તેણે મને બદલી નાખી

પ્રભુ ઈસુના દુઃખ સહનને લગતું એક નાટક ભજવાઈ રહ્યું હતું. વધસ્તંભના દ્રશ્યમાં આ નાટકની પરાકાષ્ઠા બતાવવામાં આવી હતી.

આ નાટકના એક દ્રશ્યમાં પડદા પાછળથી ત્રણ મરિયમ બહાર આવે છે, અને રોમન સૈનિકની સામે ઉભી રહે છે.

પ્રથમ ઈસુની મા મરિયમ આવે છે, અને રોમન સુબેદારને વિનંતી કરે છે કે મને મારા દીકરાની છેલ્લી સેવા કરી લેવા દે, પણ રોમન સુબેદાર તેને ધક્કો મારીને કાઢી મુકે છે.

ત્યાર પછી બીજી, કલીઓપાસની પત્ની મરિયમ આગળ આવીને સુબેદારને વિનંતી કરે છે, મને ઈસુની સેવા કરવા દો. તેને પણ સુબેદારે પાછી ધકેલી દીધી.

ત્યાર પછી ત્રીજી, મરિયમ માગદાલેણ આગળ આવી. તેના વાળ છૂટા રાખેલા હતા, તેણી આગળ આવીને સુબેદારની આંખમાં આંખ પરોવીને બોલી.

મારસેલીયસ, મને ઓળખી? શું તેં કદી મારી આ આંખો જોઈ હતી? શું તેં મારા આ સોનેરી વાળ કદી જોયા હતા અને તેમાં હાથ ફેરવ્યા હોય એવું તને યાદ છે? પછી તેણે પોતાનું વસ્ત્ર જરા ઉચું કર્યું અને પગ લાંબો કરીને બોલી, શું આવા પગો કદી તારી આગળ નાચ્યા હતા?

સુબેદાર મારસેલીયસના ચહેરા પર આશ્ચર્ય ફેલાયું અને તેણે આ સ્ત્રીને ઓળખી કાઢી અને બોલ્યો, - અરે, મરિયમ, તું કેવી રીતે બદલાઇ ગઈ? મરિયમે પોતાનું મ્હોં વધસ્તંભ ભણી ફેરવ્યું અને બોલી, હા, મારસેલીયસ, હું બદલાઈ ગઈ છું. વધસ્તંભ તરફ આંગળી કરીને બોલી, - તેણે મને બદલી નાખી છે, મારૂ બદલાણ કર્યું છે. હવે હું જુની મરિયમ નથી, પણ બદલાણ પામેલી મરિયમ છું, અને ફક્ત મને જ નહિ, પણ ઘણાને તેણે બદલી નાખ્યા છે.

મિત્ર, તમારા વિષે શું?

# ૨૯. સુખી માણસ

એક ઈરાની વાર્તા આ પ્રમાણે છે.

એક મહારાજાને કોઈ વાતે ચેન પડતુ નહોતું. આથી તેણે જ્યોતિષીની સલાહ લીધી. જ્યોતિષીએ સલાહ આપી કે આપ કોઈ પૂર્ણ સુખી માણસનું ખમીશ પહેરો તો આપનું અસુખ મટી જશે. પછી રાજાએ હૂકમ કર્યો કે આખા રાજ્યમાં તપાસ કરો અને પૂર્ણ સુખી માણસને મારી પાસે લાવો. આખા રાજ્યમાં શોધ ચાલી, શ્રીમંતોમાં અને રાજવંશીઓમાં શોધ કરી, પણ કોઈ એવી સુખી વ્યક્તિ મળી નહિ. અંતે એક ગરીબ મજુર જેવો માણસ મળી આવ્યો જે પૂર્ણ સુખી લાગતો હતો. આ માણસને રાજાની હજુરમાં લાવવામાં આવ્યો. રાજાએ તેની પાસે તેના ખમીશની માગણી કરી અને બદલામાં ખૂબ ધન-દોલત આપવાનું કહ્યું. પણ અફસોસ રાજાને નિરાશ થવુ પડ્યુ કારણ કે આ ગરીબ મજુર પાસે ખમીસ જ નહોતું.

સુખની વ્યાખ્યા શી? કોને સુખી કહી શકાય? ઝર્કસીસ નામના રાજા પાસે પ્રચંડ સૈન્ય હતું, અપાર દ્રવ્ય ભંડાર હતો, છતાં તે સુખી અને સંતોષી નહોતો. આથી મોજશોખનાં નવાં સાધનો શોધી આપનારને તેણે ઈનામ આપવાની જાહેરાત કરી હતી.

બીજા એક મહારાજાએ કહ્યુ કે મારી ૫૦ વર્ષની કારકિર્દીમાં ચૌદ દિવસ કરતાં વધારે સમય મેં સુખ ભોગવ્યુ નથી.

સમ્રાટ નીરો બાદશાહ વિલાસોથી ભરેલા રાજભવનમાં એક કંગાળ કેદી જેવો હતો. જ્યારે સંત પાઉલ જે જેલમાં હતો છતાં લખે છે કે "મારી પાસે સર્વ વાનાં છે, મને કશાની અછત નથી."

ગેટ નામના એક માણસ પાસે ધન અને બુધ્ધિ બન્ને હોવા છતાં તે કહે છે કે મેં મારા સમગ્ર જીવનમાં પાંચ અઠવાડિયાં પણ સુખ ભોગવ્યું નથી.

કોઈએ ખરૂ કહ્યુ છે કે, "દુનિયા તેના ધનવાન માણસોથી જેટલી ધનવાન બની છે, તેના કરતાં તેના ગરીબ સંતોથી વધારે ધનવાન બની છે."

## ૩૦. રાહ જોશો નહિ.

જ્યારે હું મરણની નદી ઓળંગીને પેલે પાર જાઉં ત્યારે તમે રડશો નહિ, અને દુઃખી થશો નહિ.

બજારમાં જઈને મોંઘા ફૂલો અને ફૂલોની ચાદર ખરીદી લાવશો નહિ.

લોકોને કહેશો નહિ કે હું "સંત" હતો. અને મારાં વખાણ કરીને મને છાપરે ચઢાવશો નહિ.

જો ખરેખર તમારી ઈચ્છા મને ફૂલો આપવાની હોય, તો જ્યારે હજુ હું જીવું છું ત્યારે જ મારા કોટના બટનમાં ફૂલો પરોવી દો. મારા ગયા પછી તમે ગમે તેટલાં મોંઘા ગુલાબનાં ફૂલો મારા શબ પર મુકશો તો એથી મને કશો ફેર પડવાનો નથી.

જો તમને ખરેખર મારા માટે લાગણી હોય અને મારી સાથે બેસીને રડવા માગતા હો તો હું જીવું છુ ત્યારે રડો.

જો તમે કોઈ બાબતે મારાં વખાણ કરવા માગતા હો તો મારા કાન સાંભળતા બંધ થઈ જાય તે પહેલાં જ કરો. અથવા મારી નબળાઈની ટીકા કરવા માગતા હો તો અત્યારે - જ્યારે હું જીવું છુ ત્યારે જ કરો, મારા મરણ પછી મારી પાછળ કશું બોલશો નહિ.

રાહ જોશો નહિ, અત્યારે - આજે જ્યારે હું જીવું છું ત્યારે જ, હું મરણ પામુ ત્યાં સુધી રાહ જોશો નહિ.

•

આંખથી પોતાની આસપાસની આખી આલમને નિહાળતો માનવી એજ આંખથી પોતાના અંતરમાં જુએ તો? આસપાસના લોકોનાં છીદ્રો ખોલીને જોતો માનવી પોતાના જ હૃદયમાં રહેલાં છીદ્રો અને ક્ષતિઓ પારખે તો? માનવી પોતાની આંખે પોતાને જુએ તો ઘણું બધુ સમજી શકે - જોઈ શકે.

## ભાગ - ૨
## ધન્યતાઓ

ત્યારે ઘણા લોકને જોઈને તે પહાડ પર ચઢી ગયો; અને તેના બેઠા પછી તેના શિષ્યો તેની પાસે આવ્યા. અને તેણે પોતાનું મ્હોં ઉઘાડીને તેઓને ઉપદેશ કરતાં કહ્યું, કે -

આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે.

જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ દિલાસો પામશે.

જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ પૃથ્વીનું વતન પામશે.

જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે કેમકે તેઓ ધરાશે.

દયાળુઓને ધન્ય છે; કેમકે તેઓ દયા પામશે. મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ દેવને જોશે.

સલાહ કરાવનારાઓને ધન્ય છે, કેમકે તેઓ દેવના દિકરા કહેવાશે.

ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે, તેઓને ધન્ય છે; કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે.

માત્થી ૫; ૧-૧૦.

## પ્રસ્તાવના

માત્થી અધ્યાય ૫-૭ ને "પહાડ પરનું ભાષણ" એ નામ સંત ઓગસ્ટીને આપ્યું હતું. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે ઈસુ ખ્રિસ્તના આખા શિક્ષણનો સાર પહાડ પરના ભાષણમાં છે, કેટલાક માને છે કે આ શિક્ષણ કઠણ છે અને જીવનમાં ઉતારવું અઘરૂ છે. આ તો નૈતિક જીવનના નિયમો છે. આપણે શું કરવું જોઈએ એ નહિ, આપણે કેવા થવું જોઈએ એ વાત પર આ ભાષણ ભાર મુકે છે. પ્રોફેસર વિલ્યમ મેન્સન લખે છે કે આ નૈતિક ફરજો જીવનમાં ઉતારવી અઘરી લાગે, છતાં ઈશ્વરની કૃપાથી રોજ રોજ તેને પહોંચવા પ્રયત્નો કરવાના છે.

યહૂદી રાબીઓની રીત પ્રમાણે ઈસુ બેસીને ઉપદેશ આપે છે - "તેના બેઠા પછી".

ધન્ય છે - Blessed - આ શબ્દ ધન્યતાઓમાં વારંવાર વપરાયો છે. ગ્રીકમાં "મકારીઓસ" શબ્દ છે, જેનો અર્થ "દૈવી કે ઈશ્વરના જેવો આનંદ" થાય છે. સુખી, સુભાગ્ય, આનંદી વિગેરે તરજૂમા પણ થયા છે. કયા માણસો સુખી છે, ધન્ય છે. આનંદી છે, સુભાગ્ય છે એ ધન્યતાઓમાં બતાવ્યુ છે.

ટેકસાસના એક કરોડપતિએ કહ્યુ કે હું ધારતો હતો કે મારા ધન દ્વારા હું જગતનો આનંદ ખરીદી શકું છું, પણ મારી એ ધારણા ખોટી હતી. સિનેમાની એક અભિનેત્રીએ કહ્યુ કે મારી પાસે ધન, સૌંદર્ય અને ખ્યાતિ છે તેથી સંસારની સૌથી સુખી યુવતી મારે હોવું જોઈએ, પરંતુ હું અત્યંત દુઃખી અને નિરાશ થએલી સ્ત્રી છું.

એક માણસે માનસશાસ્ત્રી પાસે જઈને કહ્યુ કે સાહેબ, હું નિરાશ અને એકલો અટુલો થઈ ગયો છું, મારૂ હાસ્ય અદ્રશ્ય થઈ ગયુ છે, મારી મદદ કરો. માનસશાસ્ત્રીએ તેને સરકસના જોકર પાસે જવાની સલાહ આપી અને કહ્યું કે જોકર નિરાશ અને દુઃખી માણસોને હસાવી શકે છે. પેલા માણસે કહ્યુ, સાહેબ, હું જ એ સરકસનો જોકર છું.

ફ્રાન્સના એક નેતાએ કહ્યુ હતુ કે જો સંસારમાં લોકો પાસે પુરતુ ખાવાનું હોય, પૈસા હોય અને મૃત્યુ સામે ઝઝુમવાની શક્તિ હોય, તો તેને કશાની જરૂર રહેતી નથી. શું આ સત્ય છે?

ઉપરના દાખલાઓ ઉપરથી જોઈ શકીએ છીએ કે ધન-દોલત, મોટર ગાડી, બંગલા અને બધાથી માણસને જીવનનો ખરો આનંદ પ્રાપ્ત થતો નથી. માણસ બહારથી ગમે તેટલો સમૃધ્ધ દેખાતો હોય, છતાં આંતરિક જીવનમાં ઉંડે ઉંડે તે અસંતોષી અને દુઃખી જીવ છે.

ધન્યતાઓમાં પ્રભુ ઈસુ સાચા સુખની ચાવી બતાવે છે. ધન્ય છે તેઓને, સુખી છે તેઓ, આનંદી છે તેઓ કે જેઓ.....

# ૧. પહેલી ધન્યતા

"આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે, કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે."

આ સમજવુ મુશ્કેલ લાગે છે. રાંક અને ગરીબ કેવી રીતે ધન્ય હોઈ શકે! શું ઈશ્વર એમ ચાહે છે કે બધા જ લોકો ગરીબ બની જાય! ના પણ આ શબ્દની પાછળ ગૂઢ અર્થ રહેલો છે. ગરીબ હોવું એ કોઈ વખતે આર્શીવાદીત બને છે, પણ અહીં જે અરામાઈક શબ્દ વપરાયો છે તેમાં ચાર અર્થ સમાએલા છે. -

૧. સાધારણ રીતે ગરીબ, પૈસા અને સગવડ વગરનો.

૨. ગરીબ હોઈને જેને કોઈ લાગવગ નથી, કોઈ મદદ કરનાર નથી એવા માણસની સ્થિતિ.

૩. લાગવગ નહિ હોવાથી બીજા માણસોથી દબાએલો અને તરછોડાએલો માણસ.

૪. લાગવગ નહિ હોવાથી, દબાએલો હોવાથી જે માણસ ઈશ્વર પર જ આધાર રાખે છે તે.

આ રીતે અહીં રાંક કે ગરીબ નો અર્થ એ છે કે જે માણસ કેવળ ઈશ્વર પર જ આધાર રાખે છે તેવો માણસ.

ગીતશાસ્ત્રમાં આવા માણસનો ઉલ્લેખ ઘણીવાર મળે છે. "હે પ્રભુ, મારૂં સાંભળ અને મને બધી મુશ્કેલીમાંથી ઉગાર." ગીતશાસ્ત્રમાં બતાવાએલા દીન અને ગરીબ એ છે, જેઓ પાસે પૃથ્વી પર પુરતાં સાધનો નથી અને તેથી તેઓ ઈશ્વર પર બધો આધાર રાખે છે - સંપૂર્ણ ભરોસો રાખે છે. આવા લોકોને ધન્ય છે.

બીજો અર્થ એ કરી શકાય કે જેઓ આત્મામાં રાંક છે - મતલબ કે આત્મિક રીતે જેઓને પોતાની ગરીબાઈનું ભાન છે તેઓને ધન્ય છે. જેને પોતાની જરૂરિયાતનું ભાન ના હોય એના જેવો કરૂણ બીજો કોઈ નથી. જેને પોતાને થએલા રોગનું ભાન નથી તેના જેવો કમ- નસીબ

બીજો નથી. એવી જ રીતે જેને પોતાની આત્મિક સ્થિતિનું ભાન નથી એ માણસ પણ લાચાર છે. પણ જેને પોતાની આત્મિક સ્થિતિનું ભાન છે તેને ધન્ય છે.

આ અર્થમાં આ ધન્યતા આ પ્રમાણે મુકી શકાય.

જે માણસ પોતાની આત્મિક સ્થિતિ વિષે, પોતાની આત્મિક ગરીબાઈ વિષે જાગૃત છે અને તેથી જે ઈશ્વર પર જ સંપૂર્ણ ભરોસો એ આધાર રાખે છે તેને ધન્ય છે, કેમકે તે આકાશના રાજ્યનો નાગરિક બનશે.

આપણો ભરોસો ઈશ્વર પર છે કે આ દુનિયાની બાબતો પર છે? આત્મિક અભિમાન અને સારા અને ધાર્મિક હોવાનો ગર્વ એને વ્યર્થ છે; કેમકે આપણાં પૂણ્યકર્મો તો મેલા ચીંથરા જેવાં છે.

જે માણસ આત્મામાં રાંક છે, જેને પોતાના રાંકપણાનું ભાન છે તે સુખી છે, કેમકે આકાશનું રાજ્ય તેનું છે - તેજ આકાશના રાજ્યમાં પ્રવેશ પામી શકશે.

# ૨. બીજી ધન્યતા

"જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે કેમકે તેઓ દિલાસો પામશે."

આરબ ભાષામાં કહેવત છે કે "જયાં સતત સૂર્યની ગરમી પડે છે ત્યાં કશું પાકતું નથી." સતત સૂર્યની ગરમી જમીનને રણ બનાવે છે, પાકને માટે - ફળને માટે પાણીની-વરસાદની જરૂર છે. આંસુ એ પણ એક જાતનું પાણી છે, અને આ આંસુ કેટલાંક ફળ ઉપજાવે છે. જયાં સુધી બધુ બરાબર ચાલતુ હોય ત્યાં સુધી નવી દ્રષ્ટિ જડતી નથી, પણ જયારે દુઃખના અને આંસુ સારવાના પ્રસંગો આવે છે.ત્યારે માણસ નવી દ્રષ્ટિથી જોઈ શકે છે. જીવનના ઉંડાણમાં ડોકીયું કરવાની તક મળે છે. દુઃખના અનુભવ વગર આનંદની કિંમત સમજાતી નથી. શોક વગર દિલાસાની કિંમત સમજાતી નથી, માટે પ્રભુ ઈસુ કહે છે, -

જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ દિલાસો પામશે.

આનો અર્થ એવો પણ નથી કે માણસે હમેશાં શોક જ કર્યા કરવો - રડતા જ રહેવું. ઈશ્વર એવુ નથી ઈચ્છતા કે તેનાં બાળકો દુઃખમાં ને શોકમાં જીવન ગાળે. પડતી મુશ્કેલીઓ માટે માણસ રડ્યા કરે - શોક કરે - એવા શોકની વાત અહીં નથી. તો કયા પ્રકારના શોકની વાત છે?

<u>બે પ્રકારનાં શોક :-</u>

બીજા માણસોને પડતાં દુઃખો અને મુશ્કેલીઓ માટે શોક કરવો અથવા દુઃખી થવુ એ અર્થ રહેલો છે. યિર્મેયાહ શોક કરતાં લખે છે :- "મારા લોકની દિકરીના કતલ થએલાઓને સારૂ રાત દહાડો રૂદન કરવા માટે મારૂ માથું પાણી હોત ને મારી આંખો આંસુનો ઝરો હોત તો કેવું સારૂ!" અહીં પ્રબોધક પોતાને પડતાં દુઃખો માટે નહિ, પણ પોતાના લોકોને પડતાં દુઃખો માટે શોક અને વિલાપ કરે છે.

લોર્ડ શેફટસબરી, જે એક સમાજ સુધારક થઈ ગયો. એણે બીજા ગરીબ લોકો માટે ઘણુ કર્યું હતું. આ પ્રેરણા એને કેવી રીતે મળી? વાત એમ છે કે તે જયારે નાનો હતો તે વખતે રસ્તા પરથી પસાર થતાં એક

ભીખારીની સ્મશાનયાત્રા જતી જોઈ. શબપેટી તદ્દન નકામા અને જીર્ણ થઈ ગએલા એવા લાકડાની બનેલી હતી, અને એને એક હાથલારીમાં મુકીને કેટલાક લોકો લઈ જતા હતા. જેઓ આ લારી ધકેલતા હતા તેઓ બધા પીધેલા હતા, અને ગીતો ગાતા અને મશ્કરીઓ કરતા જઈ રહ્યા હતા. એવામાં એક ટેકરો આવ્યો અને લારીને ધક્કો મારવા જતાં શબપેટી ઉથલી પડીને તૂટી ગઈ. આ જોઈને બીજા લોકો હસવા લાગ્યા, પણ જુવાન શેફ્ટસબરીનું હૃદય રડી ઉઠ્યુ અને ત્યાંજ તેણે નિર્ણય કર્યો કે હું જ્યારે મોટો થઈશ ત્યારે આવા લોકોની મદદ માટે મારૂં જીવન ખર્ચી નાંખીશ. શેફ્ટસબરીનો આ શોક-આ દુઃખ અને લાગણી પોતાના દુઃખને લીધે નહિ, પણ બીજાના દુઃખને લીધે ઉદ્ભવી.

અબ્રાહમ લીંકને કહ્યું હતું કે, "ગરીબ માણસોની પીઠ પર પડતા કોરડા જોઈને જેનુ મન વિંધાઈ જતુ નથી એવા માણસ માટે મને દુઃખ થાય છે."

સંત ફ્રાન્સીસ ઓફ આસીસીની એક પ્રાર્થના આ પ્રમાણે છે :- "હે પ્રભુ, બીજાઓ પાસે મારી સેવા કરાવવાને બદલે હું બીજાઓની સેવા કરૂ, હું બીજાઓ ઉપર પ્રેમ કરૂ, બીજાઓને સમજાવવાને બદલે હું બીજાની વાત સમજું.... કારણ કે આપવાથી જ પ્રાપ્ત થાય છે."

પોતાની દશા ઉપર - દુઃખ ઉપર શોક કરવો એ સામાન્ય બાબત છે અને નિર્બળતા છે, પણ બીજા માણસના દુઃખ ઉપર, તેને થતા અન્યાય ઉપર આંસુ પાડવાં ને શોક કરવો એ બહાદુરી છે. આવો શોક કરનારા દિલાસો પામશે.

ઈશ્વરવિદ્યાનો તત્વજ્ઞાની બોન હોફર લખે છે :- ખ્રિસ્તી કોણ અને અખ્રિસ્તી કોણ?

જે માણસ મુશ્કેલીઓ આવે ત્યારે ઈશ્વરને બોલાવે તે અખ્રિસ્તી - કારણ કે ઈશ્વર તો સદા તમારી સાથે છે જ - પણ જ્યારે ઈશ્વર મુશ્કેલીમાં આવે ને જે માણસ ઈશ્વરની મદદ પહોંચી જાય તે ખ્રિસ્તી અને ઈશ્વર મુશ્કેલીમાં આવે એનો અર્થ કે બીજા માણસો - પ્રભુના લોકો દુઃખમાં - મુશ્કેલીમાં આવે ત્યારે તેમની મદદે પહોંચી જવું એટલે ઈશ્વરની મદદ

કરવા બરાબર છે. આવા લોકો તેનો બદલો પામ્યા વગર રહેશે નહિ. આ રીતે અને આ અર્થમાં આ ધન્યતાને આ પ્રમાણે મુકી શકાય :-

બીજા માણસોને પડતાં દુઃખો અને મુશ્કેલીઓ જોઈને જે માણસને દુઃખ થાય છે - શોક કરે છે અને તેમની મદદ કરે છે તેને ધન્ય છે.

આ ધન્યતામાં જે બીજો અર્થ રહેલો છે તે :- જે માણસને પોતાના પાપનું ભાન થયુ છે, અને પસ્તાવા સહીત તેને માટે શોક કરે છે તેને ધન્ય છે; કેમકે તે દિલાસો પામશે.

**પાપનો શોક :-** યશાયા પ્રબોધકે અનુભવ્યુ હતું કે આનંદ અને તારણના હર્ષનો પોકાર થાય તે પહેલાં પાપના પસ્તાવાના શોકની જરૂર છે. શોક છે. તોજ તારણનો હર્ષ પણ છે. વિજ્ઞાને અણુશક્તિની શોધ કરી તે પહેલાં અણુને તોડવાની શોધ કરી હતી. યશાયા પ્રબોધક પાપ માટે શોક કરતાં કહે છે, "હાય, મારૂં આવી બન્યુ, કેમકે હું અશુધ્ધ હોઠોનો માણસ છું..." ઈશ્વરની યોજના પ્રમાણે માણસ આનંદના અને દિલાસાના પહાડ પર ચઢે તે પહેલાં તેને શોકની ખીણમાં ઉતરવાની જરૂર છે. યોએલ પ્રબોધ મારફતે યહોવાહ કહે છે :- "તમારાં વસ્ત્રો નહિ, પણ તમારાં હૃદયો ફાડો" (૨;૧૨).

જયાં સુધી પાપ માટે શોક ઉત્પન થાય નહિ ત્યાં સુધી પસ્તાવો થવાનો નથી અને પસ્તાવો નથી તો માફી પણ નથી, માફી નથી તો દિલાસો પણ નથી. માટે જ, જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ દિલાસો પામશે. શોક છે તો દિલાસો પણ છે.

ઈગ્લાંડમાં લીલી જુલ્યન નામની એક બાઈ થઈ ગઈ. તેણે પ્રભુ પાસે પોતાના જીવનમાં ત્રણ ઘા-જખમ માગ્યા હતા. એમાંનો એક ઘા-જખમ તે પસ્તાવાનો જખમ-ભગ્ન હૃદયની માગણી. પાપને માટે મારૂ હૃદય ભાંગી જાય એટલો બધો ઘા-જખમ મને આપ. પાપને માટે હું એટલો બધો શોક કરૂં કે મારૂં હૃદય ભાંગી જાય. મહાન લેખક ટી. ડબલ્યુ ટ્રોઝર લખે છે કે, "જયાં સુધી માણસ ભાંગી ન જાય અને એ પ્રમાણે ન કહે કે ઈસુને વધસ્તંભે જડાવનાર તે હું જ છું ત્યાં સુધી તેનો શોક તે ખરો શોક નથી."

પ્રે. પાઉલનું હૃદય દમસ્કના રસ્તે ભાંગી ગયુ. ગી.શા. ૫૧ એ દાઉદના ભગ્ન હૃદયનો પોકાર છે. જે માણસ પોતાના પાપનો શોક કરે છે તેને ધન્ય છે કેમકે તે દિલાસો પામશે, - તેનો શોક આનંદમાં ફેરવાઈ જશે.

ઈસુના નકાર પછી પિતરને પસ્તાવો થયો - શોક કર્યો - રડ્યો અને તેનો શોક આનંદમાં પલટાઈ ગયો. ઈસુએ કહ્યુ, પિતર, તું ખડક છે,અને આ ખડક ઉપર હું મારી મંડળી બાંધીશ, તું જે બાંધશે તે બંધાશે, તું જે છોડશે તે છોડાશે. મારાં હલવાનને પાળ.

જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે. તેઓ સુખી છે.

## ૩. ત્રીજી ધન્યતા :

જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ પૃથ્વીનું વતન પામશે.

નમ્ર જનો પૃથ્વીનું વતન પામશે? કેવી રીતે? આજના જમાનામાં તો જેઓ લડાયક છે, મારફાડ કરી શકે છે એવા લોકોજ પૃથ્વી પર રાજ કરી શકે એવી હાલત છે. તો પછી નમ્ર જનો કેવી રીતે પૃથ્વીને વતન તરીકે પામી શકે!

જૂના કરારમાં ગી.શા. ૩૭;૧૧ માં લખ્યુ છે, કે "નમ્ર લોકો દેશનું વતન પામશે અને પુષ્કળ શાંતિમાં તેઓ આનંદ કરશે." આ ગીતમાં ભુંડુ કરનારાઓની આબાદી થાય છે અને ન્યાયીઓને દુઃખ સહન કરવું પડે છે એ વિષેની ચર્ચા છે. પણ છેવટે ગીતકર્તા કહે છે કે જો કે થોડીવાર ન્યાયીઓને સહન કરવું પડે, અને દુષ્ટો પૃથ્વીને ઉજ્જડ કરી નાખતા દેખાય, પણ દુષ્ટો પૃથ્વીને વતન તરીકે પામી શકવાના નથી, છેવટનો જય તો નમ્ર જનોજ પામશે.

અહીં "નમ્ર" માટે જે ગ્રીક શબ્દ વપરાયો છે તે "પ્રૌસ" છે. આ શબ્દમાં રહેલો અર્થ ઘણો સુંદર છે. આ ગ્રીક શબ્દ "પ્રૌસ" જ્યારે કોઈ વસ્તુને લાગુ પાડવામાં આવે છે ત્યારે તેનો અર્થ "કોમળ" થાય છે. કોમળ વાયુ, કોમળ વાણી વિગેરે. જ્યારે "પ્રૌસ" શબ્દ કોઈ વ્યક્તિને લાગુ પાડવામાં આવે છે ત્યારે તેનો અર્થ "માયાળુ" થાય છે. "જે બાપ માયાળુ અને ભરજુવાનીવાળા હૃદયનો છે તે કેવો સારો છે!"

તત્વજ્ઞાની એરિસ્ટોટલ આ બાબત સમજાવતાં કહે છે કે સામસામેના બે મત હોય તો હમેશાં મધ્યમ માર્ગ સદ્ગુણવાળો હોય છે. એક છેડે ગરમ સ્વભાવ હોય અને બીજા છેડે બહુ જ ઠંડો સ્વભાવ હોય તો આ બેની વચ્ચેનો મધ્યમ માર્ગ તે નમ્રતા છે.

આનો અર્થ એ થાય કે જે માણસ યોગ્ય વખતે અને યોગ્ય કારણે જ ગુસ્સે થાય, વખતે ગુસ્સે થતો નથી તે માયાળુ છે - નમ્ર છે. તેનો ગુસ્સો સ્વાર્થી ગુસ્સો હોતો નથી. પોતાને થએલા અન્યાયને કારણે ગુસ્સે થાય છે.

નમ્રતાનો અર્થ એવો નથી કે માણસ કદી ગુસ્સે જ ન થાય. પણ તેનો ગુસ્સો યોગ્ય વખતે, યોગ્ય કારણે અને યોગ્ય જગ્યાએ હોય છે. પ્રભુ ઈસુ પણ એકવાર ગુસ્સે થયા હતા અને મંદિરમાં વેપાર કરનારાઓને મારીને બહાર કાઢ્યા હતા, પરંતુ જ્યારે તેમને પોતાને વધસ્તંભે જડ્યા ત્યારે બીલકુલ ગુસ્સે થયા નહોતા.

ગ્રીક શબ્દ "પ્રૌસ" નો બીજો અર્થ પલોટાએલુ હોય તેને આ શબ્દ લાગુ પડે છે. જે ઘોડો એક વખતે રાની ઘોડો હતો, રખડુ હતો, પણ હમણાં તેને ચોકડા અને લગામથી કાબુમાં લેવામાં આવ્યો છે. આવો ઘોડો "પ્રૌસ" કહેવાય. અંકુશમાં આવેલો છે. જે માણસ નમ્ર છે તે પુરેપુરી રીતે અંકુશમાં આવેલો છે. તે ઈશ્વરના અંકુશમાં છે - ઈશ્વરને તાબે થએલો છે. આથી જે ઈશ્વરના અંકુશમાં છે (નમ્ર છે) તેને ધન્ય છે.

વળી જે માણસ પોતાની મર્યાદા સમજે છે એવા માણસ માટે પણ આ શબ્દ વપરાય છે. જે માણસ માનવી તરીકેની પોતાની મર્યાદા જાણે છે - સમજે છે, તે કોઈ બાબતમાં અભિમાન કરતો નથી. જે માણસ પોતાની મર્યાદાઓ સમજીને અભિમાન કરતો નથી તે "પ્રૌસ" છે - નમ્ર છે, અને આવો માણસ પૃથ્વીનું વતન પામશે.

મુસા વિષે ઈશ્વર પોતે સાક્ષી આપે છે કે "મારો સેવક મુસા પૃથ્વીની પીઠ પર સર્વ માણસો કરતાં નમ્ર છે." નમ્રતા એ નબળાઈ નથી. આપણે ઘણીવાર નમ્રતાને નબળાઈમાં ખપાવીએ છીએ. મુસા નમ્ર હતો પણ નબળો નહોતો. બહાદુર લડવૈયો હતો. હિંમતવાન હતો અને છતાં નમ્ર હતો. પ્રેરિત પાઉલ પોતાની નમ્રતા દર્શાવતાં લખે છે કે "અમે નિંદાએલા છીએ છતાં આર્શીવાદ દઈએ છીએ. સતાવણી પામ્યા છતાં સહન કરીએ છીએ. તુચ્છકારાએલા છતાં આજીજી કરીએ છીએ. અમે હજી સુધી જગતના કચરા સમાન તથા સર્વના મેલ જેવા છીએ." કેટલી બધી નમ્રતા! એક વિદ્વાન માણસ, જેણે સુવાર્તા માટે મહેનતુ સેવક તરીકે અથાક શ્રમ કર્યો છે, જેને અભિમાન કરવાનાં ઘણાં કારણો છે, એવો માણસ લખે છે કે "અમે જગતના કચરા તથા મેલ જેવા છીએ." આવા નમ્રજનોને ધન્યછે, તેઓ પૃથ્વીનું વતન પામશે.

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રી ૧૯૬૪ ની સાલમાં બોરીઆવી પાસેના કંજરી ગામે આવ્યા ને એક ગરીબ ખેડૂતની ઝુંપડીમાં ભોજન લીધુ, ત્યારે પેપરોમાં મથાળુ હતુ કે, "જુઓ, આપણા વડાપ્રધાનની નમ્રતા." આના કરતાં પણ વધુ નમ્રતાનો નમૂનો આપણા પ્રભુ ઈસુમાં મળે છે. ગુરૂ થઈને જેણે ચેલાઓના પગ ધોયા. પોતાના ઉપર જુલમ ગુજારવામાં આવ્યો, તો પણ તેણે પોતાનુ મોં ઉઘાડ્યુ જ નહિ; કોઈ ફરિયાદ કરી નહિ. હા, મરણ પામતાં સુધી તેણે પોતાને નમ્ર કર્યો. અને એથી જ દેવે તેને ઘણો ઉંચો કર્યો, અને સર્વ નામો કરતાં શ્રેષ્ઠ નામ આપ્યું, જેની આગળ સર્વ ઘુંટણ નમશે.

આકાશના રાજ્યમાં સૌથી મોટું કોણ? ઈસુએ એક બાળકને આગળ ધરીને કહ્યુ કે, જે કોઈ આ બાળકના જેવુ નમ્ર બનશે તે આકાશના રાજ્યમાં સૌથી મોટો છે.

જેઓ નમ્ર છે (પ્રૌસ છે) તેઓને ધન્ય છે - તેઓ સુખી છે - આનંદી છે, કેમકે તેઓ પૃથ્વીનું વતન પામશે.

## ૪. ચોથી ધન્યતા :

જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ ધરાશે.

ભૂખ અનેક પ્રકારની હોય છે. ખોરાકની ભૂખ, ધનની ભૂખ, માનની ભૂખ, પ્રેમની ભૂખ, સત્તાની ભૂખ, વાસનાની ભૂખ, રૂપની ભૂખ વિગેરે-વિગેરે.

ઘણા બધા ગરીબ લોકો ખોરાકની ભૂખ માટે ફાંફાં મારે છે, તનતોડ મહેનત કરે છે છતાં તેમની ભૂખ અને તરસ સંતોષાતી નથી. ધનની ભૂખવાળાને ગમે તેટલુ ધન મળે તો પણ તેની ભૂખ સંતોષાતી નથી. એ પ્રમાણે દરેક પ્રકારની ભૂખની એજ સ્થિતિ હોય છે.

પ્રભુનાં વચનોમાં અહીં એક બીજા પ્રકારની ભૂખ અને તરસ જોવા મળે છે. ન્યાયીપણાની ભૂખ અને તરસ. જો આપણામાં માત્ર દૈહિક બાબતોની જ ભૂખ અને તરસ હોય અને આત્મિક બાબતોની ભૂખ-તરસ ના હોય તો પ્રાણીમાં અને માણસમાં ફેર શો? ઈશ્વરે આપણને તેની પ્રતિમા પ્રમાણે બનાવ્યાં છે અને તેથી આપણામાં ન્યાયીપણાની ભૂખ અને તરસ મુકી છે.

ન્યાયીપણાની ભૂખ એ આત્મિક ભૂખ છે, અને તેને માટે દૈહિક ખોરાક કરતાં આત્મિક ખોરાકની વધારે જરૂર છે. પ્રભુ ઈસુએ કહ્યુ, "માણસ એકલી રોટલીથી જીવતો નથી." ન્યાયીપણાની ભૂખ અને તરસને તૃપ્ત કરવા માટે પ્રેમ, ભલાઈ, ઈશ્વરી આર્શીવાદ વિગેરેની જરૂર છે.

હવે, ભૂખ અને તરસમાં કઈ ધન્યતા? એમાં શો આનંદ અને સુખ હોઈ શકે? શા માટે પ્રભુ ઈસુ ન્યાયીપણાની ભૂખ અને તરસવાળાને ધન્ય કહે છે?

પહેલી બાબત કે ભૂખ અને તરસ એ જીવનની નિશાની છે. જીવતા માણસને જ ભૂખ લાગે ને તરસ લાગે. મરેલાને કશી ભૂખ કે તરસ લાગતી નથી. એમ જ જેમનામાં ન્યાયીપણાની ભૂખ-તરસ છે તેઓ હજી જીવતા છે. એ આત્મિક જીવનની નિશાની છે. આપણે આત્મિક

જીવનમાં હજી જીવતા છીએ એની નિશાની આ ન્યાયીપણાની ભૂખ અને તરસ છે. જેઓને આવી ભૂખ-તરસ લાગતી નથી તેઓ મરેલા છે. તેઓ આત્મિક જીવનમાં સંતોષી બની ગયા છે, આગળ વધવાની ઈચ્છા મરી ગઈ છે, જ્યાં છે ત્યાં જ બેસી રહેવાની વૃતિ ઘર કરી ગઈ છે. જેઓ જીવતા છે તેઓને ન્યાયીપણાની ભૂખ લાગે છે. તેઓ હજી વધારે જાણવા-સમજવા માગે છે, આગળ જવા ઈચ્છે છે, વધુ પ્રાપ્ત કરવા માગે છે, તૃપ્ત થવા માગે છે.

ગીતકર્તા લખે છે : "હે યહોવાહ, તારે સારૂ મારો આત્મા તલપે છે, જેમ પાણીના નામાને સારૂ હરણ તલપે છે તેમ" આવી તલપ, આવી ભૂખ, આવી ઉત્કંઠા અને ઈન્તેજારી જેનામાં હોય તેને ધન્ય છે. વળી આગળ તે લખે છે :- "હે ઈશ્વર, તું મારો દેવ છે, હું તને વહેલો શોધીશ, જ્યાં પાણી હોતુ નથી એવા સુકા તથા ખેદજનક દેશમાં મારો આત્મા તારે સારૂ તલપે છે, મારો દેહ તારે વાસ્તે તલપે છે."

ઉડાઉ દિકરાને ભાન થયુ કે હું ભૂખ્યો છું. "હું તો અહીં ભૂખે મરૂ છું." અને તે ઉઠીને બાપની પાસે ગયો ત્યારે તેની ભૂખ તૃપ્ત કરવામાં આવી. જ્યાં સુધી માણસમાં ઈશ્વરને માટે, તેનાં વચનો માટે અને આત્મિક બાબતો માટે ભૂખ ઉપડે નહિ ત્યાં સુધી તે તૃપ્ત થતી નથી. ભૂખ પેદા થવી અને એ ભૂખનું ભાન થવુ જરૂરી છે. જેઓ આત્મિક જીવનમાં જીવતા છે તેઓને ન્યાયીપણાની ભૂખ-તરસ લાગતી નથી તો ચેતવાની જરૂર છે - ક્યાંક આપણે મરી તો નથી ગયા ને!

જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે - તેઓ સુખી છે; કેમકે તેઓની ભૂખ અને તરસને તૃપ્ત કરવામાં આવશે.

## પ. પાંચમી ધન્યતા :

દયાળુઓને ધન્ય છે; કેમકે તેઓ દયા પામશે.

શેક્સપિયરના એક નાટક "ન્યાય કે દયા" માં ન્યાય ઉપર દયાને વિજય મેળવતી દર્શાવી છે. સંત તુલસીદાસે લખ્યું છે કે દયા ધર્મનું મુળ છે અને પાપનું મુળ અભિમાન છે. જ્યાં સુધી શરીરમાં જીવ છે ત્યાં સુધી માણસે દયા રાખવી જોઈએ.

બાઈબલ પ્રમાણે આપણે દયા રાખીએ તેનું મુળ ઈશ્વરની આપણા ઉપરની દયામાં રહેલું છે. નિર્ગમનના પુસ્તકમાં ઈશ્વરે મુસાને "દયાસન" બનાવવાની આજ્ઞા આપી હતી. ઈશ્વર આ દયાસન આગળ લોકોને દર્શન આપતા, તેની મધ્યે વાસો કરતા, ત્યાંથી લોકોની સાથે બોલતા. પ્રાયશ્ચિતના દિવસે અર્પણનું રક્ત દયાસન પર છાંટવામાં આવતું, અને ધુપના ધૂમાડાથી તેને ઢાંકી દેવામાં આવતું. ઈશ્વર આ દયાસને બેસીને લોકોનાં પાપ ઢાંકી દેતા. જૂના કરારમાં ઈશ્વરની દયાના ઘણા દાખલા મળે છે. દા.ત. આદમ-હવા, કાઈન, નુહ વિગેરે. ઈશ્વરની દયા આકાશ કરતા મોટી છે. "જેવો તમારો બાપ દયાળુ છે તેવા તમે દયાળુ થાઓ." (લુક ૬;૩૬).

પ્રભુ ઈસુ કહે છે :- "યજ્ઞ કરતાં હું દયા (માત્થી ૯;૧૩) ચાહુ છું. મતલબ કે આપણે મોટા મોટા યજ્ઞો કરીએ, મેળાવડાઓ ભરીએ, સભાઓ ભરીએ, અર્પણો ચઢાવીએ, પણ જો આપણામાં દયા નથી તો એ બધાની કશી કિંમત નથી. વ્યર્થતાની વ્યર્થતા બધું વ્યર્થ છે.

દયાળુઓને ધન્ય છે; જેઓ દયા રાખે છે તેઓ દયા પામશે. દયા બતાવીને દયા પામવાની છે, માફી આપીને માફી પામવાની છે. એક ભીખારીને કોઈએ "ભાઈ" કહીને સંબોધ્યો, તો પેલો ભીખારી નાચી ઉઠ્યો. તમે મને ભલે પૈસા ન આપ્યા, પણ ભાઈ કહ્યો એ મારે મન મોટી બાબત છે.

ઈંગ્લેંડની સંતબાઈ લીલી ઝુલીયને ઈશ્વર પાસે ત્રણ ઘા-જખમ માગ્યા હતા. (૧) ઈશ્વરની ઝંખનાનો ઘા (૨) પશ્ચાતાપનો ઘા અને

(૩) અનુકંપા દયાનો ઘા. પ્રભુ, મારામાં દયાનો ઘા-જખમ થવા દે, જેથી હું બીજાઓ ઉપર દયા બતાવી શકુ. આપણો ન્યાય આપણે બીજાઓ ઉપર રાખેલી દયા ઉપર કરવામાં આવશે. યાકુબ ૨;૧૩, "કેમકે જેણે દયા રાખી નથી તેનો ન્યાય દયા વગર થશે." નીતિવચનમાં લખ્યું છે કે "ગરીબ પર દયા રાખનાર પ્રભુને ઉછીનું આપે છે." માત્થી ૧૮ માં ના દ્રષ્ટાંત પ્રમાણે, રાજાએ પોતાના ચાકરને બોલાવીને તેનું દસ હજાર તાલંતનું દેવુ ભરવાની આજ્ઞા કરી, ચાકરે દયાની માગણી કરી કેમકે તેની પાસે વાળી આપવા કશુ નહોતું, ત્યારે રાજાએ દયા બતાવીને તેનુ દેવું માફ કર્યું. પણ એજ ચાકરે બહાર જઈને તેના સો દિનારના દેવાદારનો ટોટો પકડીને કહ્યુ, તારૂં દેવુ વાળ. આ ચાકરે પણ દયાની માગણી કરી પણ પેલાએ તેના પર દયા બતાવી નહિ. આ દ્રષ્ટાંતને અંતે પ્રભુ ઈસુ કહે છે : "એ પ્રમાણે જો તમે પોતપોતાના ભાઈઓના અપરાધ તમારા અંતઃકરણથી માફ નહિ કરો. તો મારો આકાશમાંનો બાપ પણ તમને એમ કરશે." દયા બતાવો અને દયા પામો. જેવુ વાવશો તેવુ લણશો.

"દયા" શબ્દ માટે ગ્રીક ભાષામાં "ચારિઝ" અને હેબ્રીમાં "ચેસેદ" શબ્દ છે. આ બન્ને શબ્દોમાં ઘણુ ઉંડાણ છે. "ચેસેદ" એટલે ફક્ત હમદર્દી નહિ, માત્ર દુઃખની લાગણી નહિ પરંતુ બીજાઓના સુખ-દુઃખમાં ઓતપ્રોત થઈ જવું. એમનું દુઃખ એમની આંખોથી સમજી શકવું. એમના જેવી જ લાગણી અનુભવવી, એમની જગ્યાએ પોતાને મુકીને પરિસ્થિતિનો અનુભવ કરવો. અંગ્રેજીમાં આવી લાગણીના અનુભવ માટે Empathy શબ્દ વપરાય છે, જેનો અર્થ ઘણો ઉંડો છે. માત્ર Sympathy - લાગણી નહિ, પણ Empathy હોવી જોઈએ. બીજાના હૃદયમાં - એની પરિસ્થિતિમાં ડોકીયું કરીને સમજવુ એ ખરી દયાનો અર્થ છે.

ઈંગ્લાંડના રાણી વિકટોરીઆ અને સંત એન્ડ્રુઝ ના પ્રિન્સીપાલ મી. તુલોક મિત્રો હતા. પ્રિન્સ આલ્બર્ટ મરણ પામ્યા અને રાણી વિક્ટોરીયા એકલાં પડ્યાં. તેજ અરસામાં મી. તુલોક પણ મરણ પામ્યા અને મીસીસ તુલોક એકલાં પડ્યાં. એક દિવસે રાણી મીસીસ તુલોકને

મળવા ગયાં. તે વખતે મીસીસ તુલોક એટલાં બધા શોકમાં અને દુઃખની લાગણીમાં હતાં કે ઉભાં થઈને રાણીને આવકારવા બહાર પણ જઈ શકયાં નહિ. રાણીએ કહ્યુ, પ્રિય તુલોક, આજે હું રાણી વિક્ટોરિયા તરીકે તમારી પાસે આવી નથી, પણ એક એવી સ્ત્રી તરીકે તમારી પાસે આવી છું કે જેણે પોતાનો પતિ ગુમાવ્યો છે. હું તમારૂં દુઃખ સમજી શકુ છું, અનુભવી શકુ છું. રાણીની આ લાગણી એ માત્ર Sympathy નહિ, પણ Empathy છે.

આપણે દયાળુ બનીએ, પણ માત્ર ઉપર ઉપરની લાગણીથી નહિ, પણ સામાના અંતરમાં પેસીને તેમની લાગણીઓ અનુભવીએ. તેમનો અનુભવ આપણો બને. અહીં પ્રભુ આવી દયા વિષે કહે છે.

દયાળુઓને ધન્ય છે, કેમકે તેઓ દયા પામશે.

## ૬. છઠ્ઠી ધન્યતા :

મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ દેવને જોશે.

જોન બન્યનના પુસ્તક "શુધ્ધપ્રયુધ્ધ" માં એક વાત છે કે આત્માપુર શહેરને પાંચ દરવાજા છે. આ પાંચ દરવાજા આ પ્રમાણે છે :- કર્ણદ્વાર, અક્ષિદ્વાર, મુખ્યદ્વાર, નાસીકાદ્વાર અને સ્પર્શદ્વાર, આ પાંચ ઈન્દ્રીઓ દ્વારા આપણે બહારની વસ્તુ જોઈ-અનુભવી શકીએ છીએ. આ પાંચ દરવાજામાંથી જો એકાદ દરવાજો બંધ હોય તો આપણને એટલુ જ્ઞાન ઓછુ મળે. આ દરવાજાઓ દ્વારા બહારની દુનિયા જાણી-જોઈ-અનુભવી શકાય છે. પણ આમાંના કોઈ પણ દરવાજા દ્વારા આપણે ઈશ્વરને જોઈ શકતા નથી. ઈશ્વરને જોવા માટે જુદાજ દરવાજાની જરૂર છે અને એ છે આપણું મન-હૃદય. મન અને હૃદય દ્વારા ઈશ્વરને જોઈ શકાય છે. દૈહિક આંખ ગમે તેટલી તેજવાળી હોય પણ એનાથી ઈશ્વરને જોઈ શકાતા નથી; ઈશ્વરને જોવા માટે મનની આંખ જોઈએ, પણ જો આ મન-આ હૃદય-મનની આ આંખ શુધ્ધ ના હોય તો પણ દેવને જોઈ શકાય નહિ. દેવને જોવા માટે આત્માની બારી શુધ્ધ હોવી જરૂરી છે.

તો શુધ્ધ બારી, શુધ્ધ હૃદય અને મન એટલે શું? જૂના કરારમાં બે પ્રકારનાં હૃદય બતાવવામાં આવ્યાં છે. જુનુ હૃદય અને બીજુ નવુ હૃદય. જુનુ હૃદય એ કપટી છે. પ્રપંચો કરનારૂ છે. એમાં લોભ છે, ચિંતા છે, વિષય વાસના છે, અંધકાર છે, એમ દુષણોથી ભરેલુ છે. જુઓ માર્ક ૭;૨૦-૨૨.

વળી ઘણાનું હૃદય કઠણ છે. ગમે તેવા પ્રસંગો, ગમે તેવા સંદેશાઓ તેને પીગળાવી શકતા નથી. આપણે સમાચાર પત્રોમાં વાંચ્યુ કે દિલ્હી નજીક વિમાન તૂટી પડ્યુ અને માણસો મરણ પામ્યા ત્યારે અને ૨૬મી જાન્યુઆરી ૨૦01 ના રોજ વિનાશક ધરતીકંપ થયો ત્યારે પણ મરેલા લોકોના શરીર પરથી ઘડિયાળો, વીંટીઓ, દાગીનાઓ વિગેરે લૂંટી લેવામાં આવ્યા હતા. મરણ પણ માણસના હૃદયને સ્પર્શી શક્યુ નહિ. પીગળાવી શક્યુ નહિ. જૂના કરારમાં ફારૂન રાજા એ કઠણ હૃદયનો એક નમૂનો છે.

વળી માણસનું હૃદય ગર્વિષ્ટ છે. અભિમાની છે. પૈસાનુ અભિમાન, કેળવણીનું અભિમાન, સત્તા અને મોટાઈનું અભિમાન, રૂપનું અભિમાન....વિગેરે અને પ્રભુ યહોવાહ ગર્વિષ્ટ હૃદયને ધિક્કારે છે. આવુ હૃદય મહાન શિલ્પી પ્રભુ ઈસુને સોંપવામાં આવે છે ત્યારે તે તેને બદલી નાખે છે, નવુ બનાવે છે, શુધ્ધ બનાવે છે અને એવા શુધ્ધ હૃદયથી ઈશ્વરનાં દર્શન થાય છે.

જયાં સુધી સમુદ્રનું પાણી ડહોળાએલુ છે, તેમાં મોજાં ઉછળી રહ્યાં છે, તોફાન છે, ત્યારે તેમાં આકાશના તારાઓનું પ્રતિબિંબ જોઈ શકાતું નથી; પણ જયારે એ પાણી શાંત બને છે ત્યારે જ એ પ્રતિબિંબ જોઈ શકાય છે. એમજ જયાં સુધી હૃદય જુનું છે, ડહોળાએલુ છે, અશાંત છે ત્યારે એમાં ઈશ્વરનું પ્રતિબિંબ જોઈ શકાતું નથી. ઈશ્વરને જોવા માટે શાંત અને શુધ્ધ હૃદયની જરૂર છે. પ્રભુ યહોવાહ કહે છે, તમારૂ જુનું હૃદય મને આપો, હું તેને નવુ બનાવીશ. શુધ્ધ અને શાંત બનાવીશ, પછી તમે એની મારફતે દેવને જોઈ શકશો. મનમાં જેઓ શુધ્ધ છે તેઓ જ દેવને જોશે.

અહીં "શુધ્ધ" માટે જે ગ્રીક શબ્દ વપરાયો છે તે "કાથારોસ" છે અને તેમાં ચાર અર્થ સમાએલાં છે :-

(૧) સામાન્ય અર્થ પ્રમાણે સ્વચ્છ કે ચોખ્ખું થાય છે. ધોએલુ કપડું સ્વચ્છ થાય છે, મેલ વગરનું માણસનું મન પણ "કાથારોસ" હોવું જોઈએ એટલે મેલ વગરનું.

(૨) સાફ કરેલા અનાજને માટે પણ "કાથારોસ" શબ્દ વપરાય છે. ખેતરમાં જયારે ઘઉં, બાજરી કે અન્ય અનાજ મસળવામાં આવે છે ત્યારે તેમાં ઘણો કચરો હોય છે. માટી, રોડાં, ઘાંસ વિગેરે તેમાં હોય છે, પણ જયારે એને સાફ કરવામાં આવે છે, ત્યારે એમાંથી બધો કચરો વીણી કાઢવામાં આવે છે. આવું સાફ કરેલુ અનાજ એ "કાથારોસ" છે. એમાંથી બધા કચરો કાઢી નાંખવામાં આવ્યો છે.

(૩) એજ પ્રમાણે આ શબ્દ લશ્કરના સૈનિકો માટે પણ વપરાય છે. શરૂઆતમાં જે સૈનિકો લડાઈમાં જવા માગે છે તે બધા લડાઈમાં

જવાને યોગ્ય હોતા નથી. તેથી તેમને કેળવવામાં આવે છે, તેમની બીક દુર કરવામાં આવે છે, તાલીમ આપવામાં આવે છે, અને તાલીમ પછી જ તેઓ લડાઈને માટે યોગ્ય બને છે. લડાયક સૈનિક બને છે. આવો સૈનિક તે કાથારોસ છે, તાલીમ પામેલો, નિર્ભય, હિંમતવાન અને મરણને વહાલું કરનારો છે. એમજ જ્યારે આપણા હૃદયમાંથી બધો કચરો કાઢી નાખવામાં આવે, નકામી બાબતો દુર થાય, તાલીમ પામીને નિર્ભય બને અને મોતને પણ વહાલું ગણી શકે એવી સ્થિતિએ પહોંચે ત્યારે તે કાથારોસ છે. અને એ મન-એ હૃદય જે કાથારોસ છે - શુધ્ધ છે - તેજ દેવને જોઈ શકે.

(૪) જે દૂધ કે દ્રાક્ષારસ કે દારૂમાં પાણી મેળવવામાં આવ્યુ નથી - બીજા અર્થમાં જેમાં કોઈ પ્રકારની ભેળસેળ કરવામાં આવી નથી તે કાથારોસ છે.

આ અર્થ પ્રમાણે આજે તો કશું જ કાથારોસ નથી. બધામાં ભેળસેળ છે. કશું શુધ્ધ નથી. કશું એના મુળ પ્રમાણે નથી.

અહીં જે અર્થ છે તે એ કે દેવને જોવા માટે આપણું મન-હૃદય ભેળસેળ વગરનું હોવું જોઈએ. નિર્મળ, ચોખ્ખુ, પવિત્ર અને શુધ્ધ હોવુ જોઈએ. આપણા વિચારોમાં, આપણી યોજનાઓમાં, આપણા હેતુઓમાં, આપણી સેવાઓમાં, આપણી ભક્તિમાં આપણાં અર્પણોમાં કોઈ પ્રકારની ભેળસેળ હોવી જોઈએ નહિ. જો ભેળસેળ છે તો તે કાથારોસ નથી અને કાથારોસ નથી તો દેવને જોઈ શકશે નહિ.

આ ધન્યતા આપણને આપણા અંતરમાં ડોકીયું કરવા પડકાર ફેંકે છે. આપણે અંતઃકરણને તપાસીએ.

શું એ શુધ્ધ છે કે ભેળસેળવાળુ?
આપણી સેવાઓને તપાસીએ - શુધ્ધ છે કે ભેળસેળવાળી?
આપણી પ્રાર્થનાઓ તપાસીએ -
આપણું ભજન-ભક્તિ તપાસીએ -
આપણાં દાનો-અર્પણો તપાસીએ -

આપણો ધર્મ તપાસીએ -
આપણાં સંબંધો તપાસીએ -
આપણા હૃદય-મન તપાસીએ -
આત્મખોજ કરીએ.
મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે; કેમકે તેઓ દેવને જોશે.

## ૭. સાતમી ધન્યતા :

સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમકે તેઓ દેવના દીકરા કહેવાશે.

માણસ જેટલો જૂનો છે એટલો જ તેનો સંઘર્ષ જૂનો છે, કાઈને પોતાના ભાઈ હાબેલને મારી નાખ્યો ત્યારથી જ માણસ માણસ વચ્ચે ઝઘડો શરૂ થયેલો છે. આજે માણસ-માણસ વચ્ચે, દેશ-દેશ વચ્ચે ઝઘડા છે. પ્રોફેસર કવીન્સીએ એક તારવણી કાઢી છે તે પ્રમાણે ૧૪૮૦ થી ૧૯૪૧ સુધીનાં ૪૬૧ વર્ષ દરમિયાન જુદા જુદા રાષ્ટ્રોમાં આ પ્રમાણે યુધ્ધો થયાં છે :-

| | |
|---|---|
| ગ્રેટ બ્રીટન - ૭૮ | જર્મનીમાં - ૨૩ |
| ફ્રાન્સમાં - ૭૧ | ચીનમાં - ૧૧ |
| સ્પેનમાં - ૬૪ | જાપાનમાં - ૯ |
| રશીયામાં - ૬૧ | યુ.એસ.એ. - ૧૩ |
| ઓસ્ટ્રેલીયામાં - ૫૨ | અને છુટા છવાયા બીજાં ૧૧૦ યુધ્ધો થયાં છે. |

કોઈએ ખરૂ જ કહ્યું છે કે છેલ્લા ચાર હજાર વર્ષમાં કેવળ ૩૦૦ જ વર્ષ શાંતિમાં પસાર થયાં છે.

ધારો કે મંગળના ગ્રહમાંથી કોઈ વ્યક્તિને મોકલવામાં આવે કે પૃથ્વી પર જઈને જાણી લાવો કે પૃથ્વીવાસીઓનો મુખ્ય ધંધો શો છે. તો આ વ્યક્તિ કહેશે કે લડાઈ કરવી એ જ માણસનો મુખ્ય ધંધો છે. તેઓ શાંતિમાં રહી શકતા જ નથી.

આવી સ્થિતિમાં સાતમી ધન્યતા કહે છે કે સલાહ કરાવનારાઓને ધન્ય છે. અંગ્રેજીમાં - Blessed are the Peace Maker.

ગુજરાતી તરજુમા પ્રમાણે - સલાહ કરાવનાર.

અંગ્રેજી તરજૂમા પ્રમાણે - શાંતિ સ્થાપનાર.

હેબ્રીમાં શાંતિ માટે "શાલોમ" શબ્દ છે. અને એના પરથી ગુજરાતીમાં "સલામ" શબ્દ આવ્યો.

શાલોમ એટલે લડાઈની ગેરહાજરી એમ નહિ, પણ ખરા અર્થ પ્રમાણે સામી વ્યક્તિ માટે ઉત્તમ ભાવના રાખવી એવો અર્થ થાય છે. જ્યારે આપણે બીજાને મળીને "સલામ" કહીએ છીએ તેનો અર્થ એ થાય કે આપણે તે વ્યક્તિ માટે સારી ભાવના રાખીએ છીએ, તેનુ સારૂ અને ભલુ ઈચ્છીએ છીએ, પરંતુ કેટલીકવાર આપણે ઉલટુ જ કરીએ છીએ. કોઈ વ્યક્તિ માટે મનમાં ઘણી કડવાશ-હોય-વેર હોય, પણ જો એ વ્યક્તિ સામે મળી જાય તો ઉમળકાથી બત્રીસી કાઢીને તેને "સલામ" બોલીએ છીએ. આ કેટલો બધો ઢોંગ, નરી બનાવટ.

આ ધન્યતામાં બીજો અર્થ એ રહેલો છે કે જે માણસના હૃદયમાં શાંતિ છે તેને ધન્ય છે. દરેક માણસનાં મનમાં બે પ્રકારની વૃત્તિઓ હોય છે, સારી અને ખરાબ. આ બન્ને વચ્ચે હમેશાં લડાઈ ચાલતી જ રહે છે. પ્રે. પાઉલ કહે છે કે હું સારૂ કરવા ઈચ્છું છુ પણ મારાથી ભુંડુ જ થાય છે. કેટલાક વિદ્વાનો કહે છે કે જ્યારે માણસ મનની આ લડાઈ ઉપર વિજય મેળવીને મનમાં શાંતિ પામે છે ત્યારે એવા માણસને ધન્ય છે. ફ્રેડ નામનો એક વિદ્વાન કહે છે કે શાંતિ એ એક માનસીક સ્થિતિ છે અને જ્યારે માણસ સ્વાર્થ, લોભ, લાલચ વિગેરે છોડી દે છે ત્યારે તે શાંતિ અનુભવે છે. જ્યારે માણસ શાંતિ અનુભવે ત્યારે તેને ધન્ય છે.

ગુજરાતી તરજૂમા પ્રમાણે સલાહ કરાવનારાઓને ધન્ય છે. માણસ-માણસ વચ્ચે સારો સંબંધ રહે, દરેક જણ એકબીજાની સાથે પ્રેમમાં, ભાઈચારામાં અને શાંતિમાં રહે એ ઈશ્વરની ઈચ્છા છે. પરંતુ કોઈ કારણસર કોઈ બે માણસો વચ્ચે, બે કુટુંબો વચ્ચે, બે રાષ્ટ્રો વચ્ચે ગેરસમજ થાય, લડાઈ થાય, અશાંતિ ઉભી થાય ત્યારે તેઓની વચ્ચે જે સલાહ કરાવે છે તેને ધન્ય છે. આજે સલાહ કરાવનાર - સમાધાન કરાવનાર માણસોની જરૂર છે. કેટલાક લોકો તો એવા પણ હોય છે કે સલાહ કરાવવાને બદલે લડાઈ કરાવે છે. કેટલાકનો તો આજ ધંધો છે, એમાં જ એમને રસ પડે છે, મઝા આવે છે. બે જણને લડતા-ઝઘડતા જોઈને તેઓ ખુશ થાય છે. આવા માણસોને અફસોસ! તેઓ કેવી રીતે દેવના દીકરા ગણાવી શકાય!

બે વચ્ચે ઝઘડો કરાવવો સહેલું છે, પણ સમાધાન કરાવવું અઘરૂ છે. તોડવું સહેલું છે પણ બાંધવુ અઘરૂ છે. અશાંતિ ઉભી કરવી સહેલી છે, પણ શાંતિ સ્થાપવી એ અઘરૂ છે. ઈશ્વરે આપણને સલાહ કરાવવા અને શાંતિ સ્થાપવા માટે તેડ્યા છે. પ્રે. પાઉલ કહે છે કે અમને સમાધાનની સેવા સોંપવામાં આવી છે.

બીલી ગ્રેહામ એક દાખલો આપતાં લખે છે કે એક વખતે ગ્લાસગો શહેરમાં સામ્યવાદીઓનું એક સરઘસ મેં જોયું. તેમની પાસે એક મોટો ઝંડો હતો - બેનર હતું, અને એના ઉપર લખ્યુ હતું કે "શાંતિ એ અમારો આદર્શ છે." પણ બીલીગ્રેહામ કહે છે કે આ વાંચીને મને હસવું આવ્યું, કારણ કે કોરિયામાં આ સામ્યવાદીઓએ જે ભારે વિનાશ કર્યો હતો તે મેં મારી આંખે જોયો હતો. સૂત્ર લઈને ફરવાથી કશો ફાયદો નથી. જ્યાં અશાંતિ છે, જ્યાં લડાઈ છે ત્યાં સલાહ કરાવવા દોડી જવું એ ખરી સેવા છે. તેમાં ઘણી વાર વેઠવુ પડે એ ખરી વાત પણ ઈસુ કહે છે કે સલાહ કરાવનારાઓને ધન્ય છે, કેમકે તેઓ દેવના દીકરા કહેવાશે.

લડાઈના મેદાન પર એક સૈનિકને સમાચારો પહોંચાડતા તારની મરામત કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. જે સંદેશો એ તારમાંથી જવાનો હતો તે દ્વારા હજારો માણસોના જાન બચી જવાના હતા. દુશ્મનોએ એક જગ્યાએથી આ તારને કાપી નાખ્યો હતો. આ સૈનિકો તે જગ્યા શોધી કાઢી, પરંતુ તે વખતે મરામત કરવા માટેનું સાધન તેની પાસે ન હતું. ચારેબાજુથી શત્રુની ગોળીઓનો વરસાદ વરસી રહ્યો હતો. આવી સ્થિતિમાં આ સૈનિકે પોતાના જાનની પરવા કર્યા વગર એક હાથથી તારનો એક છેડો અને બીજા હાથથી બીજો છેડો પકડીને બંને છેડાને ભેગા કરી હાથથી દાબી રાખ્યા. અને એમ તારના તૂટેલા બે છેડાનો સંબંધ કરવાથી સમાચાર વહેતા થયા અને હજારોના જાન બચી ગયા.

પ્રભુ ઈસુએ વધસ્તંભના મરણ દ્વારા ઈશ્વર અને માણસના તૂટેલા સંબંધને ફરી જોડ્યો. હેબ્રીઓના પત્રનો લેખક લખે છે કે "તમે જેઓ

પહેલાં વેગળા હતા તેઓ ઈસુના મરણ દ્વારા હવે પાસે આવ્યા છો."

જો તમે પાસે આવ્યા છો તો હવે તમને સમાધાનની અને સલાહ કરાવવાની સેવા સોંપવામાં આવી છે.

સલાહ કરાવનારાઓને ધન્ય છે, કેમકે તેઓ દેવના દીકરા કહેવાશે. કેટલું મોટું માન!

## ૮,૯. આઠમી અને નવમી ધન્યતા :

ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે તેઓને ધન્ય છે, કેમકે આકાશનું રાજ્ય તેઓનું છે.......

ઈસુની પાછળ ચાલનારાઓનું જીવન સહેલું જીવન નથી. પણ દુઃખ અને સતાવણીઓથી ભરેલું છે. ખ્રિસ્તી જીવનનો માર્ગ એ તો કાંટાનો માર્ગ છે, વધસ્તંભનો માર્ગ છે; અને પ્રભુ ઈસુ કહે છે "મારી પાછળ આવો."

બહુ મીઠાશથી કહે છે ઈસુ;
સ્તંભને ઉચક, બીતો મા;
તુજ આગળ આ વાટ ચાલ્યો હું,
આજ લગ તેમાં છે મહિમા. ભ.સં.ગીત. ૩૭૩.

પિતરને ઈસુએ કહ્યુ, "જયારે તું ઘરડો થશે ત્યારે તું તારા હાથ લાંબા કરશે અને બીજો કોઈ તને બાંધીને જયાં તું જવા નહિ ચાહતો હોય ત્યાં તને લઈ જશે." આમાં પિતરની થનાર સતાવણીનો ઉલ્લેખ છે.

ન્યાયીપણાને લીધે - એટલે ખ્રિસ્તી હોવાને લીધે, સારૂ કરવાને લીધે થનાર સતાવણીની વાત છે. ખોટુ કરવાથી કે અન્યાયીપણે વર્તવાથી થનાર સતાવણીની વાત નથી.

મારે લીધે - ખ્રિસ્તને લીધે, ખ્રિસ્તી સાક્ષી આપવાને લીધે થનાર સતાવણીની વાત છે.

જૂના કરારમાં પ્રબોધકોની સતાવણી કરાઈ હતી, અને તેમને મારી નાખવામાં આવ્યા હતાં.

યિર્મેયાહની ઘણી સતાવણી થઈ હતી. તેને કાદવ-કીચડવાળા ટાંકામાં પૂરવામાં આવ્યો અને આખરે મિસરમાં તેને પત્થરે મારીને મારી નાખવામાં આવ્યો.

યશાયા પ્રબોધકને પકડીને બે પાટિયાની વચ્ચે બાંધીને કરવતથી વહેરી નાખવામાં આવ્યો.

હઝકીએલને બાબેલમાં કતલ કરવામાં આવ્યો.

ઝખાર્યાહને મંદિરના આંગણામાં પત્થરે મારીને મારી નાખ્યો.

દાનિએલની સતાવણી થઈ તેને સિંહોના બીલમાં પૂરવામાં આવ્યો. શાદ્રાખ, મેશાખ અને અબેદનગોને સાતગણી તપાવેલી અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા.

યોહાનને ઉકળતા તેલની કઢાઈમાં નાખવામાં આવ્યો.

પિતરને ઉંધે માથે વધસ્તંભે જડવામાં આવ્યો.

પાઉલનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

યાકુબને તરવારથી કાપી નાંખવામાં આવ્યો.

થોમાને તીરથી વિંધી નાખવામાં આવ્યો.....વિગેરે...વિગેરે.

મંડળી તેની શરૂઆતથી જ સતાવણી વેઠતી આવી છે. રૂમી સમ્રાટોએ મંડળીની ભારે સતાવણી કરી છે. એક ઈતિહાસકાર લખે છે કે "બીજા અને ત્રીજા સૈકામાં ખ્રિસ્તીઓ ઉપર જેવા અત્યાચાર થયા છે તેવા મનુષ્યજાતિના ઈતિહાસમાં બહુ થોડા લોકો ઉપર કરવામાં આવ્યા છે." ખ્રિસ્તીઓને વધસ્તંભે જડાવે, આગમાં બાળે, હિંસક પશુઓનો શિકાર બનાવે, પ્રાણીના તાજા ચામડામાં સીવીને તડકે મુકવામાં આવે. તેઓને કોચવામાં આવે રીબાવવામાં આવે અને મારી નાંખવામાં આવે. ઈતિહાસકાર તર્તલીયન કહે છે :- "ધર્મને અર્થે પ્રાણ આપનારનું લોહી મંડળીનું બી છે." એ બી વવાયાં અને આજે મંડળી ફૂલીફાલીને વૃધ્ધિ પામી છે.

ઈંગ્લાંડના લાટીમાર અને રીડલેનને ઈ.સ. ૧૫૫૩માં બાળી મુકવામાં આવ્યા, તે વખતે રૂમી સીપાઈઓ તેમને માટે લાકડાં ગોઠવતાં હતા; તે જોઈને લાટીમાર બોલે છે : "હિંમત રાખો, આજે ઈંગ્લાંડમાં આપણે એક દીવો સળગાવીશુ કે જે કદી હોલવાશે નહિ." સ્પર્શના અધ્યક્ષ પોલીકાર્પને મારી નાખવામાં આવ્યા તે પહેલાં તેમને ખ્રિસ્તી ધર્મ છોડી દેવાનું કહેવામાં આવ્યુ ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે મેં ૮૬ વર્ષ સુધી ઈસુની સેવા કરી છે અને તેણે મારૂ ભલું જ કર્યું છે, તો હવે હું તેને કેવી રીતે છોડી શકું કે શાપ આપી શકું! બ્લાન્ડીના નામની એક છોકરીને

ખૂબ દુ:ખ આપવામાં આવ્યુ, પણ આખર સુધી તે એક જ વાત બોલતી રહી કે હું ખ્રિસ્તી છું.

શા માટે સતાવણીમાં આનંદ?

(૧) સતાવણી સહન કરવાથી અને સ્થિર રહેવાથી આપણે ઈસુ ખ્રિસ્ત તરફનું વિશ્વાસુપણુ અને ભક્તિ બતાવી શકીએ છીએ. ૧ લા વિશ્વયુધ્ધમાં રૂપર્ટ બ્રુક નામનો યુવાન કવિ મરણ પામ્યો. તેણે લખ્યું હતું કે "ઈશ્વરનો આભાર માનો કે તેણે આપણને તેના જેવી સ્થિતિમાંથી પસાર થવાનો સમય આપ્યો."

(૨) સતાવણી સહન કરવાથી આપણને એવા માર્ગે ચાલવાની તક મળે છે કે જે માર્ગ પર પ્રબોધકો, સંતો, અને શહીદો ચાલ્યા છે. ખ્રિસ્ત ઈસુ પોતે એ માર્ગે ચાલ્યા છે. માટે આવા પ્રસંગો માટે આનંદ કરીએ - હરખાઈએ.

(૩) હિંમતથી સતાવણી સહન કરવાથી આપણી પાછળ આવનારાઓ માટે આપણે માર્ગ સહેલો બનાવીએ છીએ. આજે આપણે સ્વતંત્રતાનો આનંદ મેળવીએ છીએ, કારણ કે ભૂતકાળમાં ઘણા લોકોએ આ સ્વતંત્રતા પોતાનું લોહી, પરસેવો અને આંસુની કિંમત ચૂકવીને ખરીદી છે. આજે જો આપણે સતાવણી વેઠીએ છીએ તો આપણા પછી આવનાર પેઢીને માટે માર્ગ વધારે ચોખ્ખો બનાવીએ છીએ.

કોઈએ લખ્યું છે કે "જો તમારી સેવામાં સેવાના માર્ગમાં કાંટા, કાંકરા અને ઝાંખરાં આવતાં હોય (મુશ્કેલીઓ આવતી હોય) તો યાદ રાખો કે ઈશ્વરે તમને તે વીણવા અને સાફ કરવા મોકલ્યા છે. અને જો સેવાના માર્ગમાં કાંટા, કાંકરા ના દેખાતા હોય તો યાદ રાખજો કે તમારી અગાઉ કોઈએ તે વીણી કાઢ્યા છે." કેટલું બધું સાચું!

અમેરિકામાં પાણીનો એક બંધ બંધાઈ રહ્યો હતો. આ પાણી દ્વારા વેરાન અને રણ જેવી જમીનને ફળદ્રુપ બનાવવાની હતી. આ બંધ બાંધવા ઘણાં માણસો મરણ પામ્યા હતાં. જ્યારે બંધ પુરો થયો, ત્યારે જે માણસો મરણ પામ્યાં હતાં તેમના નામનું લીસ્ટ બનાવીને આ બંધની મુખ્ય દિવાલ ઉપર મુકવામાં આવ્યું અને નીચે લખવામાં આવ્યું કે -

"રણ આનંદ કરે અને ગુલાબની પેઠે ખીલે એ માટે આ માણસો મરણ પામ્યા છે." એમજ, ખ્રિસ્તને ખાતર સતાવણી પામનાર આવનાર પેઢીને માટે રસ્તો સાફ કરે છે.

(૪) સતાવણીમાં માણસ એકલો નથી, પણ ઈસુ તેની સાથે છે. અગ્નિની ભઠ્ઠીમાં ત્રણ જણને નાખ્યા હતા, પણ ચોથો દેવપુત્રના જેવો તેમની સાથે હતો.

ઈસુ કહે છે - જુઓ સદાકાળ હું તમારી સાથે છું.

જ્યારે આપણા વિશ્વાસને લીધે, પ્રમાણિકતાને લીધે લોકો આપણી નિંદા કરે, મશ્કરીઓ કરે, કૂથલી કરે, અસત્ય વાતો ફેલાવે ત્યારે સામાન્ય રીતે આપણને દુઃખ લાગે એ સ્વાભાવિક છે. પણ આ ધન્યતા કહે છે. એવે વખતે આનંદ કરો અને હરખાઓ, કેમકે આકાશમાં તમને એનો મોટો બદલો મળશે. જેઓ સતાવણીમાં પાર ઉતરે છે તેઓને ધન્ય છે કેમકે તેઓની આગળ મુકેલી મહાન આશામાં તેઓ આનંદ પામશે.

## છૂટક વિચારો - Point to Ponder

### "X" શબ્દ

શરૂઆતની મંડળીમાં "X" શબ્દ ખૂબ પ્રચલીત હતો, કારણ કે ગ્રીક ભાષામાં ખ્રિસ્તના નામનો આ પહેલો અક્ષર છે. આ 'X' માં બે અક્ષરો સમાએલા છે, V અને XX અક્ષર સૂચવે છે કે ઈશ્વરનો પ્રેમ અને સામર્થ્ય નીચે માણસો તરફ આવે છે, જ્યારે ઉંધો અક્ષર Λ દર્શાવે છે કે માણસે ઈશ્વર તરફ જવાનું છે.

★★★★

You better slow down
Do not dance so fast
Time is short
The music won't last.

★★★★

ગાલીલનો સમુદ્ર અને મૃત સમુદ્ર બન્નેમાં એક સરખુ જ પાણી છે. ગાલીલનો સમુદ્ર તેની આજુબાજુના પ્રદેશને સુંદર અને ફળદ્રુપ બતાવે છે, કારણ કે તે પોતાનુ પાણી બહાર આપે છે - પાણી બહાર જવાનો માર્ગ છે માટે જ્યારે મૃત સમુદ્રમાં પાણી બહાર જવાનો માર્ગ નથી અને તે પોતાનુ પાણી કોઈને આપતો નથી, સંગ્રહી રાખે છે માટે જ તે મૃત કહેવાય છે.

આપો - વહેતા રહો, બંધિયાર બની જશો નહિ.

★★★★

બોલીને મુર્ખાઈની સાબિતી આપવી કે મુર્ખાઈ છતી કરવી એના કરતાં ચૂપ રહીને મુર્ખાઈને ઢાંકી રાખવી એ સારૂ છે.

★★★★

સૌ પ્રથમ વખતે અમેરિકામાં ૧૭૮૯ની સાલમાં પ્રેસીડેન્ટ જ્યોર્જ વોશીંગ્ટને આખા દેશમાં આભારસ્તુતિની ઉજવણી કરવાની જાહેરાત કરી હતી.

★★★★

God Creates out of nothing Wonderful

But God makes Saints out of Sinners more Wonderful.

★★★★

The Poorest man in the world is the man who has nothing but Money.

★★★★

૮૯ વર્ષની ઉંમરના એક વડીલને પુછવામાં આવ્યુ કે તમારા લાંબા અને સુખી જીવનનું રહસ્ય શું છે?

વડીલે જવાબમાં કહ્યુ, મારી "ફોર્મ્યુલા" બે જ અક્ષરની છે - "Yes dear".

★★★★

થીઓડોર રૂઝવેલ્ટ કહે છે :-

દૈવી દોરવણી વગરનું માત્ર જ્ઞાન એ બે જવાબદાર વ્યક્તિના હાથમાં સોંપેલી બંદુક જેવું છે.

★★★★

Religion is meant to be our Steering wheel, and not our spare wheel.

★★★★

મહાન ફિલોસોફર એરિસ્ટોટલે આ પ્રમાણે લખ્યુ :-

Anybody Can become angry -

That is easy, but to be angry with right Person, and to the right degree,

and at the right time and for the right Purpose and in the right way -

That is not within everybody's Power and it is not easy.

★★★★

જગતની દરેક જેલોમાં અને દરેક કેદીમાં એક બાબત સામાન્ય છે અને તે એ કે દરેક કેદી એક વખતે સારો માણસ હતો - સારી સ્ત્રી હતી, પરંતુ કોઈ એવી નબળી ક્ષણે એનાથી ભૂલ થઈ બેઠી અને હંમેશ માટે તેની આબરૂ હણાઈ ગઈ.

★★★★

કોઈએ ડૉ. જોસફ પાર્કરને પુછયું :

શા માટે ઈસુએ યહુદાને પસંદ કર્યો હશે? ડૉ. પાર્કરે જવાબમાં કહ્યુ, એનાથી મોટુ આશ્ચર્ય તો મને એ થાય છે કે શા માટે ઈસુએ મને પસંદ કર્યો હશે?

★★★★

તમારો ભૂતકાળ ગમે તેવો હોય, પણ હમેશાં યાદ રાખો કે તમારી પાસે ડાઘ વગરનો ભવિષ્યકાળ છે.

★★★★

ઈન્સાન જયારે જુઠ્ઠુ બોલવા ઈચ્છતો નથી, અને સત્ય બોલવાની એનામાં હિંમત નથી, ત્યારે ખામોશ રહે છે.

★★★★

## વિભાગ-૩
## સંદેશાની રૂપરેખા

રેવ. જી. કેમ્પબેલ મોરગન કહે છે :-

The Preacher must stand on Pulpit, in Presence of God and in presence of men and say - "Thus saith the Lord."

## ૧. ઈબ્રાહીમની જીવન મુસાફરીમાં વેદીનું સ્થાન

ઈબ્રાહીમના જીવનમાં જુદી જુદી વેદીઓ જોવા મળે છે. ઈશ્વરે ઈબ્રાહીમની સાથે વાત કરીને પોતાની ઈચ્છા-યોજના બતાવી અને ઈબ્રાહીમે તે સ્વીકારી. વેદી બાંધી એટલે તેનું ભજન કર્યુ, ભજન કર્યું એટલે ઈશ્વરને પ્રત્યુત્તર આપ્યો.

**<u>પહેલી વેદી</u> :- ઉત્પત્તિ ૧૨;૭, <u>દર્શનની વેદી</u>**

"અને યહોવાહે ઈબ્રાહીમને દર્શન આપીને કહ્યુ..... અને જે યહોવાહે તેને દર્શન આપ્યુ હતું તેને સારૂ તેણે ત્યાં વેદી બાંધી." ઈશ્વરે કનાન દેશ આપવાનું વચન આપ્યું અને ઈબ્રાહીમે તે સ્વીકારી લીધું અને તેની યાદમાં ત્યાં વેદી બાંધી.

આપણને ઘણીવાર ઈશ્વરનાં વચનો સ્વીકારતાં મુશ્કેલી લાગે છે. એવું તે બનતુ હશે? અવિશ્વાસ લાવીએ છીએ. ઈબ્રાહીમે વિશ્વાસ કર્યો. જુઓ રૂમી ૪;૨૦.

**<u>બીજી વેદી :- પ્રાર્થનાની વેદી,</u> ઉત્પત્તિ ૧૨;૮-૯.**

ઈબ્રાહીમે બેથેલેની પૂર્વગમ જે પર્વત છે ત્યાં પોતાને સારૂ તંબુ માર્યો અને ત્યાં વેદી બાંધી અને યહોવાહને નામે ત્યાં પ્રાર્થના કરી.

અહીં પહેલી વખત ઈબ્રાહીમને પ્રાર્થના કરતો જોઈએ છીએ. ઈશ્વર આગળ ઘુંટણો પર નમેલો જોઈએ છીએ. ઉત્પ. ૧૩;૪ માં ફરી વખત ઈબ્રાહીમ પ્રાર્થના કરતો દેખાય છે.

**<u>ત્રીજી વેદી</u> :- ઉત્પત્તિ ૧૩;૧૪-૧૮.**

**આશાની ક્ષીતીજો વધારતી વેદી.**

અગાઉ ૧૨;૭ માં કનાન દેશ પ્રાપ્ત કરવાનું જે વચન મળ્યું હતું તે વચન - તે દર્શન અહીં વિશાળ અને વિસ્તૃત બને છે - વધુ સ્પષ્ટ થાય છે. "ઉઠ, ----- હું તને તે આપીશ." અને ઈબ્રાહીમે ત્યાં વેદી બાંધી. આપણી જીવન મુસાફરીમાં આવી કોઈ વેદીઓ આપણે બાંધી છે?

# ૨. શાહી ફરમાન

માત્થી ૨૮;૧૮-૨૦માં પ્રભુ ઈસુનું શાહી ફરમાન Royal Command મળે છે. છેલ્લી આજ્ઞા મળે છે. આ આજ્ઞામાં ચાર વખત "All - સર્વ" શબ્દ વાપરવામાં આવ્યો છે.

(૧) All authority - સર્વ અધિકાર

પ્રભુ ઈસુ કહે છે : સર્વ અધિકાર મને અપાયો છે. આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર પ્રભુ ઈસુને છે. ઈસુની સેવા દરમિયાન વારંવાર આ સવાલ પુછવામાં આવ્યો છે કે કયા અધિકારથી તું કામો કરે છે. આ સવાલનો જવાબ અહીં મળે છે.

માંદાને સાજા કરવાનો અધિકાર.

અશુધ્ધ આત્માઓને કાઢવાનો અધિકાર.

જગતનો ન્યાય કરવાનો અધિકાર.

જગતનું તારણ કરવાનો અધિકાર.

પાપની માફી આપવાનો અધિકાર.

સર્વ અધિકાર મને આપવામાં આવ્યો છે.

(૨) All People - સર્વ દેશનાઓને

માત્ર પાલેસ્ટાઈનના જ નહિ, માત્ર ઈસ્ત્રાએલી લોકોને જ નહિ; પણ સર્વ લોકોને શિષ્યો કરો. પૃથ્વીના છેડા સુધી સુવાર્તા પ્રગટ કરો.

સુવાર્તા બધા જ લોકોને માટે છે.

તારણની બધા જ લોકોને જરૂર છે.

તારનારની બધા જ લોકોને જરૂર છે,

કેમકે બધાએ પાપ કર્યુ છે - કોઈ ન્યાયી નથી, હા, એક પણ નહિ. (રૂમી ૩ જો અધ્યાય)

(૩) All Commandments

સર્વ આજ્ઞાઓ પાળવાનું તેઓને શીખવતા જાઓ.

પૂરેપુરૂ શિક્ષણ આપો - પુરી તાલીમ આપો. સમજમાં, જ્ઞાનમાં,

વિશ્વાસમાં દ્રઢ કરો. જે આજ્ઞાઓ મેં આપી છે. તે સર્વ પાળવાનું તેઓને શીખવો.

પ્રેમ વિષે, માફી વિષે, સેવા વિષે, પ્રાર્થના વિષે, દાનધર્મ વિષે - જે જે આજ્ઞાઓ આપી છે તે સર્વ આજ્ઞાઓ પાળવાનું લોકોને શીખવો.

. (૪) All the Time - સર્વકાળ

જુઓ હું સર્વકાળ તમારી સાથે છું, આપણી કસોટીઓમાં, પરીક્ષણોમાં, માંદગીમાં, દુઃખમાં, આપણા વિજયોમાં અને આપણી હારમાં, આપણા આનંદમાં અને આપણા શોકમાં - સર્વ પ્રસંગે - સર્વકાળ પ્રભુ ઈસુ આપણી સાથે છે. ઈસુની હાજરી સર્વ સમયે આપણી સાથે છે. આ પ્રભુ ઈસુનું વચન છે. આપણે એકલા નથી.

## ૩. ઈસ્ટર પ્રતિ ત્રણ પ્રકારનાં વલણો.

પહેલી ઈસ્ટરે પ્રભુ ઈસુના પુનરૂત્થાન બાબતે લોકોએ ત્રણ પ્રકારનાં પ્રતિભાવ આપ્યા હતા. ત્રણ પ્રકારનાં વલણો બતાવ્યાં હતાં - ત્રણ પ્રકારના માણસો ત્યાં હતા.

પ્રે.કૃ. ૧૭;૩૨-૩૪

**૧. સંપૂર્ણ નકાર** :- કેટલાક લોકોએ ઈસુના પુનરૂત્થાનનો નકાર કર્યો. મશ્કરી કરી - કલમ ૩૨. અવિશ્વાસ આણ્યો.

**૨. કેટલાકે ખુલ્લા મન સાથે તૈયારી બતાવી.**

તેઓએ આખરી નિર્ણય કર્યો નથી. ઈસ્ટરની વાત સ્વીકારી લીધી નથી, પરંતુ તેઓનાં મન જડ નથી, ઈસ્ટર બાબતે મન ખુલ્લાં છે.

"અમે ફરી વખતે આ વિષે તારૂ સાંભળીશું" - કલમ ૩૨. તેઓની સાંભળવાની તૈયારી છે.

**૩. કેટલાકે વિશ્વાસ કર્યો** :- કેટલાક લોકોએ પાઉલની વાત માની, સ્વીકારી, પુનરૂત્થાન પર વિશ્વાસ કર્યો અને પાઉલને વળગી રહ્યા. કલમ ૩૪.

આજે ૨૦૦૦ વર્ષ પછી પણ શું લોકો પુનરૂત્થાનની વાત સ્વીકારે છે? આજે પણ આવા ત્રણ પ્રકારના લોકો જોવા મળશે - ત્રણ પ્રકારનાં વલણો જોવા મળશે. તમે - તમારૂ વલણ કેવું છે?

# ૪. ઈસુને માટે જગ્યા નહોતી.

૨૫ ડીસેમ્બરે નાતાલ ઉજવીએ છીએ, પણ ૨૬મી એ ભૂલી જઈએ છીએ.

આ પૃથ્વી પર ઈસુને માટે ક્યાંય જગા નહોતી.

બેથલેહેમમાં ઈસુને માટે જગ્યા નહોતી.

બેથલેહેમની ધર્મશાળામાં જગ્યા નહોતી.

થોડા દિવસો પછી યહુદીયામાં ઈસુને માટે જગ્યા નહોતી, આથી યુસફ અને મરિયમ તેને લઈને મિસરમાં જતાં રહ્યાં. માર્ક ૬ પ્રમાણે ઈસુ ઉછર્યા હતા, તે નાઝરેથમાં ઈસુને માટે જગ્યા નહોતી. માર્ક ૫ પ્રમાણે ગેનેસારેથના પ્રાંતમાં ઈસુને માટે જગ્યા નહોતી. આથી તેને ત્યાંથી નીકળી જવાની ફરજ પડી.

યરૂશાલેમમાં ઈસુને માટે જગ્યા નહોતી આથી શહેરની બહાર - શહેરની દિવાલોની બહાર - "એક શહેરના કોટની બહાર" લઈ જઈને ઈસુને થંભે જડાવવામાં આવ્યા.

લુક ૯ પ્રમાણે સમારીઆમાં ઈસુને માટે જગ્યા નહોતી કારણ કે તેનુ મોં યરૂશાલેમ ભણી હતું.

યહુદા ના જીવનમાં - હૃદયમાં ઈસુને માટે જગ્યા નહોતી, માટે માત્ર ૩૦ જ રૂપિયામાં વેચી દેવાયા.

પ્રકટી-૩ પ્રમાણે લાઓદિકિયાની મંડળીમાં ઈસુને માટે જગ્યા નહોતી, કારણ મંડળી હુંફાળી હતી. સારદીસની મંડળીમાં જગ્યા નહોતી, કારણ મંડળી મરેલી હતી. હુંફાળી મંડળીમાં કે મૃત મંડળીમાં ઈસુને માટે જગ્યા નથી.

શું આજે આપણી મંડળીઓમાં - આપણા જીવનમાં - હૃદયમાં ઈસુને માટે જગ્યા છે?

# ૫. જુદા જુદા પોકારો

કેટલી બધી લડાઈઓ પોકારો વગર હારી જવામાં આવી છે. કેટલી બધી પ્રાર્થનાઓ પોકારો વગર પાછી પડી છે.

(૧) વિશ્વાસનો પોકાર :- યહોશુઆ ૬; ૧૬-૨૦.

અહીં લોકોના વિશ્વાસનો પોકાર જોવા મળે છે. લોકોએ પોકારો કર્યા અને યરેખોની દિવાલ તૂટી પડી. જુઓ હેબ્રી ૧૧;૩૦.

(૨) વિજયનો પોકાર :- ૨ કાળવૃત્તાંત ૧૩;૧૫.

યહુદાના માણસોએ પોકારો કર્યા અને ઈશ્વરે દુશ્મનોને હરાવ્યા. દુશ્મનો ઉપર વિજય મળ્યો.

(૩) સ્તુતિના પોકારો :- યશા. ૧૨;૬.

લોકોએ સ્તુતિના પોકારો કર્યા ત્યારે ઈશ્વર મોટો મનાયો. હે સીયોનમાં રહેનારી જોરથી પોકાર, કેમકે ઈસ્ત્રાએલનો પવિત્ર દેવ તારામાં મોટો મનાય છે. આપણા સ્તુતિના પોકારોથી ઈશ્વર મોટો મનાય છે.

એઝરા ૩;૧૧ પ્રમાણે યરૂશાલેમના મંદિરનો પાયો નાખવામાં આવ્યો ત્યારે લોકોએ સ્તુતિના અને હર્ષના પોકારો કર્યા.

(૪) આવકારનો પોકાર :- ઝખાર્યાહ ૯;૯.

આનંદ કર, પોકાર, જો તારો રાજા તારી પાસે આવે છે. તેનો આવકાર કર, તેને વધાવી લે, પોકાર કરીને તેનો આવકાર કર.

પ્રભુ તેના મહિમામાં પોકાર સહિત પૃથ્વી પર બીજી વખત આવશે. આપણે તેને પોકારોથી વધાવીશું? ૧ થેસ્સા - ૪;૧૬.

# ૬. નાતાલનો આત્મા.

## Spirit of Christmas

**૧. નાતાલ એ આનંદનો આત્મા છે.** Spirit of Joy.

જુઓ, હું તમને મોટા આનંદની સુવાર્તા કહુ છું. આનંદ-નાતાલનો આનંદ - સુવાર્તાનો આનંદ મેળવો અને બીજાઓમાં વહેંચો.

**૨. પ્રેમનો આત્મા** - Spirit of Love.

દેવે જગત પર એટલો બધો પ્રેમ કર્યો..... યોહાન ૩;૧૬.

પ્રેમની શરૂઆત કરનાર ઈશ્વર છે. તેમણે પહેલ કરી છે.

**૩. ભજન-ભક્તિનો આત્મા** - Spirit of Worship.

માગીઓએ પગે પડીને તેનુ ભજન કર્યું.

**૪. સ્વાર્પણનો આત્મા** - Spirit of giving.

માગીઓએ સોના, બોળ અને લોબાનનાં અર્પણો ચઢાવ્યાં.

નાતાલ એ ઉધ્ધારનો સંદેશો લાવે છે બીજાઓને જણાવો, વધામણી સર્વને માટે છે.

આ આત્મિક ભાવ સાથે નાતાલ ઉજવો.

## ૭. તે અપરાધીઓમાં ગણાયો.

યશાયા ૫૩;૧૨ માંનું આ ભવિષ્ય વચન માર્ક ૧૫;૨૮ માં પુરૂ થયું. "તે અપરાધીઓમાં ગણાયો."

ઈસુ અપરાધીઓમાં ગણાયા, કેમકે તે અપરાધીઓના અપરાધ માથે લેવા માટે જ આ જગતમાં આવ્યા હતાં.

**૧. ઈસુનું બાપ્તીસ્મા :-** માત્થી ૩ માં યોહાન બાપ્તીસ્મી જે બાપ્તીસ્મા આપતો હતો તે તો પસ્તાવાનું બાપ્તીસ્મા હતું, શુધ્ધિકરણનું બાપ્તીસ્મા હતું. જ્યારે ઈસુ પોતે નિષ્કલંક હોવા છતાં શા માટે પસ્તાવાનું આ બાપ્તીસ્મા ઈસુએ લીધું? ઈસુને પસ્તાવો કરવાની કે શુધ્ધિકરણની કોઈ જરૂર નહોતી. છતાં ઈસુએ આ બાપ્તીસ્મા લીધું. એનો અર્થ કે ઈસુએ પોતાને પાપીઓ અને અપરાધીઓ સાથે ગણાવ્યા. "હમણાં એમ થવા દે, કેમકે સર્વ ન્યાયીપણુ એમ પુરૂ કરવું આપણને ઘટારત છે." (માત્થી ૩;૧૫). ઈસુએ યોહાનથી પસ્તાવાનું બાપ્તીસ્મા લઈને એ બતાવ્યું કે પોતે પાપીઓ - અપરાધીઓની સાથે છે.

**૨. શુધ્ધિકરણનો યજ્ઞ :-** લુક ૨;૨૨-૨૪. પ્રમાણે ઈસુની મા મરિયમ અને યુસફ શુધ્ધિકરણને દિવસે ઈસુને મંદિરમાં લાવ્યાં ને ત્યાં શુધ્ધિકરણને માટે હોલાનો તથા કબુતરનો યજ્ઞ કર્યો.

લેવી ૧૨ પ્રમાણે આવો યજ્ઞ દહનિયાર્પણ અને પાપાર્થાર્પણ માટે કરવામાં આવતો. હવે ઈસુ જે નિષ્કલંક છે તેમને માટે આવો યજ્ઞ કરવાની શી જરૂર હતી? શું મરિયમ અને યુસફે કંઈ ભૂલ કરી? ના, આ પણ ઈશ્વરની યોજના પ્રમાણે જ બન્યુ. "ઈસુ અપરાધીઓમાં ગણાયો" - એ વચન અહીં પૂર્ણ થયું. ઈસુએ પાપીઓ સાથે એકરૂપ કરવામાં આવ્યાં.

ઈસુનાં માબાપ ગરીબ હતાં માટે હોલા તથા કબુતરનાં અર્પણ લાવ્યાં. જુઓ લેવી ૧૨;૮.

**૩. વધસ્તંભ પર :-** વધસ્તંભ પર બે ચોરની વચ્ચે ઈસુને જડવામાં આવ્યા. ઈસુ બે ચોરની વચ્ચે. અપરાધીઓની વચમાં, તે અપરાધીઓમાં ગણાયો.

**૪. ઈસુ પરના આક્ષેપો :-** લોકો ઈસુ પર આવા જ આક્ષેપો મુકતા હતા. તે દાણીઓ અને પાપીઓ સાથે ખાય છે, તેમની સાથે ઉઠે છે - બેસે છે. લોકોએ પણ ઈસુને અપરાધીઓમાં ગણાવ્યા અને ઈસુએ તેનો કદી વિરોધ કર્યો નથી. સાચેજ, તે અપરાધીઓમાં ગણાયો.

# ૮. જુનું અને નવું

જુનું એ જુનુ છે અને નવું એ નવું છે, આ બન્નેને મીક્સ કરી શકાય નહિ.

ઘાના રાજ્યમાં ૧૯૭૪ પહેલાં કાર ડ્રાઈવીંગ ડાબી બાજુથી કરવામાં આવતુ. પણ ૧૯૭૪માં નવો કાયદો કરવામાં આવ્યો અને આ કાયદા પ્રમાણે હવેથી કાર ડ્રાઈવીંગ જમણી બાજુથી કરવામાં આવે છે. બન્ને કાયદા એની જગ્યાએ બરાબર છે, પણ બન્નેને મીક્સ કરી શકાય નહિ. ઘડીમાં ડાબી બાજુથી અને ઘડીમાં જમણી બાજુથી - એવી રીતે કાર હંકારી શકાય નહિ. હવે જૂના કાયદાની જગ્યાએ નવો કાયદો અમલમાં મુકવાનો છે.

<u>(૧) નવો દ્રાક્ષારસ અને જુની મશકો</u> :-

માર્ક ૨;૧૮-૨૨ માં ઈસુ કહે છે, નવો દ્રાક્ષારસ જુની મશકોમાં કોઈ ભરતું નથી. જો ભરે નો નવો દ્રાક્ષારસ જુની મશકોને ફાડી નાખે અને બન્નેનો નાશ થાય.

નવા દ્રાક્ષારસમાંથી નીકળતો જલદ ગેસ જુની મશકોની બરડ અને કઠણ થએલી સપાટી સહન કરી શકતી નથી, તેથી મશકો ફાટી જાય છે. માટે નવો દ્રાક્ષારસ નવી મશકોમાં ભરવામાં આવે છે. નવો દ્રાક્ષારસ અને જુની મશકો એ બેને ભેગા કરી શકાય નહિ.

<u>(૨) જુનો કરાર અને નવો કરાર</u> :-

જૂનો કરાર એની જગ્યાએ છે અને નવો કરાર એની જગ્યાએ છે - બન્ને ને મીક્સ કરી શકાય નહિ.

જૂના કરાર પ્રમાણે "તું નિયમથી જીવશે," નવા કરાર પ્રમાણે "વિશ્વાસ અને કૃપાથી જીવશે." (૨ કોરંથી ૫;૨૧).

ગલાતી ૨;૨૧ જુઓ. અહીં પ્રે.પાઉલ લખે છે, "જો નિયમથી ન્યાયીપણુ હોય તો ખ્રિસ્ત વિના કારણ મુઓ." નિયમ અને કૃપા એ બેને મીક્સ કરી શકાય નહિ. જૂના કરારની જગ્યાએ હવે ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા નવો કરાર આપ્યો છે. જૂના કરારનું સ્થાન નવા કરારે

લીધું છે. આ બંને મીક્સ કરી શકાય નહિ.

<u>(૩) જુનું માણસપણુ અને નવું માણસપણુ</u> :-

આ બંને પણ મીક્સ કરી શકાય નહિ. ૨ કોરંથી ૫;૧૭ માં પ્રે.પાઉલ લખે છે, "જુનું હતુ તે જતુ રહ્યું છે, અને જુઓ હવે સઘળું નવું થયુ છે." જે ખ્રિસ્તમાં છે તે હવે નવી ઉત્પત્તિ છે. જૂના માણસપણામાં બધો અંકુશ શેતાનના હાથમાં હતો, હવે નવા માણસપણામાં બધો અંકુશ ઈસુ ખ્રિસ્તના હાથમાં છે. કોઈ માણસ બે ધણીની ચાકરી કરી શકે નહિ. બેને મીક્સ કરી શકાય નહિ.

<u>(૪) દેવનાં તે દેવને અને કાઈસારનાં તે કાઈસારને</u> :-

જેનાં છે તેને ભરી આપો, પણ બન્નેને મીક્સ કરી શકાય નહિ. આપણાં નાણાં - દાનો જે દેવનાં છે તે દેવને જ આપો.

# ૯. ઈસુનું બીજુ આગમન

તેની પધરામણી પ્રાતઃકાળની પેઠે ખાતરીપૂર્વક છે. હોશિયા ૬;૩. જેમ સવાર પડશે એની ખાતરી છે એમજ ઈસુ પાછા આવશે એની ખાતરી હોવી જોઈએ.

પ્રે.કૃ. ૧;૧૧ "જેમ તમે તેને આકાશમાં જતાં જોયો એમજ તે પાછો આવશે." ખાતરીની વાત છે.

સુવાર્તામાં અને પત્રોમાં ઈસુના બીજા આગમન માટે ૩૬૫ સંદર્ભો છે ને ૨૮ અધ્યાયો છે. ઈસુના આગમનનો બનાવ અગત્યનો બનાવ છે.

"મારા આવતાં સુધી તમે તે પાળ્યા કરો."

પ્રભુભોજન આપણને યાદ અપાવે છે કે ઈસુ ફરી પાછા આવવાના છે, અને ઈસુ આવે ત્યાં સુધી તેના મરણની યાદગીરીમાં આ પવિત્ર સંસ્કાર પાળવાનો છે.

પ્રભુવારે ભજનસેવાનો સમય બહુ અગત્યનો છે. આપણે માત્ર એકબીજાને મળવા અને હલો-હાઈ કહેવા ભેગા મળતા નથી. માત્ર સંદેશો સાંભળવા કે ગીતો ગાવા જ ભેગા થતા નથી. પણ ઈસુના મરણને યાદ કરવા મળીએ છીએ અને ઈસુના મરણની યાદગીરી-પ્રભુભોજન આપણને યાદ અપાવે છે કે ઈસુ ફરી વખત પૃથ્વી પર આવવાના છે.

(૧) તેની કન્યા-મંડળીને લેવા માટે - ચોરની જેમ.

(૨) વાજતે-ગાજતે - જગતનો ન્યાય કરવા માટે,

શું આપણે તૈયાર છીએ?

# ૧૦. ઈસુ અને દાઉદ

"જો યહુદાહના કુળમાંનો જે સિંહ છે, જે દાઉદનું થડ છે.......
તે વિજયી થયો છે." પ્રકટી. ૫;૫

૧ શમૂએલ ૧૭.

<u>દાઉદ અને દાઉદનો પુત્ર ઈસુ</u>

દાઉદે જેમ ગોલિયાથને હરાવ્યો તેમ તેના પુત્ર ઈસુએ શેતાનને હરાવ્યો.

(૧) ચાલીસ દિવસ સુધી ગોલિયાથે શાઉલ અને તેના સૈન્યને પડકાર ફેંક્યો. ૧ શમુ-૧૭;૧૬.

એમજ ૪૦ દિવસ સુધી રાનમાં શેતાને પ્રભુ ઈસુને પડકાર ફેંક્યો - પરિક્ષણ કર્યું.

(૨) શાઉલ અને તેના સૈન્યની સ્થિતિ કફોડી હતી. ૧૭;૪ લોકો ગોલિયાથને જોઈને બી ગયા હતા અને નાસભાગ કરતા હતા. એવે જરૂરના સમયે દાઉદ ત્યાં આવી પહોંચ્યો.

જગતની સ્થિતિ પણ કફોડી હતી. ઉધ્ધારની કોઈ આશા નહોતી, નિરાશા અને અંધકાર હતો. એવે સમયે પ્રભુ ઈસુ બેથલેહેમની ગભાણમાં આવ્યા.

(૩) દાઉદને તેના પિતાએ તેના ભાઈઓની ખબર કાઢવા મોકલ્યો હતો. (૧૭;૧૭.૧૮). તેના ભાઈઓ ત્યારે યુધ્ધમાં હતા તેમની ખબર લેવા દાઉદ આવ્યો.

ઈશ્વર પિતાએ પોતાના પુત્રને જગતના લોકોની ખબર લેવા પૃથ્વી પર મોકલ્યો.

(૪) દાઉદને તેના બાપે તેના ભાઈઓની ખબર કાઢવા મોકલ્યો હતો, પણ જ્યારે દાઉદ તેમની પાસે આવ્યો ત્યારે તેના ભાઈઓ તેના ત્યાં આવવાથી નારાજ થયા અને તેને ધમકાવ્યો. ૧૭;૨૮.

પ્રભુ ઈસુને બાપે પૃથ્વી પર તેના લોકોની ખબર કાઢવા મોકલ્યા, પણ જ્યારે ઈસુ "પોતાનાની" પાસે આવ્યા ત્યારે તેઓ નારાજ થયા ને

તેનો આવકાર કર્યો નહિ યોહાન-૧ આકાશી પિતાએ પુત્રને પોતાના લોકો પાસે મોકલ્યો પણ એ લોકોએ તેને સ્વીકાર્યો નહિ.

(૫) દાઉદને આવતો જોઈને ગોલિયાથે તેનો તિરસ્કાર કર્યો, તેને શાપ દીધો. ૧૭;૪૨.

ઈસુ જગતમાં આવ્યા ત્યારે પણ શાસ્ત્રીઓ અને ફરોશીઓએ તેનો તિરસ્કાર કર્યો, તેને વધસ્તંભે જડવા સારૂ સોંપ્યો.

(૬) લડાઈમાં દાઉદે ગોલિયાથને હરાવ્યો, અને ગોલિયાથની સાથે તેના આખા સૈન્યને હરાવ્યું.

ઈસુએ શેતાનને હરાવ્યો અને એમ શેતાનના આખા સૈન્યને હરાવ્યું છે. ડંખ તોડી નાખવામાં આવ્યો છે. શેતાનનું સૈન્ય હારેલું સૈન્ય છે.

(૭) એકના મરણથી - ગોલિયાથના મરણથી બધાજ મુઆ.

એકના વિજયથી - દાઉદના વિજયથી બધાજ વિજયી થયા.

ઈસુના વિજયથી બધાજ વિજયી થયા છે. ઈસુએ મરણને જીત્યું છે, માટે આપણે પણ જીતીશું. ઈસુના પુનરૂત્થાનમાં આપણું પુનરૂત્થાન સમાએલું છે.

(૮) ગોલિયાથ સામેથી લડાઈમાં દાઉદે ભાલો ને તીર, ને તરવાર એવાં લડાઈનાં હથિયારો વાપર્યા નથી, માત્ર સાદી ગોફણનો ઉપયોગ કર્યો.

ઈસુએ શેતાન સામેની લડાઈમાં જગતમાં હથિયારો વાપર્યા નથી, પણ પંડનું બલિદાન આપીને શેતાનને હરાવ્યો.

શેતાનને હરાવવા જગતનાં શસ્ત્રોની નહિ, પણ આત્મિક શસ્ત્રોની જરૂર છે, દેવનાં હથિયારો સજી લો. તારણનો ટોપ, શાંતિ રૂપી જોડા, વચનરૂપી તરવાર.....વિગેરે.

"આત્મિક હથિયાર સજો વિરલા રે--એ છે હથિયાર વીરનાં."

# ૧૧. આર્શીવાદ પર આર્શીવાદ

"ખચીત, હું તને આર્શીવાદ પર આર્શીવાદ દઈશ." ઉત્પત્તિ. ૨૨;૧૭.

દેવે ઈબ્રાહીમને સાત પ્રકારના આર્શીવાદો આપવાનું વચન આપ્યું હતું. ઈબ્રાહીમને દેવનો મિત્ર કહેવામાં આવ્યો છે, અને દેવના મિત્ર થવાની ઈચ્છા રાખનાર સર્વને આ આર્શીવાદો મળી શકે છે.

<u>(૧) હું તારાથી એક મોટી કોમ ઉત્પન કરીશ :</u>

સો વર્ષની ઉંમર સુધી જેને એક પણ સંતાન નહોતુ તેને આ આર્શીવાદ કેવો રોમાંચક લાગ્યો હશે!

આત્મિક અર્થમાં લઈએ તો તારણ પામેલી-પસંદગી પામેલી વ્યક્તિ બીજાઓને તારણના માર્ગમાં લાવે છે - તેઓ બીજાને લાવે છે અને એમ તારણ પામેલી કોમ વધતી જાય છે. "આ બીનાઓ બન્યા પછી મેં જોયુ તો જુઓ સર્વ દેશમાંથી આવેલા, સર્વ કુળના, લોકના તથા ભાષાના કોઈથી ગણી શકાય નહિ એટલા માણસોની એક મોટી સભા!" પ્રકટી. ૭;૯.

<u>(૨) હું તને આર્શીવાદ દઈશ :</u>

દૈહિક આર્શીવાદો ઉપરાંત આત્મિક આર્શીવાદો સનાતન શાંતિ, અનંતકાળીક પ્રેમ, દૈવી આનંદ વિગેરે.

<u>(૩) હું તારૂ નામ મોટુ કરીશ :</u>

જગતમાં માન, સ્થાન, કીર્તિ અને મોટુ નામ, એ ઉપરાંત ખ્રિસ્તી વ્યક્તિને રાજા અને યાજક કહેવામાં આવ્યા છે. પ્રભુના એલચી ગણવામાં આવ્યા છે - રાજદુત.

(૪) તું બીજાઓને આર્શીવાદરૂપ થશે :

પ્રભુનો આર્શીવાદ પામીને બીજાઓને માટે આર્શીવાદ લાવનાર બનશે. આર્શીવાદની ચેનલ બનશે. બીજાઓને આપણી મારફતે દિલાસો મળે, ઉત્તેજન મળે અને ખરા ઈશ્વરની ઓળખ મળે, તારણનો માર્ગ મળે એ કેવો આર્શીવાદ!

(૫) જેઓ તને આર્શીવાદ દે તેઓને હું આર્શીવાદ દઈશ :

કેવી ધન્યતા પ્રભુના આર્શીવાદની સાથે બીજાઓનો આર્શીવાદ પણ સમાએલો છે. બીજાઓની કૃપા, સંગત, પ્રેમ પ્રાપ્ત થશે, અને એવા લોકોને આપણે લીધે પ્રભુ આર્શીવાદ આપશે.

(૬) જેઓ તને શાપ દે તેઓને હું શાપ દઈશ :

આપણી વિરૂધ્ધ પડનાર, આપણુ નુકશાન કરનારને આપણે શિક્ષા કરવાની જરૂર રહેશેં નહિ, કેમકે પ્રભુ યહોવાહ પોતે તેઓને શિક્ષા કરશે. એવા લોકોની આપણી વિરૂધ્ધની ભૂંડી યોજનાઓ, છળકપટ અને યુક્તિઓને પ્રભુ સફળ થવા દેશે નહિ. પ્રભુ એવા લોકોથી આપણું રક્ષણ કરશે.

(૭) તારામાં પૃથ્વીના સર્વ લોકો આર્શીવાદ પામશે :

જગતના સર્વ લોકોને આપણે પ્રાર્થનામાં ધરી રાખીને-તેઓને આર્શીવાદ પમાડી શકીએ. જ્યાં જ્યાં પ્રભુ લઈ જાય ત્યાં સાક્ષી દ્વારા બીજાઓને આર્શીવાદ પમાડી શકાય. પ્રભુને સમર્પિત એવી વ્યક્તિને લીધે બીજાઓને પ્રભુ આર્શીવાદ આપશે.

સદોમ-ગમોરાહના નાશ વખતે પ્રભુ યહોવાહ ઈબ્રાહીમને વચન આપે છે - જો એ શહેરમાંથી થોડા લોકો પણ ન્યાયી મળશે તો તેઓની ખાતર હું શહેરનો નાશ કરીશ નહિ. તેઓને બચાવીશ.

"આર્શીવાદો ઘણા મળે છે નિત નિત......"

# ૧ ૨. બાઈબલનાં વૃક્ષો

(૧) ગુલ્લરનું ઝાડ :- લુક ૧૯;૪

જાખી દાણી આ ઝાડ પર હતો, ત્યાં તેને ઈસુનો મેળાપ થયો - તારણ મળ્યું. ગુલ્લરનું ઝાડ એ ઈસુ પાસે આવવાનું સૂચન કરે છે, ત્યાં ઈસુની ઓળખ થાય છે, ત્યાં ઈસુનો મેળાપ થાય છે, માફી મળે છે, નવું જીવન મળે છે.

(૨) અંજીર વૃક્ષ :- યોહાન ૧;૪૮

નાથાનાએલ અંજીરી તળે હતો. ત્યાં પ્રભુએ એને જોયો. નાથાનાએલ વિષે પ્રભુ સાક્ષી આપે છે કે, "તે ખરેખરો ઈસ્ત્રાએલી છે." નાથાનાએલ કદાપી રોજ અંજીર નીચે જઈને બેસતો હશે, ત્યાં બેસીને મનન કરતો હશે, પ્રભુનાં વચનો વાંચતો અને અભ્યાસ કરતો હશે.

અંજીરીનું ઝાડ પ્રભુનાં વચનો નું મનન કરવાનું સૂચન કરે છે. અને જેમ એવી સ્થિતિમાં પ્રભુએ નાથાનાએલને જોયો-ધ્યાનમાં લીધો, એમ આપણને પણ ધ્યાનમાં લેશે.

(૩) રોતેમ વૃક્ષ :- ૧ રાજા ૧૯;૫

નિરાશ અને હતાશ થઈ ગએલાં એલિયાહ રોતેમ વૃક્ષ નીચે બેઠો હતો. અહીં દેવે તેને પોતાની યોજના બતાવી, તેને હિંમત આપી, તેની નિરાશા દુર કરી. ઘણી બાબતોનો પ્રકાશ તેને અહીં આ ઝાડ નીચે મળ્યો. આ પ્રમાણે તેને દેવે ત્યાં દૈવી ખોરાક આપીને બળવાન કર્યો.

આપણી નિરાશાઓમાં, હતાશાઓમાં, નિર્ગતતામાં રોતેમ વૃક્ષ પાસે આવીએ. ત્યાં આપણને ઉત્તેજન મળશે, નવી આશા અને નવો પ્રકાશ મળશે, નવું બળ મળશે, આત્મિક અન્ન મળશે.

(૪) સફરજનનું ઝાડ :- ગીતોનું ગીત ૨;૩

જેમ જંગલનાં ઝાડોમાં સફરજનનું ઝાડ હોય તેમ પુત્રોમાં મારો પ્રિતમ છે. અહીં પ્રભુ ઈસુને સફરજનના ઝાડ સાથે સરખાવવામાં આવ્યા છે. આ ઝાડ છાંયો આપે છે અને મીઠાં ફળ આપે છે. બધાં ફળોમાં

સફરજન રસદાર અને વિટામીનોથી ભરપુર હોય છે, પૌષ્ટીક તત્વોથી ભરેલું હોય છે.

અહીં ગીતકર્તા લખે છે : હું તેની છાયા તળે બેસીને આનંદ પામી અને તેના ફળનો સ્વાદ મને મીઠો લાગ્યો. ૨;૩

સફરજનના ઝાડ નીચે આનંદ મળે છે, આરામ મળે છે અને તેનાં ફળ મીઠાં હોય છે.

પ્રભુ ઈસુને સફરજનના ઝાડ સાથે સરખાવ્યા છે. પ્રભુ ઈસુમાં આનંદ, આરામ અને મીઠાશ મળે છે.

●

જે મહાન માણસો થઈ ગયા તેમની મહાનતાનું રહસ્ય શું હતું, તે વિષે બોલતાં મહાન ઉપદેશક એસ. ડબલ્યુ. ગ્રેફીન તેનો જવાબ પાંચ "Wells" માં આવે છે.

૧. Well Bread - સારો ઉછેર

૨. Well Fed - સારો ખોરાક

૩. Well Read - સારૂ વાંચન

૪. Well Wed - જીવન સાથીની સારી પસંદગી

૫. Well Led - પવિત્ર આત્માની સારી દોરવણી. મળેલું સારૂ માર્ગદર્શન.

## ૧૩. હથિયાર - શેતાનનાં અને આપણાં

પ્રકટીકરણ ૧૨;૯-૯ પ્રમાણે શેતાન આપણી વિરૂધ્ધ ત્રણ હથિયાર વાપરે છે.

૧. તે ભમાવે છે :- કલમ ૯.

ખોટા શિક્ષણથી, દુર્મતોથી, જુઠા પ્રબોધકો અને જુઠ્ઠા સુવાર્તિકો મારફતે તે આપણને ભમાવે છે, ગુંચવણાં નાખી દે છે. કન્ફયુઝ કરે છે. અને માણસ સારા-ખોટા ને પારખી શકતો નથી. ખરો નિર્ણય કરી શકતો નથી.

૨. તે દોષ મુકે છે : કલમ ૧૦.

પ્રભુના લોકો ઉપર, સેવકો ઉપર ખોટા દોષ મુકે છે, આક્ષેપો મુકે છે અને એમ તેઓની આબરૂને નુકશાન પહોંચાડે છે. એને કારણે તેઓની હિંમત તુટે છે અને વિશ્વાસમાં ડગી જાય છે.

૩. તે સતાવે છે : કલમ ૧૩.

પ્રભુના લોકોની સતાવણી કરે છે, તેઓને હેરાન પરેશાન કરે છે. તેઓને સહન કરવું પડે છે અને ઘણીવાર જીવ પણ આપવો પડે છે.

શેતાનની સામે લડવા અને જીતવા આપણને ત્રણ હથિયાર આપવામાં આવ્યાં છે. પ્રકટીકરણ ૧૨;૧૧.

**૧. હલવાનનું રક્ત** :- પ્રભુ ઈસુ જે હલવાન છે તેના વહેવડાવેલા રક્ત દ્વારા, તેના છંટકાવ દ્વારા આપણે શેતાનનો સામનો કરી શકીએ ને જીતી શકીએ.

**૨. પોતાની સાક્ષીના વચનથી :**

દલીલો કરવાથી શેતાનને હરાવી શકાશે નહિ, પણ આપણી ખ્રિસ્તી સાક્ષીથી - દેવનાં વચનોથી શેતાનનો સામનો કરી શકાશે ને જીત મેળવી શકાશે. રાનમાં પરીક્ષણ વખતે ઈસુએ દેવનાં વચનો વાપરીને શેતાનને હરાવ્યો હતો. આપણી ખ્રિસ્તી સાક્ષી અને દેવનાં વચનોનો શેતાનની સામે ઉપયોગ કરો.

**૩. જીવને વહાલો ગણશો નહિ :**

ખ્રિસ્તી શહીદોએ મરણ પામતાં સુધી પોતાના જીવને વ્હાલો ગણ્યો નહિ. મરણની બીકથી ડરી ગયા નહિ. સતાવણીમાં હિંમતથી ખ્રિસ્તને ખાતર ઉભા રહ્યા. જીવની પરવા કર્યા વગર તેઓએ ખ્રિસ્તને ઉંચો કર્યો - અંતે શહીદ બનીને અમર થઈ ગયા. આવા બહાદુર ખ્રિસ્તી યોધ્ધાઓ આગળ શેતાન હારી જાય છે - નાસી જાય છે.

●●●●●

પ્રે.કૃ. ૯ માં અધ્યાયમાં જ્યાં શાઉલને દમસ્કના માર્ગે ઈસુનું દર્શન થાય છે. એ બનાવમાં કલમ ૪ માં અને કલમ ૭ માં ગુજરાતીમાં “વાણી” શબ્દ વાપરવામાં આવ્યો છે, પરંતુ ન્યુ ઈન્ટરનેશનલ તરજૂમામાં બન્ને કલમોમાં અલગ અલગ શબ્દ વાપરવામાં આવ્યો છે.

કલમ ૪ માં "Voice" - વાણી શબ્દ છે. શાઉલે તેની સાથે બોલતી એક “વાણી” સાંભળી. જ્યારે ૭ મી કલમમાં "Sound" શબ્દ છે. - એટલે અવાજ - ઘોંઘાટ સાંભળ્યો શાઉલની સાથેના માણસોએ અવાજ - ઘોંઘાટ સાંભળ્યો, પણ તેઓ કશુ સમજી શક્યા નહિ.

"Voice" - “વાણી” સમજી શકાય છે, શાઉલે તે સાંભળી અને સમજ્યો. Sound - “અવાજ” સાંભળી શકાય પણ સમજી શકાય નહિ. લોકો કશું સમજ્યા નહિ.

સંદેશો "Voice" હોવો જોઈએ. જે સાંભળનાર સમજી શકે. માત્ર Sound - અવાજ - ઘોંઘાટ નહિ.

## ૧૪. ઈશ્વરની યોજનાઓ રોકવા પ્રયત્ન કરશો નહિ :

(૧) નહેમ્યાહના સમયમાં યરૂશાલેમનો કોટ તૂટી પડ્યો, અને નહેમ્યાહ કોટને ફરી બાંધવા માગે છે. આ ઈશ્વરની ઇચ્છા અને યોજના હતી. પરંતુ સાન્બાલાટ અને ટોબીયાહ તેમાં અવરોધો ઉભા કરે છે, અડચણો ઉભી કરે છે. નહેમ્યાહને કોટ બાંધતાં રોકવા અને દેવની યોજના ઉંધી વાળવા તેમણે ઘણા પ્રયત્નો કર્યા. નહેમ્યાહની નિંદાઓ કરી, ટીકાઓ કરી, કાગળો લખ્યા - બધુ કર્યુ, પણ તેઓ હારી ગયા અને કોટ બંધાયો.

આજે મંડળીમાં - પ્રભુના કાર્યમાં અવરોધો ઉભા કરનારા ઘણા સાન્બાલાટો અને ટોબીયાહ જેવા મળી આવશે.

(૨) પ્રભુ ઈસુ યરૂશાલેમ જાય, ત્યાં દુઃખ સહન કરે અને મરણ પામે એ દેવની યોજના હતી. એ યોજના દ્વારા જગતનું તારણ થવાનું હતું. માટે જ ઈસુએ પોતાનું મોં યરૂશાલેમ ભણી દ્રઢ રાખ્યુ હતું.

ત્યારે પિતર ઈશ્વરની આ યોજના રોકવા પ્રયત્ન કરે છે, ઈસુ યરૂશાલેમ ના જાય આ માટે જાણતાં - અજાણતાં ઈસુને રોકવા માગે છે. "અરે પ્રભુ, તારાથી એ દુર રહે, તને કદી એવું થશે નહિ." (માત્થી ૧૬;૨૨). અહીં શેતાન પિતરનો ઉપયોગ કરે છે, પણ પ્રભુ ઈસુએ પિતરને ધમકાવ્યો, "તું મને અને દેવની યોજનાને ઠોકરરૂપ છે, કેમકે દેવની વાતો પર નહિ, પણ માણસોની વાતો પર તું ચિત્ત લગાડે છે." (માત્થી ૧૬;૨૩).

દેવની યોજના પ્રમાણે ઈસુ વધસ્તંભ ઉચકવા તૈયાર છે ત્યારે પિતર ઈસુને વધસ્તંભ ઉંચકતાં રોકવા પ્રયત્ન કરે છે, અને ઈસુ કહે છે, "અરે શેતાન મારી પાછળ જા."

આપણે જયારે ઈશ્વરના કાર્યમાં અડચણો ઉભી કરવા પ્રયત્નો કરીએ છીએ ત્યારે શેતાનનું કામ કરીએ છીએ.

આજે જ નક્કી કરો, તમે કોના પક્ષમાં છો?

(૩) પ્રે.કૃત્ય ૨૧;૧૦-૧૪ માં ત્રીજો દાખલો મળે છે.

પ્રે. પાઉલ યરૂશાલેમ જાય અને ત્યાં સાક્ષી આપે એ ઈશ્વરની ઇચ્છા-યોજના હતી. પણ જ્યારે આગાબાસે ભવિષ્યવાણી કહી કે પાઉલને ત્યાં બાંધવામાં આવશે, ત્યારે પાઉલના સાથીઓ એ સાંભળીને રડવા લાગ્યા અને પાઉલને યરૂશાલેમ જતાં રોકવા લાગ્યા.

પણ પાઉલ જાણતો હતો કે પોતે યરૂશાલેમ જાય એ દેવની યોજના છે તેણે તેણે પોતાના સાથીઓને કહ્યુ, તમે કેમ રડો છો? મારૂં દિલ કેમ દુભવો છો? હું તો એકલો બંધાવા જ નહિ પણ પ્રભુ ઈસુને ખાતર મરવા પણ તૈયાર છું. ત્યારે તેઓ સમજ્યા અને કહ્યું, જો એમ હોય તો "પ્રભુની ઈચ્છા પ્રમાણે થાઓ."

પાઉલના સાથીઓ-મિત્રો અજાણતાં દેવની યોજનામાં અવરોધ ઉભો કરી રહ્યા હતા.

શું આપણે જાણતાં - અજાણતાં દેવના કાર્યમાં - સુવાર્તાના કાર્યમાં કોઈ રીતે અડચણરૂપ બનીએ છીએ? પાળકની સેવાઓમાં અવરોધો ઉભા કરીએ છીએ?

મારો પ્રભુ તમને માફ કરે.

# ૧૫. પાણીમાં પડેલી કુહાડી

૨ રાજા ૬;૧-૭ વાંચો.

આ આખી વાતમાં નીચેના મુદ્દા સમાએલા છે.

(૧) યુવાનોએ એલિશાને પોતાની સાથે આવવા વિનંતી કરી અને પોતાની સાથે લીધા. યુવાનો એકલા જવા માગતા નથી. એલિશાને સાથે રાખે છે.

માર્ક ૪;૩૬ માં શિષ્યો ઈસુને પોતાની સાથે હોડીમાં લઈ જાય છે. ઈસુ સાથે હતા તેથી જ સમુદ્રના તોફાનમાંથી તેઓ બચી શક્યા.

કાના ગામના લગ્ન પ્રસંગે ઈસુને આમંત્રણ આપવામાં આવ્યુ હતું અને ઈસુ ત્યાં હાજર હતા તેથી જ ત્યાં ઉભી થએલી પરિસ્થિતિમાં ફેર પડી ગયો.

ઈસુને સાથે રાખીએ - ઈસુની સાથે રહીએ.

(૨) જેની કુહાડી પાણીમાં પડી ગઈ હતી તેણે તરત એલિશાની આગળ કબુલાત કરી. પોતાની સ્થિતિ તેને જણાવી. તેણે કુહાડીનો વાંક કાઢ્યો નહિ, કે બીજા કોઈને એ માટે દોષિત ઠરાવ્યા નહિ, પોતાની ભૂલ સંતાડવા પ્રયત્ન કર્યો નહિ, પણ એલિશા પાસે કબુલાત કરી - મારી કુહાડી પાણીમાં પડી ગઈ છે, મને મદદ કરો.

આપણી મુશ્કેલીઓ, મુંઝવણોમાં, પાપમાં, ભૂલોમાં - પ્રભુ ઈસુની આગળ કબુલાત કરીએ. આપણી સ્થિતિ તેને જણાવીએ, મદદ માગીએ કશું છુપાવવા પ્રયત્ન કરશો નહિ, બીજાનો વાંક કાઢશો નહિ, માત્ર તમારી નિષ્ફળતાઓ પ્રભુની આગળ કબુલ કરો.

એલિશાએ પુછયું, કે કુહાડી ક્યાં પડી છે? અને તેણે જગા બતાવી.

પ્રભુને બતાવો કે તમે ક્યાં પડી ગયા છો, ક્યાં ભૂલ કરી છે, ક્યાં નિષ્ફળ ગયા છો, કબુલ કરો અને પ્રભુ મદદ કરશે.

(૩) એલિશાએ લાકડુ કાપીને પાણીમાં નાખ્યું એટલે કુહાડી પાણી ઉપર તરી આવી.

ઝાડનું લાકડું એ વધસ્તંભનું સૂચન કરે છે. ઈસુને ઝાડે લટકાવ્યા-વધસ્તંભે જડ્યા. અને એ વધસ્તંભ પર વિશ્વાસ કરવાથી ખોવાએલું જડી આવશે, "મારો દીકરો જે ખોવાએલો હતો તે મને પાછો મળ્યો છે, જે મુઓ હતો તે જીવતો થયો છે." આ ઉડાઉ દિકરાના બાપની ખુશીનો હર્ષનાદ છે.

# ૧૬. મારો પ્રયાણકાળ પાસે આવ્યો છે.

૨ તીમોથી ૪;૬ માં પાઉલ લખે છે - "મારો પ્રયાણકાળ પાસે આવ્યો છે."

The time of my departure has come.

ગ્રીકમાં પ્રયાણકાળ માટે "એનાલુસીસ" શબ્દ વપરાયો છે, જેમાંથી ઘણાં ચિત્રો ઉદ્ભવે છે.

(૧) ખેતરમાંથી કામ પુરૂ કર્યા પછી બળદની કાંધ ઉપરથી ઝુંસરી ઉતારી લેવી એને માટે આ શબ્દ વપરાય છે. Unyoking an animal ખેતરમાં કામ પુરૂ થયા પછી બળદને આરામ મળે માટે તેની કાંધ પરથી ઝુંસરી ઉતારી લેવામાં આવે છે.

મરણ પણ એવું જ છે. ઘણા વર્ષોના કામ પછી, મહેનત પછી આરામ માટે પ્રભુ માણસની કાંધેથી ઝુંસરી ઉતારી લે છે. ભાર ઉતારી લેવામાં આવે છે. આરામ-શાંતિ માટે.

(૨) બંધનો છોડી નાખવામાં આવે તેને માટે પણ આ શબ્દ વપરાય છે.

મરણ દ્વારા માણસનાં બધાં બંધનો છોડી નાખવામાં આવે છે. કામનાં બંધનો, કુટુંબનાં બંધનો, સમાજનાં બંધનો-આ બધાં બંધનો છૂટી જાય છે અને આત્મા સ્વતંત્ર બની જયાંથી આવ્યો હતો ત્યાં પાછો જાય છે.

(૩) તંબુને બાંધવા માટે જે દોરડાં બાંધ્યાં હતાં તે દોરડાં છોડી નાખવાની ક્રિયા માટે પણ આ જ શબ્દ વપરાય છે.

મુસાફરીમાં રાતના આરામ માટે લોકો તંબુ મારતા અને બીજી સવારે તંબુ ઉપાડી લેવામાં આવતો, તંબુનાં દોરડાં છોડી નાખવામાં આવતાં. મરણનો અર્થ એવો જ છે. તંબુ ઉપાડી લેવામાં આવે છે અને દોરડાં છોડી નાખવામાં આવે છે, તંબુ સમેટી લઈને હવે આગળની મુસાફરીએ નીકળવાનું છે. આ જીવન એક માંડવો છે - તંબુ છે અને મરણ દ્વારા એ માંડવાને સમેટી લેવામાં આવે છે.

પાઉલ લખે છે :- "જો અમારૂ માંડવારૂપી ઘર નષ્ટ થાય તો આકાશમાં દેવે રચેલું અને હાથે બાંધેલુ નહિ એવું અમારૂ સનાતન ઘર છે."

(૪) કિનારે લંગારવામાં આવેલા વહાણને જ્યારે ફરી પાછું દરિયામાં જવાનુ થાય છે ત્યારે વહાણનાં દોરડાં છોડી નાખવામાં આવે છે, લંગર છોડી નંખાય છે, જેથી વહાણ દરિયાના પાણીમાં તરતું થઈ જાય - આ ક્રિયાને માટે પણ આ શબ્દ વપરાય છે.

મરણ આવે છે ત્યારે લંગર છોડી નાખવામાં આવે છે જેથી જીવ-આત્મા ઉંડા પાણીમાં તરવા લાગે.

જો આને મરણ કહેવામાં આવતું હોય તો પછી મરણની બીક શાને?

# ૧૭. છોકરાં તમને પુછશે

ઈસ્ત્રાએલી પ્રજાના જીવનમાં અને ઈતિહાસમાં બની ગએલા જુદા જુદા ચાર બનાવો વિષે ભવિષ્યમાં છોકરાં માબાપને પુછશે કે એનો અર્થ શો છે? ત્યારે માબાપોએ એનો જવાબ આપવો પડશે." તમારે જ્યારે છોકરાં તમને પુછે ત્યારે કહેજો કે........."

(૧) પાસ્ખા યજ્ઞ વિષે - નિર્ગમન ૧૨;૨૬.

પાસ્ખા યજ્ઞનો સંસ્કાર સદાને માટે વિધિ તરીકે ઈસ્ત્રાએલી પ્રજાને આપવામાં આવ્યો હતો. "અને એમ થશે કે જ્યારે તમારાં છોકરાં તમને પુછે કે એ સંસ્કારનો અર્થ શો છે? ત્યારે તમારે એમ કહેવું કે......"

(૨) પ્રથમ જનિતનો છુટકારો - નિર્ગમન ૧૩;૧૪.

પ્રથમ જનિનને મૂલ્ય આપીને છોડાવી લેવામાં આવતા તે નિયમ વિષે છોકરાં પુછશે કે એનો શો અર્થ છે? ત્યારે તમારે કહેવું કે......

(૩) વિધિઓ - કાનુનો તથા સાક્ષ્યો - પુન. ૬;૨૦.

જે વિધિઓ, કાનૂનો અને સાક્ષ્યો જે યહોવાહે ફરમાવ્યાં છે તેનો શો અર્થ છે? ત્યારે તું તારા દીકરાને કહેજે કે.......

(૪) ઉભા કરવામાં આવેલા પત્થરો - યહોશુઆ ૪;૬.

આ પત્થરો શાની યાદમાં ઉભા કરવામાં આવ્યા છે અને એનો શો અર્થ છે એમ છોકરાં પુછે ત્યારે કહેજો કે......

તમારાં છોકરાં તમને પુછે કે પ્રભુભોજન, બાપ્તિસ્માનો શો અર્થ છે, મંડળી અને તારણ એટલે શું? ત્યારે તમે કહેજો કે.......

જો તમે જાણતા હો તો કહેજો કે.......

## ૧૮. હિસાબ આપવો પડશે.

પ્રભુ હિસાબ માગે છે. "તારા કારભારનો હિસાબ આપ." (લુક. ૧૬;૨).

(૧) ઈસ્ત્રાએલી પ્રજાને ઈશ્વરે પુછ્યું, "તમે એમ કેમ કર્યુ છે?" ન્યાયાધીશ ૨;૨.

તમે મારૂ વચન ધ્યાનમાં લીધું નથી, તેને પાળ્યું નથી. તમે એમ કેમ કર્યું છે? જવાબ આપવો પડશે.

(૨) હવાને દેવે પુછ્યુ, હવા, તે આ શું કર્યું છે? ઉત્પત્તિ ૩;૧૩.

જે ફળ ખાવાની મેં મના કરી હતી તે ફળ તેં ખાધુ છે, હવા, આ તેં શુ કર્યું છે? તેં મારી આજ્ઞા તોડી છે. જવાબ આપવો પડશે.

(૩) કાઈનનેં દેવે પુછ્યુ, કાઈન આ તેં શું કર્યું છે? ઉત્પત્તિ ૪;૧૦, તે તારા ભાઈનું ખૂન કર્યું છે. કાઈન તેં આ શું કર્યું છે? જવાબ આપવો પડશે.

આપણા દરેક કાર્ય વિષે દેવ પુછશે, તમે આમ કેમ કર્યુ? તમે આમ કેમ બોલ્યા? તમે આવુ કેમ લખ્યું? આપણે તેનો જવાબ આપવો પડશે.

પ્રભુ હિસાબ માગશે અને આપણે હિસાબ આપવો પડશે. ઈશ્વરને હિસાબ માગવાનો હક અને અધિકાર છે અને આપણે હિસાબ આપવા બંધાએલા છીએ.

જુઓ - રૂમી ૧૪;૨, ૨ કોરંથી ૫;૧૦, માત્થી ૨૫;૧૯ વિગેરે.

# ૧૯. ચંપલ

હેબ્રી લોકોમાં "ચંપલ" એ અધિકાર અને માલિકીપણાની નિશાની છે. જમીન કે મિલ્કતના માલિક. જમીન ઉપર ચંપલ પહેરીને ફરવું એટલે એ જમીનના માલિક - માલિકીપણાનો હક ગણાતો. એજ રીતે જો માલિકીપણાનો હક જતો રહે તો ચંપલ ઉતારી નાખવામાં આવતાં.

રૂથ ૪;૭-૮ પ્રમાણે ચંપલ કાઢી નાખવાં એટલે વારસામાંથી બાકાત થયાની નિશાની હતી. રિવાજ હતો.

ઉત્પત્તિ ૧૪;૨૩ માં ઈબ્રાહીમે ચંપલ લેવાની ના પાડી, જેથી કોઈ એમ ના કહે કે તેણે ઈબ્રાહીમને ધનવાન કર્યો છે. આમોસ ૨;૬ પ્રમાણે ચંપલ એ દસ્તાવેજ સમાન ગણાતાં. કોઈ જમીન કે મિલ્કત કોઈને **Mortgage** માં આપી દીધી હોય તો તે માણસ ચંપલ કાઢી નાખે અને ઉઘાડે પગે જાય.

નિર્ગમન ૧૨;૧૧ - હેબ્રીઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે તેમને આજ્ઞા આપવામાં આવી હતી કે તેઓ ચંપલ પહેરીને તૈયાર રહે. ચંપલ પહેરવાં એ મુસાફરીની તૈયારી બતાવે છે.

પુન. ૨૯;૫ - હેબ્રીઓની અરણ્યની આખી મુસાફરી દરમિયાન તેઓના પગમાં ચંપલ હતાં. આ બતાવે છે કે હવે તેઓ સ્વતંત્ર છે - ગુલામ નથી. ગુલામ પગમાં ચંપલ પહેરી શકે નહિ.

લુક ૧૫;૨૨ માં ઉડાઉ દીકરો પાછો આવ્યો ત્યારે હવે તે "દીકરો" છે એ બતાવવા તેના પગમાં ચંપલ પહેરાવવામાં આવ્યાં. ચંપલ એ દીકરાની નિશાની છે. ગીતોનું ગીત ૭;૧ પ્રમાણે અને યશાયા ૫;૨૭ પ્રમાણે પગમાં ચંપલ હોવાં જરૂરી છે.

જૂના જમાનામાં લેન્ડ લોર્ડ પોતે માલિક છે એમ બતાવવા ગુલામોના માથે પોતાનાં ચંપલ અડાડતા.

કોઈના ઘરમાં જતાં ચંપલ-બુટ બહાર ઉતારવામાં આવે છે.

નિર્ગમન ૩;૫ માં મુસાને અને યહોશુઆ ૫;૧૫માં યહોશુઆને

દેવે પગમાંથી ચંપલ ઉતારવાની આજ્ઞા આપી. આ પવિત્ર ભૂમિ છે - દેવને માટે અલગ કરાએલી છે. માટે ચંપલ ઉતારવામાં આવ્યાં.

૨ શમુએલ ૧૫;૩૦ માં દાઉદ રાજા ઉઘાડા પગે દેવની પાસે પર્વત પર ગયો. ઉઘાડા પગે જવું એ સામી વ્યક્તિનું માન જાળવવા બરાબર ગણાતું.

યોહાન ૧;૨૭ પ્રમાણે ઈસુ એટલી મોટી અને મહાન વ્યક્તિ છે કે યોહાન તેના ચંપલની વાધરી છોડવા પણ યોગ્ય નથી.

મંદિર, મસ્જીદ, ગુરૂદ્વારામાં પ્રવેશ કરતાં લોકો ચંપલ-બુટ બહાર ઉતારે છે. સ્થળની પવિત્રતા જાળવવા, સ્થળનું માન અને મર્યાદા જાળવવા માટે.

ચર્ચમાં અને ખાસ કરીને પુલ્પિટ ઉપર જતાં બુટ-ચંપલ ઉતારવાં જરૂરી લાગતું નથી?

બુટ-ચંપલ ક્યારે પહેરવાં અને ક્યારે ઉતારવાં એનો અર્થ સમજવા પ્રયત્ન કરીએ. સમજવું જરૂરી છે.

# ૨૦. માણસોના પ્રકાર

કોઈપણ કાર્યમાં મદદ કરનાર વ્યક્તિઓના ચાર ભાગ પાડી શકાય :-

(૧) જેઓ સૌથી મોખરે રહે અને વિરોધ હોય, મુશ્કેલી હોય, સંકટ હોય તો પણ હદ ઓળંગી જવા તૈયાર હોય. પ્રે. પાઉલ આવા માણસો માટે લખે છે કે "તેઓએ એટલે પ્રિસ્કા તથા આકુલાએ મારા જીવને સારૂ ગરદનો ધરી છે." આવી વ્યક્તિઓની મદદથી જ મુશ્કેલમાં મુશ્કેલ કામો પણ પાર પાડી શકાય છે.

(૨) બીજા પ્રકારના લોકો એવા છે જેઓ મુશ્કેલીઓ, વિરોધો ઓછાં થાય તેની રાહ જોઈને બેસી રહે છે અને જ્યારે બધું સીધુ હોય ત્યારે મદદ માટે આગળ આવે છે.

(૩) ત્રીજા પ્રકારના લોકો છે જેઓ ઘરમાંજ બેસી રહે અને કાર્ય માટે - જરૂરિયાતો માટે નાણાં - વસ્તુઓ આપે.

(૪) ચોથા પ્રકારના લોકો કોઈ પણ સારા કાર્ય માટે - પ્રોજેક્ટ માટે ભાગ્યે જ સહકાર આપે, અથવા મંજુર રાખે.

મંડળીમાં - સમાજમાં આ ચારે પ્રકારના લોકો મળી આવે છે. તમે આ ચારમાંથી કયા પ્રકારમાં આવો છો?

કોઈ પણ નવી વસ્તુ કરવી હોય, નવી યોજના - નવી પધ્ધતિ - નવી વ્યવસ્થા - નવુ બદલાણ લાવવું હોય તો આ ત્રણ બાબતો યાદ રાખવી જરૂરી છે :-

(૧) કશુ પણ બદલ્યા વગર કશોજ નવો સુધારો લાવી શકાતો નથી. જુનુ બદલો તો જ નવુ લાવી શકાય. સુધારો લાવવા માટે જુનુ બદલવું જરૂરી છે.

(૨) જેઓ સુધારો લાવવા માગે છે, કશું નવું કરવા માગે છે એવા માણસોની સંખ્યા ઓછી હોય છે. તેઓ લઘુમતીમાં હોય છે.

(૩) કોઈપણ જાતનો સુધારો લાવવા માટે - કશુ પણ નવુ કરવા

માટે આ લઘુમતીને હમેશાં સહન કરવું પડતુ હોય છે. એ વગર બદલાવ લાવી શકાતો નથી.

એની એજ જુની ઘરેડમાં રહેવા માટેનાં સાત પગથીયાં અથવા કારણો અથવા દલીલો :-

(૧) અમે અગાઉ એ પ્રમાણે કદી કર્યું નથી. અમને એનો અનુભવ નથી તેથી બીક લાગે છે. જેમ છે તેમ જ રહેવા દો નહિ તો બધુ બગડી જશે.

(૨) અમે એવા ફેરફાર માટે - બદલાવ માટે તૈયાર નથી. હજી વિચારવાનો વખત જોઈએ છીએ. વિચાર કરવા દો, પછી જોઈશું.

(૩) અમે એવા કોઈ જાતના ફરેફાર વગર- બદલાવ વગર પણ અમારૂ કામ ચલાવીએ છીએ. કામ તો થાય છે જ ને! પછી નવા બદલાવની-ફેરફારની શી જરૂર! જોખમ લેવાની શી જરૂર!

(૪) અમે અગાઉ ફેરફાર માટેના પ્રયત્નો કરી જોયા છે અને એમાં અમને સફળતા મળી નથી. હવે ફરી પ્રયત્નો કરવા નથી. કશો ફાયદો નથી.

(૫) આવા ફેરફારો માટે - નવું નવું કરવા માટે - બદલાવ લાવવા માટે નાણાંની જરૂર પડે છે. એ બધુ ખર્ચાળ હોય છે - માટે રહેવા દો. ખોટા ખર્ચા કરવાની જરૂર નથી.

(૬) એવા ફેરફારો કરવા એ અમારી જવાબદારી નથી. બીજા કરશે - જેને કરવુ હશે તે કરશે.

(૭) આવા ફેરફારો ચાલશે નહિ. એનાથી કશો ફેર પડવાનો નથી. સુધારો થવાનો નથી. માથાકૂટ મુકો. જેમ છે એમ ચાલવા દો. નિરાશાવાદી વલણો.

# ૨૧. બાઈબલમાંની ખીણો

૧. મરણ છાયાની ખીણ - ગી.શા. ૨૩;૪.
આ ખીણમાં ચાલતાં ડરીશ નહિ.
૨. રૂદનની ખીણ - ગી.શા. ૮૪;૬
આ ખીણ ઓળંગ્યા પછી ઝરાની જગા આવે છે.
૩. સલામતીની ખીણ - યિર્મેયાહ ૨૧;૧૩
કોઈ બચી શકશે નહિ.
૪. આખોરની ખીણ - યહોશુઆ ૭;૨૪
આખાનને તેના પાપને કારણે અહીં બાળ્યો.
૫. આયાલોનની ખીણ - યહોશુઆ ૧૦;૧૨
ચંદ્ર આ ખીણ ઉપર સ્થિર રહ્યો.
૬. નિર્ણયની ખીણ - આખોરની ખીણ - યોએલ ૩;૧૪, ૩;૨
અહીં પ્રજાઓનો ન્યાય થશે.
૭. હિન્નોમની ખીણ - યહોશુઆ ૧૫;૮
૮. રફાઈમની ખીણ - યહોશુઆ ૧૫;૮
યહુદાહના પુત્રોના ફળને વહેંચી આપેલો વિસ્તાર.
૯. ગીબીઓનની ખીણ - યશા. ૨૮;૧૧
યહોવાહનો કોપ અહીં સળગી ઉઠ્યો.
૧૦. હેબ્રોનની ખીણ - ઉત્પ. ૩૭;૧૪
યુસફને તેના ભાઈઓની ખબર કાઢવા અહીં મોકલ્યો હતો.
૧૧. યિઝ્રીએલની ખીણ - યહોશુઆ. ૧૭;૧૬
અહીંના લોકો લોઢાના રથો વાપરતા.
૧૨. મગીદોની ખીણ - ૨ કાળ. ૩૫;૨૨
યોશીયાહ રાજા અહીં લડવા આવ્યો.
૧૩. મિસ્પેહની ખીણ - યહોશુઆ ૧૧;૮
અહીં યહોશુઆએ દુશ્મનોને નસાડ્યા હતા.
૧૪. મીઠાની ખીણ - ૨ શમૂએલ ૮;૧૩

દાઉદ રાજાએ અહીં ૧૮૦૦૦ અરામીઓને માર્યા.

૧૫. કતલની ખીણ - યિર્મે. ૭;૩૨.

અહીં મુડદાં દાટવામાં આવશે.

૧૬. સુક્કોથની ખીણ - ગી.શા. ૬૦;૬

ઈશ્વર આ જગા વહેંચી દેશે.

૧૭. રાજાની ખીણ - ૨ શમૂએલ ૧૮;૧૮

અહીં યોઆબે આબ્શાલોમનો સ્મરણ સ્તંભ ઉભો કર્યો.

૧૮. હામોન-ગોગની ખીણ - હઝ ૩૯;૧૧

આ જગા કબ્રસ્તાન થશે.

૧૯. દર્શનની ખીણ-યશા. ૨૨;૧,૫

અહીં ઈશ્વર વિનાશ લાવશે.

# ૨૨. પીલાતની સ્ત્રી

માત્થી ૨૭;૧૯.

બાઈબલમાં લગભગ ૧૫૦ કરતાં વધારે સ્ત્રીઓ વિષે-તેમના કામ વિષે ઉલ્લેખ મળે છે. જેઓનાં નામ આપવામાં આવ્યાં નથી. છતાં તેઓના વિષે જે ટુંકી વાત મળે છે તે ઉત્તેજન પમાડે એવી છે. આવી નામ વગરની એક સ્ત્રી જેનો ઉલ્લેખ માત્થી ૨૭;૧૯ માં મળે છે તે પીલાતની સ્ત્રી. આ સ્ત્રી વિષે બાઈબલમાં માત્ર ૩૮ શબ્દો લખવામાં આવ્યા છે. (અંગ્રેજી પ્રમાણે) જ્યારે ગુજરાતી પ્રમાણે તો એનાથી પણ ઓછા શબ્દો છે.

આ સ્ત્રીને રાત્રે સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે ઈસુને બાંધીને કાલ્વરી લઈ જવાતા જોયા હશે. અને બીજી સવારે તેના પતિ પિલાતને સમાચાર મોકલ્યા. આ સમાચારમાં નીચે બાબતો સ્પષ્ટ થાય છે.

(૧) આ સ્ત્રીની હિંમત :-

જ્યારે બીજા બધાજ ઈસુની વિરૂધ્ધમાં છે ત્યારે આ સ્ત્રી ઈસુના પક્ષમાં બોલે છે. જ્યારે બીજા બધા ઈસુને મારી નાખવા માગે છે, ત્યારે આ સ્ત્રી ઈસુને જીવાડવા માગે છે.

(૨) તે ન્યાયીને કંઈ કરતો ના.

કેટલી મોટી વાત તેણે કહી. જ્યારે બીજા બધા ઈસુને દોષિત ગણે છે, ગુનેગાર ગણે છે, શિક્ષાને લાયક ગણે છે, ત્યારે આ સ્ત્રી ઈસુને "ન્યાયી" ગણે છે. ઈસુ માટેની આ તેની સાક્ષી છે.

(૩) તેની દિર્ઘદ્રષ્ટિ :-

જાણે તે ભવિષ્ય જોઈ શકતી હોય એમ ઈસુને શિક્ષાનો હૂકમ કરવાથી પિલાત ઉપર જે દુઃખો આવશે, જે સહન કરવું પડશે, જે બદનામી થશે એ બધુ જાણે અગાઉથી જાણે છે - સમજે છે. અને તેથી પોતાના પતિને ભૂંડુ કરતાં રોકવા માગે છે. ઈતિહાસમાં પિલાતનો ન્યાય બદનામ ના થાય માટે પિલાતને રોકવા માગે છે. ખોટો નિર્ણય લેવાથી પિલાતને બચાવવા માગે છે. આ સ્ત્રી તેના પતિનું ભલું ઈચ્છે છે.

પણ લોકો આગળ પિલાતનું કંઈ ચાલ્યુ નહિ, અને તેણે ઈસુને વધસ્તંભે જડવાનો હૂકમ આપ્યો.

અને પિલાતની સ્ત્રીની બીક સાચી પડી. ઈતિહાસ કહે છે કે પિલાતનો અંત બહુ કરૂણ રીતે આવ્યો. દક્ષિણ ફ્રાન્સમાં જયાં તેને દેશ નિકાલ કરવામાં આવ્યો હતો ત્યાં તે આપઘાત કરીને મરી ગયો. પિલાતની સ્ત્રી સાચી હતી. તે ન્યાયીને કંઈ કરતો ના.

<u>લોકવાયકા</u> : એવી લોક વાયકા છે કે પિલાતની સ્ત્રી યહુદી ધર્મ તરફ વધારે ઢળેલી હતી. અને ઈસુની ગુપ્ત શિષ્યા હતી. લોકવાયકા પ્રમાણે તેનુ નામ કલાદીઆ પ્રોકુલા હતુ. પાછળથી તે પ્રે.પાઉલની સાથે સેવામાં જોડાઈ હતી. અને ૨ તીમોથી ૪;૨૧ માં પાઉલ જેઓની સલામ પાઠવે છે તેમાં "કલાદીઆ" નામ આવે છે, અને કેટલાક માને છે કે આ કલાદીઆ એજ પિલાતની સ્ત્રી. ગ્રીક ઓર્થોડોક્સ મંડળીઓ તથા ઈથીઓપન ખ્રિસ્તીઓ ઓક્ટોબર ૨૭ તારીખને કલાદીઆ - પિલાતની સ્ત્રી-સાથે જોડીને આ દિવસ ઉજવે છે અને તેને માન આપે છે.

## ૨૩. તેઓ મારા પ્રભુને લઈ ગયા છે.

યોહાન ૨૦;૧૧-૧૮, પ્રે.કૃ. ૧૭;૩૨-૩૪

ઈસ્ટરની વહેલી સવારે મરિયમ માગદાલેણ ઈસુની કબરે આવી. પણ ત્યાં ઈસુ મળ્યા નહિ. આથી રડવા લાગી. દૂતે પુછયુ, મરિયમ તું કેમ રડે છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે "તેઓ મારા પ્રભુને લઈ ગયા છે, અને તેને ક્યાં મુક્યો છે તે હું જાણતી નથી."

આપણે પોતાને તપાસીએ. શું એવી કોઈ બાબત છે, જે તમારા પ્રભુને લઈ ગઈ હોય તમારાથી તમારા પ્રભુને દુર કર્યા હોય અને તે ક્યાં છે તે તમે જાણતા નથી. એવી કઈ બાબતો છે જે ઈસુને આપણી પાસેથી લઈ જઈ શકે છે?

<u>(૧) વિજ્ઞાન :-</u> વિજ્ઞાન સાબિતીઓ માગે છે. ઈસુના પુનરૂત્થાનની સાબિતીઓ માગે છે, અને તમે સાબિતીઓ આપી શકતા નથી. પરિણામે તમારા મનમાં પુનરૂત્થાન અંગે શંકાઓ થાય છે. એ શંકાઓમાં તમે ઈસુને શોધવા મથો છો પણ મળતા નથી.

શું વિજ્ઞાન તમારા પ્રભુને લઈ ગયું છે?

<u>(૨) માનસિક તનાવ :-</u> માણસ અનેક પ્રકારના માનસિક તનાવમાંથી પસાર થાય છે, ચિંતાઓ, બોજ, ટેન્શન અને ભયમાં જીવે છે. આવી સ્થિતિમાં ઈસુને તે ઓળખી શકતો નથી. શું આવો કોઈ માનસિક તનાવ તમારા પ્રભુને લઈ ગયો છે?

(૩) ઝઘડા, કુસંપ, અદેખાઈ, કડવાશ, અંદરો અંદરની હુંસાતુસી - શું આવી કોઈ બાબત તમારા પ્રભુને લઈ ગઈ છે? તમે પ્રભુને શોધો છો પણ મળતા નથી. કદાપી ઉપરની કોઈ બાબતે તમારાથી તમારા પ્રભુને અલગ કર્યા હોય.

(૪) મંડળીની પ્રવૃત્તિઓ, પ્રોગામો-કાર્યક્રમો-આંકડાઓ આ બધામાં તમે એટલા બધા રચ્યા પચ્યા છો કે પ્રભુની સંગત માટે સમય નથી. આવી અતિ-પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો તમારા પ્રભુને લઈ ગયાં છે? એફેસસની મંડળીને પ્રભુએ ઠપકો આપ્યો કારણ કે આ મંડળીમાં

પ્રવૃત્તિઓ ઘણી હતી - પ્રોગ્રામો ઘણા હતા, પણ પ્રભુ પ્રત્યે જે પ્રેમ હોવો જોઈએ તે નહોતો. પ્રેમ વગરની પ્રવૃત્તિઓ હતી.

(૫) પાપ પ્રભુને આપણી પાસેથી દુર લઈ જાય છે. આપણે શોધીએ છીએ પણ પ્રભુ મળતા નથી, કારણ કે આપણુ પાપ પ્રભુને આપણાથી દૂર લઈ ગયું છે.

મરિયમ કહે છે, તેઓ મારા પ્રભુને લઈ ગયા છે, મેં પ્રભુને ગુમાવ્યા છે, ખોઈ નાખ્યા છે.

શું આપણે આપણા પ્રભુને ખોયા છે? કોઈ એને લઈ ગયુ છે? શોધીએ છીએ પણ મળતા નથી. જો મરિયમના જેવી સ્થિતિમાં આપણે હોઈએ તો પ્રભુ આપણી આંખો ઉઘાડે જેથી આપણે તેને જોઈ શકીએ. અને અંતે મરિયમના જેવી સાક્ષી આપણી બને કે, "મેં પ્રભુને જોયો છે, અને તેણે મને એ બધી વાતો કહી છે." (કલમ ૧૮).

# ૨૪. ચેતવણીરૂપ ત્રણ દાખલા

યહુદાનો પત્ર-કલમ ૧૧ જુઓ.

અહીં ત્રણ દાખલા ચેતવણીરૂપે નોંધવામાં આવ્યા છે.

૧. કાઈનનો માર્ગ - ઈર્ષાનો માર્ગ

ઉત્પત્તિ ૪ થા અધ્યાયમાં આ વાત મળે છે. પોતાના ભાઈ હાબેલનું અર્પણ માન્ય થયું અને કાઈનનું માન્ય થયુ નહિ, માટે અદેખાઈ-ઈર્ષાથી પ્રેરાઈને તેણે પોતાના ભાઈને મારી નાખ્યો. "ઈર્ષા એ હાડકાંનો સડો છે." (નિતિ ૧૪;૩૦).

ઈર્ષા-અદેખાઈના બીજા ઘણા દાખલા બાઈબલમાં મળે છે.

૨. બલઆમની ભુલ - દ્રવ્યલોભ.

ગણનાં અધ્યાય ૨૨-૨૩ અને ૨૫માં આ વાત મળે છે. દ્રવ્યલોભને કારણે ઈશ્વરની મના હોવા છતાં બલઆમ ઈસ્ત્રાએલીઓને શાપ દેવા બાાલાકની સાથે મળી જાય છે. આ બલઆમની ભૂલ હતી.

આખાન, ગેહજી, યહુદા ઈસ્કારીઓત વિગેરે દ્રવ્યલોભના દાખલા છે. બાઈબલ શીખવે છે કે દ્રવ્યલોભ એ પાપ છે. જુઓ ૧ તીમોથી ૬;૧૦.

૩. કોરાહનું બંડ - અભિમાન

આ વાત ગણના ૧૬ મા અધ્યાયમાં મળે છે. કોરાહે ટોળી ભેગી કરી અને મુસાની સામે-હારૂનની સામે બંડ પોકાર્યુ. શું મુસા એકલો જ આગેવાન છે? હું પણ આગેવાન છું. કોરાહના આવા અભિમાનને કારણે ઈશ્વરે તેનો તથા તેના સર્વસ્વનો નાશ કર્યો. અભિમાન બધા પાપનું મુળ છે. વાંચો. દાનિ. ૫;૨૦.

માટે વહાંલાઓ - કાઈનના માર્ગે ન ચાલો, બલઆમની ભૂલમાં ના પડો અને કોરાહની જેમ બંડ ના કરો.

## ૨૫. આખાનના પાપનાં પગથીઆં

યહોશુઆ ૭;૪-૨૬

આખાનના નામનો અર્થ થાય છે "મુશ્કેલીઓ લાવનાર" અને તેના નામના અર્થ પ્રમાણે ખરેખર તેણે પોતા ઉપર, પોતાના કુટુંબ ઉપર અને આખી ઈસ્ત્રાએલી પ્રજા પર મુશ્કેલીઓ આણી.

યહોશુઆ ૭;૨૧ માં આખાન પોતાના પાપની કબુલાત કરે છે. આ કબુલાતમાં તેના પાપનો ક્રમ સમાએલો છે.

(૧) તેણે જોયુ :- ધન જોયુ. ઘણીવાર પાપની શરૂઆત જોવાથી થાય છે દાઉદ રાજાએ ધાબા ઉપર ફરતાં બાથશેબાને નહાતાં જોઈ, અને પછી પાપની શરૂઆત થઈ.

એદનવાડીમાંનું ફળ જોવામાં સુંદર હતું, અને હવાએ એ જોયુ. આખાને જોયુ અને પાપની શરૂઆત થઈ.

(૨) તેને લોભ લાગ્યો :- જોયા પછી હવે એ વસ્તુનો લોભ લાગ્યો. તેને મેળવવાની ઈચ્છાથી, તેનુ મન લલચાયું. કેવી રીતે આ મેળવી લઉ એવી તાલાવેલી જાગી.

(૩) તેણે લીધા :- પ્રથમ જોયાં, પછી લોભ લાગ્યો અને હવે લઈ લીધાં. જે વિચાર પ્રથમ મનમાં આવ્યો તેને અમલમાં મૂક્યો. સરખાવો યાકુબ ૧;૧૪.

(૪) સંતાડી દીધુ :- આખાને વસ્તુઓ લઈ લીધી અને પછી તેને સંતાડી દીધી. કોઈને ખબર પડે નહિ. કોઈ જાણે નહિ માટે સંતાડી દીધી.

૨ રાજા ૫;૨૦-૨૭ માં ગેહઝીનું વર્તન પણ આવુ જ છે. નામાન પાસેથી લીધેલી વસ્તુઓ, ઘરમાં સંતાડી દીધી જેથી એલિશાને ખબર ના પડે. પાપ કર્યા પછી આદમ-હવા પણ સંતાઈ ગયા.

નીતિવચન ૨૮;૧૩ - "જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છુપાવે છે તે આબાદ થશે નહિ."

શું માણસ પાપને સંતાડી શકે! કદાપી થોડો વખત માણસોથી સંતાડી શકાય, પણ ઈશ્વરથી સંતાડી શકાય નહિ. ગણના ૩૨;૨૩ વાંચો.

આખાનને ઈશ્વરે પકડી પાડ્યો.

<u>પાપનું પરિણામ :-</u>

(૧) ઈસ્ત્રાએલી લોકો આયની લડાઈમાં હારી ગયા. આયમાં માત્ર બાર હજાર માણસો જ હતા તેમ છતાં ઈસ્ત્રાએલપુત્રો તેમની આગળ હારી ગયા. આ આખાનના પાપનું પરિણામ હતું.

(૨) આખાનને પત્થરે મારીને મારી નાખવામાં આવ્યો. પાપનો મુસારો મરણ છે. રૂમી ૬;૨૩.

(૩) આખાનના આખા કુટુંબને શિક્ષા થઈ. આખુ કુટુંબ નાશ પામ્યુ. પાપના છાંટા બીજાઓને પણ ઉડે છે અને અસર કરે છે.

બીજા દાખલા :- કોરાહના પાપને કારણે તેની સાથે તેના આખા કુટુંબનો નાશ થયો. ગણના ૧૬મો અધ્યાય.

હામાનના પાપને કારણે તેના દસ પુત્રોને ફાંસી આપવામાં આવી. જુઓ એસ્તર ૯ મો અધ્યાય.

જેઓએ પ્રભુના સેવક દાનિયેલ ઉપર તહોમત મુક્યાં હતાં તેઓને તથા તેમના આખા કુટુંબને સિંહોના બીલમાં નાખવામાં આવ્યા, દાનિ ૬ અધ્યાય. ગેહઝીના પાપને કારણે તેને તથા તેના સંતાનોને સદાને માટે કોઢ વળગ્યો. ૨ રાજા અધ્યાય-૫.

<u>બચવાનો ઉપાય</u> :- પાપ પકડી પાડે તે પહેલાં મોડુ થઈ જાય તે પહેલાં પ્રભુની આગળ કબુલ કરો, ક્ષમા માગો. આપણાં પાપ માફ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. ઈસુનું રક્ત સઘળા પાપથી શુધ્ધ કરે છે. (૧ યોહાન ૧;૯).

# ૨૬. દેમાસની પડતી

૨ તીમોથી ૪;૯-૨૨ માં પ્રે. પાઉલે કેટલાંક નામ લખ્યાં છે. આમાં કેટલાંક નામ માનગોગ્ય છે, પણ દેમાસનું નામ વાંચતાં આપણને તેની પડતી યાદ આવે છે.

પાઉલના પત્રોમાં ત્રણ વખત દેમાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ત્રણે ઉલ્લેખ સાથે જોઈએ તો દેમાસની પડતીની કરૂણ વાત મળે છે.

(૧) ફિલેમોન ૨૪ મી કલમમાં દેમાસનું નામ મળે છે. અહીં પાઉલ તેની ઓળખ આપતાં લખે છે કે - "મારી સાથે કામ કરનાર" પાઉલની સાથે સેવામાં ભાગીદાર હતો. સહકાર્યકર્તા હતો. દેમાસ પાઉલની સાથે મંડળીમાં અને સુવાર્તાના કાર્યમાં સાથી સેવક છે. અહીં દેમાસનો પહેલો ઉલ્લેખ - પહેલી સાક્ષી મળે છે.

(૨) કોલોસી ૪;૧૪ માં ફરી દેમાસનું નામ મળે છે; પણ અહીં માત્ર એનું નામ જ મળે છે, માત્ર એટલું જ લખ્યું છે કે "દેમાસ તમને ક્ષેમકુશળ કહે છે." અહી પાઉલ દેમાસ વિષે બીજું કશું વધારે લખતો નથી. કોલોસી ૪;૧૦-૧૪ માં જે બીજાં નામો મળે છે તે બધા વિષે પાઉલ કંઈ ને કંઈ સારી વાત લખે છે. પણ દેમાસનું નામ આવતાં તે આગળ કશુ લખતો નથી. માત્ર નામ.

(૩) ૨ તીમોથી ૪;૧૦ માં ફરી દેમાસનું નામ ત્રીજી વખત મળે છે પણ અહીં તેના વિષે કરૂણ વાત મળે છે - "દેમાસ મને છોડીને જતો રહ્યો છે." દેમાસની પડતી જોઈ શકાય છે.

૧ લો દેમાસ - સાથી કામ કરનાર છે. સાથી સેવક છે.

બીજો દેમાસ - માત્ર દેમાસ - બીજુ કશું નહિ.

ત્રીજો દેમાસ - જતો રહ્યો છે.

ક્રમે ક્રમે દેમાસની પડતી થઈ. અને આખરે જતો રહ્યો. દેમાસને દોષિત ઠરાવતાં પહેલાં, થોભો, આપણા વિષે શું? આપણામાં પણ કેટલાંક "દેમાસ" છે.

## ૨૭. પવિત્ર આત્માનું સામર્થ્ય

પવિત્ર આત્માથી ભરપુર થઈને પિતરે પુનરૂત્થાન વિષે ભાષણ કર્યું ત્યારે તેનું પરિણામ એ આવ્યુ કે - "તેઓનાં મન વિંધાઈ ગયાં" - પ્રે.કૃ. ૨;૩૭. આ સામર્થ્ય પિતરનું કે તેના સંદેશાનું નહિ, પણ પવિત્ર આત્માનું હતું.

૧. પવિત્ર આત્માનું સામર્થ્ય - ઉત્પત્તિમાં :-

પૃથ્વીના સર્જનમાં પવિત્ર આત્માનું સામર્થ્ય દેખાય છે. બાઈબલનું પહેલું જ વાક્ય આ પ્રમાણે છે. "આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં." ગુજરાતીમાં "દેવ" શબ્દ છે - એક વચનમાં, જયારે હેબ્રી ભાષામાં "એલોહીમ" શબ્દ છે - બહુ વચનમાં એટલે આકાશ-પૃથ્વી ઉત્પન કરવામાં ઈશ્વર પિતા, ઈશ્વર પુત્ર અને પવિત્ર આત્મા એ ત્રણે કામ કરે છે. આમ પૃથ્વીના સર્જનમાં પવિત્ર આત્માનું સામર્થ્ય રહેલુ છે.

૨. ઈસુના દેહ ધારણમાં પવિત્ર આત્માનું સામર્થ્ય :-

માત્થીના ૧ લા અધ્યાયમાં જયાં ઈસુના જન્મની વાત મળે છે ત્યાં વાંચીએ છીએ કે "મરિયમ પવિત્ર આત્માથી ગર્ભવતી થએલી જણાઈ; (કલમ ૧૮). વળી ૨૦ મી કલમમાં દૂત પણ યુસફને જણાવે છે કે મરિયમને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે, એમ ઈસુના દેહ ધારણમાં પવિત્ર આત્મા કામ કરે છે.

૩. ઈસુના મરણમાં પવિત્ર આત્માનું સામર્થ્ય :-

હેબ્રી ૯;૧૪ પ્રમાણે ખ્રિસ્તે "સનાતન આત્માથી" પોતાના પંડનું બલિદાન દેવને આપ્યું. ઈસુ પવિત્ર આત્માના સામર્થ્યમાં વધસ્તંભે પોતાનું બલિદાન આપે છે.

૪. ઈસુના બાપ્તિસ્મામાં પવિત્ર આત્માનું સામર્થ્ય :-

ઈસુના બાપ્તિસ્મા વખતે આકાશ ઉઘડી ગયું ને દેવના આત્માને કબુતરની પેઠે ઉતરતો ને પોતા પર આવતો ઈસુએ દીઠો (માત્થી ૩;૧૬). અહીં જાણે પિતાએ પોતાના પુત્રને પવિત્ર આત્માથી અભિષેક કર્યો. ઈસુના બાપ્તિસ્મામાં પવિત્રઆત્મા કાર્ય કરતો દેખાય છે.

## ૫. ઈસુના પુનરૂત્થાનમાં પવિત્ર આત્માનું સામર્થ્ય :-

રૂમી ૮;૧૧ - "જેણે ઈસુને મુએલામાંથી ઉઠાડ્યો તેનો આત્મા જો તમારામાં વસતો હોય, તો જેણે ઈસુને મુએલામાંથી ઉઠાડ્યો તે તમારામાં વસનાર પોતાના આત્માથી તમારાં મર્ત્ય શરીરોને પણ સજીવન કરશે." ઈસુના પુનરૂત્થાનમાં દેવનો આત્મા કામ કરે છે એજ દેવનો આત્મા આપણા મર્ત્ય શરીરોને સજીવન કરશે.

# ૨૮. ઈસુ અને દાનિયેલ

જૂના કરારના દાનિયેલની વાતમાં અને નવા કરારમાં પ્રભુ ઈસુની વાતમાં ઘણુ સામ્ય તરી આવે છે. જાણે નવા કરારમાં જે બનવાનું હતુ તેની પ્રતિછાયા દાનિયેલમાં મળે છે.

(૧) દાનિયેલ ૬;૩ દાનિયેલને ૧૨૦ સુબાઓ ઉપર અધિકારી નીમવામાં આવ્યો હતો; અને તે બીજા સુબાઓ કરતાં નામાંકિત થયો હતો. આથી બીજા સુબાઓ તેની અદેખાઈ કરવા લાગ્યા, તેની વિરૂધ્ધ બાનુ શોધવા લાગ્યા (કલમ ૪). અદેખાઈને કારણે તેઓ દાનિયેલની વિરૂધ્ધ થયા ને તેને દુર કરવાનો લાગ શોધતા રહ્યા.

માર્ક ૧૫;૧૦ ઈસુને માટે પણ એવું જ હતું. શાસ્ત્રીઓ તથા ફરોશીઓ ઈસુની લોકચાહના જોઈને તેના પર અદેખાઈ રાખતા હતા. "અદેખાઈને લીધે તેઓએ ઈસુને સોંપી દીધો." (માર્ક ૧૫;૧૦). માર્ક ૧૪;૧ પ્રમાણે કેવી રીતે દગાથી ઈસુને મારી નાખવો તે વિશે શોધ કરતા હતા.

(૨) દાનિયેલમાં તેઓને કંઈ નિમિત્ત કે દોષ કાઢવાનું કારણ મળ્યું નહિ (કલમ ૪). દાનિયેલ વિશ્વાસુ અને પ્રામાણિક હતો. તેનામાં કોઈ દોષ જડ્યો નહિ. શિક્ષા થાય એવું કોઈ કારણ મળ્યુ નહિ.

પ્રભુ ઈસુ વિષે પિલાત પોતે કબુલ કરે છે કે "મને એનામાં કોઈ દોષ માલુમ પડતો નથી" (લુક ૨૩;૪). ઈસુમાં કોઈ અપરાધ કે દોષ-કે ગૂનો માલુમ પડ્યો નહિ. (યોહાન ૧૯;૬).

(૩) અમલદારો અને અન્ય સુબાઓ દાનિયેલની અદેખાઈ કરતા હતા અને એને દુર કરવા માગતા હતા, પણ તેઓ પોતે દાનિયેલના લોહીથી પોતાના હાથ ખરડાવવા માગતા નહોતા; આથી તેમણે યુક્તિપૂર્વક દાનિયેલના મરણના દોષનો ટોપલો રાજા દાર્યાવેશ ઉપર ઢોળી દીધો. દાર્યાવેશનો ઉપયોગ કર્યો અને તેની પાસે દાનિયેલને સિંહોમા બીલમાં નાખવાનો હૂકમ કરાવ્યો (કલમ ૮,૯). હે રાજા, મનાઈ હૂકમ

કરો, ફરમાન ઉપર સહી કરો અને રાજાએ ફરમાન ઉપર સહી કરી.

યાજકો-શાસ્ત્રીઓ અને ફરોશીઓ પણ ઈસુના નિર્દોષ લોહીથી પોતાના હાથ ખરડાવવા માગતા નહોતા માટે તેમણે દબાણપૂર્વક ઈસુને વધસ્તંભે જડવાનો હૂકમ કરાવ્યો. (માર્ક ૧૫;૧૫). અને પિલાતે ઈસુને કોરડા મરાવીને વધસ્તંભે જડવા સારૂ સોંપ્યો. (માત્થી ૨૭;૨૬).

(૪) જ્યારે દાનિયેલને ખબર પડી કે દાર્યાવેશ રાજાએ શિક્ષાના હૂકમ પર સહી કરી છે અને ફરમાન બહાર પાડ્યુ છે ત્યારે તે ઘેર ગયો અને પોતાના ઘરની બારીઓ ખોલીને અગાઉ કરતો હતો એમજ દિવસમાં ત્રણ વખત ઘુંટણીયે પડીને પ્રાર્થના કરી. પ્રાર્થના દ્વારા હિંમત અને બળ મેળવ્યું. (કલમ ૧૦).

ઈસુ ખ્રિસ્તને તેના પરસ્વાધીન થવાની રાત્રે ગેથસેમાની વાડીમાં જઈને ત્રણ વખત પ્રાર્થના કરી. "બાપ તારી ઇચ્છા પ્રમાણે થાઓ." અને એક દૂત તેને બળ આપતો હતો.

(૫) દાનિયેલમાં કોઈ દોષ-ગૂનો ન હોવા છતાં કાયદાના ઓઠા હેઠળ તેને શિક્ષા ફરમાવવામાં આવી. કાયદાનો આશરો લઈને તેને સિંહોના બીલમાં નાખવામાં આવ્યો (કલમ ૮,૧૨,૧૫).

પ્રભુ ઈસુમાં પણ કોઈ દોષ નહોતો છતાં નિયમશાસ્ત્રનો આશરો લઈને - કાયદાના ઓઠા નીચે ઈસુને શિક્ષા ફરમાવવામાં આવી. યોહાન ૧૯;૭ માં "યહૂદીઓએ ઉત્તર આપ્યો કે અમારે નિયમશાસ્ત્ર છે. તે નિયમશાસ્ત્ર પ્રમાણે તેણે મરણદંડ ભોગવવો જોઈએ."

(૬) જ્યારે દાર્યાવેશ રાજાને ભાન થયું કે, મેં આ શું કર્યુ? મારાથી આ ખોટુ કામ થઈ ગયુ, એક નિર્દોષને મરણને આધીન કરવામાં આવ્યો છે ત્યારે કલમ ૧૪-૨૦ પ્રમાણે દાનિયેલને બચાવવા માટે રાજાએ સૂર્યાસ્ત સુધી પ્રયત્નો કર્યા. તે ઉંઘી શકતો નથી, શોક અને ઉપવાસ કરે છે.

પિલાતને પણ ખાત્રી થઈ હતી કે ઈસુ નિર્દોષ છે, તેથી તે ઈસુને બચાવવા ત્રણવાર પ્રયત્નો કરે છે. ઈસુને છોડી મૂકવા ચાહે છે. યોહાન ૧૯;૧૨" - પિલાતે ઈસુને છોડી દેવાને કોશિષ કરી."

પરંતુ બન્ને - દાર્યાવેશ અને પિલાત વિરોધીઓએ બીછાવેલી જાળમાં આબાદ ફસાઈ ગયા હતા. તેમની કોશિષો વ્યર્થ ગઈ. તેમણે કરેલા હૂકમને ફેરવી શક્યા નહિ.

(૭) પ્રભુની કૃપા તો જુઓ. બીજે દિવસે દાનિયેલ મોતના મોં માંથી જીવતો બહાર આવ્યો. સિંહોના બીલમાં તેને પુરીને બીલ ઉપર પત્થર મૂક્યો હતો અને એને સીલ કર્યો હતો (કલમ ૧૭). પણ દેવે સિંહોનાં મોં બંધ કર્યા (કલમ ૨૨) દાનિયેલ કહે છે, "મારા દેવે પોતાના દૂતને મોકલીને સિંહોનાં મોં બંધ કરાવ્યાં છે, અને તેઓએ મને કંઈ ઈજા કરી નથી." માણસો ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે, પણ પ્રાણીઓ-સિંહો ઈશ્વરને આધિન થાય છે. અને દાનિયેલનું પુનરૂત્થાન થયું.

પ્રભુ ઈસુની કબર ઉપર પણ મોટો પત્થર મૂકીને સીલ કરવામાં આવ્યો હતો. ચોકી પહેરો ગોઠવવામાં આવ્યો હતો. કોઈ ઈસુને ચોરી ના જાય માટે પણ ત્રીજે દિવસે દૂતે પોતે કબર પરનો પત્થર ગબડાવી નાખ્યો અને ઈસુ ખ્રિસ્ત સજીવન થઈને ઉઠ્યા. માત્થી ૨૮;૧-૬. "તે અહીં નથી, પણ ઉઠ્યો છે." પુનરૂત્થાનની પ્રભાત.

(૮) દાનિયેલ ૬;૨૮ અગત્યની કલમ છે. દાનિયેલે દાર્યાવેશે રાજાની કારકિર્દીમાં તથા કોરેશની કારકિર્દીમાં આબાદાની ભોગવી. દાનિયેલને ઉંચો કરવામાં આવ્યો, આબાદની બક્ષી, સમૃધ્ધિ અને માન મળ્યાં.

ફીલીપી ૨;૯-૧૧ - "દેવે તેને ઘણો ઉંચો કર્યો અને સર્વ નામો કરતાં એવું શ્રેષ્ઠ નામ આપ્યુ કે આકાશમાંના-ભૂમિ પરનાં ભૂમિ તળેનાં સર્વ ઈસુની આગળ ઘુંટણે નમે અને દરેક જીભ કબુલ કરે કે ઈસુ ખ્રિસ્ત તે પ્રભુ છે."

## ૨૯. જ્યારે આ પ્રમાણે થશે ત્યારે.....

એસ્તર ૪;૧૬ માંનું આ વિધાન સૌથી મહત્ત્વનું છે. ગુજરાતી ભાષામાં એનો અર્થ બરાબર સ્પષ્ટ થતો નથી પણ અંગ્રેજીમાં આ પ્રમાણે છે :- "When this is done."

આ પુસ્તકમાં મુખ્ય ત્રણ પાત્રો છે અને ત્રણેયના જીવનના મુખ્ય સિધ્ધાંતો આ પ્રમાણે કહી શકાય -

<u>૧. મોર્દખાય</u> :- હું યહુદી છું અને ઈશ્વર સિવાય બીજા કોઈની આગળ મારૂ માથુ નમાવીશ નહિ કે ઘુંટણ ટેકવીશ નહિ. (૩;૪).

<u>૨. હામાન</u> :- હું યહુદીઓનો શત્રુ છુ અને આખા રાજયમાંથી યહુદીઓનું નામ-નિશાન મીટાવી દઈશ. (૩;૬).

<u>૩. એસ્તર</u> :- જો કે નિયમ વિરૂધ્ધ હોય તો પણ હું રાજાની હજુરમાં જઈશ, મારો નાશ થાય તો ભલે (૪;૧૬).

ઈશ્વર કેવી રીતે ઈતિહાસનું પાનુ પલટી નાખે છે, માણસની ભૂંડી યોજનાઓ કેવી રીતે ઉંધી વાળે છે - એ આ પુસ્તકનો સારાંશ - સંદેશો અને રહસ્ય છે.

૧. જે શુળ હામાને મોર્દખાય માટે ઉભી કરી હતી તેના ઉપર હામાનને પોતાને જ ચઢવાનો વારો આવ્યો.

૨. મોર્દખાયને પાયમાલ કરવાની હામાનની ચાલબાજી હતી, પણ ઈશ્વરે બાજી પલટી નાખી અને મોર્દખાયને હામાન કરતાં વધારે ઉંચી પદવી રાજ્યમાં આપવામાં આવી.

૩. યહૂદીઓનો વિનાશ કરવાની યોજના અને કાવત્રુ હતું; પણ તેના બદલે યહૂદીઓએ તેમના શત્રુઓનો વિનાશ કર્યો.

જો ઈશ્વર આપણા પક્ષનો છે, તો આપણી સામો કોણ? આ આખી બાજી પલટાઈ ગઈ, મોટો ચમત્કાર થયો એની પાછળનું રહસ્ય શું? એનું રહસ્ય ૪;૧૬ માં રહેલું છે. એસ્તર કહે છે - જ્યારે આ પ્રમાણે થશે ત્યારે.....હું રાજાની હજુરમાં જઈશ. "When this is done."

શું થશે ત્યારે? <u>ઉપવાસ</u> :- ઉપવાસ કરો, પ્રાર્થના કરો અને એ થશે પછી હું રાજાની હજુરમાં જઈશ. અને બધાએ ઉપવાસ કર્યો - પ્રાર્થના કરી - અને ચમત્કાર થયો. આખી બાજી ઈશ્વરે પલટી નાખી.

પ્રભુ ઈસુએ અશુધ્ધ આત્માને કાઢવાના પ્રસંગે કહ્યુ હતુ કે, "ઉપવાસ અને પ્રાર્થના વગર આ જાત નીકળતી નથી."

આપણી મંડળીઓના પ્રશ્નોમાં, કૌટુંબિક પ્રશ્નોમાં, સમાજના પ્રશ્નોમાં યોગ્ય ઉકેલ માટે આજ ઉત્તમ રસ્તો છે. ઉપવાસ અને પ્રાર્થના અને જ્યારે આ પ્રમાણે થશે. ત્યારે............"When this is done."

# ૩૦. નવા કરારમાં ખ્રિસ્તીઓનાં નામ.

પહેલી સદીમાં મંડળીના સભ્યોને જુદા જુદા નામથી ઓળખવામાં આવતા હતાં. દરેક નામ પાછળ તેનો અર્થ રહેલો છે.

(૧) ભાઈઓ :- ખ્રિસ્તીઓ "ભાઈઓ" થી ઓળખાતા. પ્રે.કૃ. ૧;૧૫ - ભાઈઓની વચમાં પિતરે ઉભા થઈને કહ્યુ..... તે વખતે આશરે ૧૨૦ માણસો હતા, એમાં સ્ત્રીઓ, બાળકો અને પુરૂષો બધા જ હશે, પણ આ બધાજ મંડળીના સભાસદો "ભાઈઓ" તરીકે ઓળખાતા. આનો અર્થ એ થયો કે મંડળી એક કુટુંબ સમાન છે - એક આત્મિક સંગત છે, જ્યાં બધા વચ્ચે Brotherhood છે, ત્યાં કોઈ ભેદભાવ નથી. બધાજ ભાઈઓ છે.

(૨) વિશ્વાસ કરનારા :- મંડળીના સભ્યો "વિશ્વાસ કરનારા" એ નામથી ઓળખાતા હતા, પ્રે.કૃ ૪;૩૩ માં તેને "વિશ્વાસ કરનારાઓનું મંડળ" એ નામ આપવામાં આવ્યું છે. આનું કારણ કે તેઓ બધા જ પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખતા હતા. પ્રે.કૃ. ૪;૪ માં લખ્યુ છે કે "વિશ્વાસ કરનારાઓની" સંખ્યા પાંચ હજારની થઈ." મતલબ કે જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે તેઓજ મંડળીના સભ્યો છે.

(૩) સંતો :- મંડળીના સભાસદોને 'સંતો' કહેવામાં આવ્યા છે. પ્રે. પાઉલ તેના મોટા ભાગના પત્રોમાં મંડળીના લોકોને "સંતો" કહીને સંબોધે છે. સંતો થવાને તેડાએલા.

સંત એટલે સમર્પિત થએલો, સંત એટલે પવિત્ર કરવામાં આવેલો, સંત એટલે અલગ કરવામાં આવેલો - પસંદ કરવામાં આવેલો.

(૪) શિષ્યો :- નવા કરારમાં મંડળીના સભ્યોને "શિષ્યો" કહેવામાં આવતા. શિષ્ય એટલે શીખનાર. પ્રભુની પાસે - તેના ચરણોમાં બેસીને તેનાં વચનો શીખનાર એટલે શિષ્ય.

(૫) એ માર્ગનો :- શાઉલે પત્રો માગ્યા કે જો તેને "એ માર્ગનો" કોઈ પુરૂષ કે સ્ત્રી મળે તો તેને બાંધીને યરૂશાલેમ લઈ જાય. પ્રે.કૃ. ૯;૨.

એ માર્ગનો - એટલે પ્રભુ ઈસુના માર્ગનો. કારણ કે તેઓ ઈસુના માર્ગે ચાલનારા હતા. ખ્રિસ્તી બન્યા પછી જૂનો માર્ગ છોડીને નવા માર્ગે ચાલનારા હતા.

(૬) ખ્રિસ્તીઓ:- પ્રે.કૃ. ૧૧;૨૬ - "શિષ્યો પ્રથમ અંત્યોખમાં "ખ્રિસ્તી" કહેવાયા." મંડળીના સભાસદો ખ્રિસ્તી કહેવાતા. કારણ કે તેમનું જીવન - તેમનો ધર્મ-તેમની રહેણીકરણી એ બધું ખ્રિસ્તની આસપાસ કેન્દ્રીત થએલું હતું.

ઉપર પ્રમાણે જોતાં શું આપણે સાચા અર્થમાં મંડળીના સભ્યો છીએ? માત્ર સભ્યો જ છીએ કે પછી તેને અપાએલાં નામોના અર્થ પ્રમાણેનાં સભ્યો છીએ?

# ગંભિરતાથી લેશો નહિ.

**I. તમારી સલામતી માટે :**

ઓટોમોબાઈલ વાહનોમાં મુસાફરી કરશો નહિ, કારણ કે મોટા ભાગના થતા અકસ્માતોમાંથી ૨૦ ટકાના અકસ્માતો આવાં વાહનોથી થાય છે.

ઘરમાં બેસી રહેશો નહિ, મોટા ભાગના થતા અકસ્માતોમાંના ૧૭ ટકા અકસ્માતો ઘરમાં થાય છે. (ઘરમાં આગ લાગવાથી, ગેસનો બાટલો ધડાકા સાથે ફુટવાથી, બાથરૂમમાં લપસી જવાથી, શોટ સર્કીટ થવાથી વિગેરે).

રસ્તા ઉપર ચાલતા જશો નહિ, કારણ કે ૧૪ ટકાના અકસ્માતો રસ્તા ઉપર થાય છે.

ટ્રેઈનથી, એરપ્લેનથી કે વહાણથી મુસાફરી કરશો નહિ, કેમકે ૧૬ ટકાના અકસ્માતો અહીં થાય છે. એવું જણાવાયુ છે કે માત્ર ૦.૦૧ ટકાના અકસ્માતો જ ચર્ચમાં થાય છે - ચર્ચની ભજનસેવા વખતે થાય છે. આથી સૌથી સલામત જગ્યા હોય તો તે ચર્ચ છે - ચર્ચની ભજનસેવાનો સમય છે.

માટે તમારી સલામતી ઈચ્છતા હો તો ચર્ચમાં આવો, ચર્ચની ભજનસેવામાં આવો. અહીં તમે બચી જશો.

II. ગંભિરતાથી લેશો નહિ.

**સવાલ :- મરઘીએ શા માટે રસ્તો ઓળંગ્યો?**

Why did Chicken cross the road?

નોંધ :- આ સવાલનો જવાબ જુદી જુદી વ્યક્તિઓ આ રીતે આપી શકે. જવાબ આપનારના વિચારો અને લક્ષણો તેમના જવાબમાં જોઈ શકાશે.

**પ્રાયમરી શિક્ષક :-** બીજી બાજુએ જવા માટે.

**ફિલોસોફર પ્લેટો :-** વધુ સારૂ મેળવવા - પ્રાપ્ત કરવા માટે.

**એરિસ્ટોટલ :-** રસ્તો ઓળંગવો એ મરઘીનો સ્વભાવ છે.

આ એક ઐતિહાસીક બનાવ ગણાય.

**વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન :-** મરઘીએ રસ્તો ઓળંગ્યો કે મરઘી નીચે રોડ આવ્યો, એનો આધાર તમે કઈ રીતે પૃથ્થકરણ કરો છો એના ઉપર રહેલો છે.

**સદામ હુસેન :-** મરઘીનું રસ્તો ઓળંગવાનું કૃત્ય અન્યાયી છે, અને હું તેને એક બળવાનું કૃત્ય ગણુ છું. અને તેથી એના પર ૫૦ ટન નર્વગેસ નાખીને તેનો સંહાર કરવાનું કૃત્ય ન્યાયીકૃત ગણાશે.

**રોનાલ્ડ રેગન :-** મને અત્યારે કશું યાદ નથી.

**એન્ડરસન કન્સલટીંગ કંપની :-** અગાઉ રસ્તાની જે બાજુએ મરઘી હતી તે બાજુ માર્કેટની સ્થિતિ ઘણી નબળી હતી, આથી તેની સામે ભવિષ્યના મોટા પડકારો ઉભા થયા. માટે તેને રસ્તાની બીજી બાજુના માર્કેટ સાથે સંબંધો જોડવાની ફરજ પડી.

**માર્ટિન લ્યુથર :-** હું એવી દુનિયા જોવા માગુ છું કે જ્યાં બધી જ મરઘીઓને રસ્તો ઓળંગવાની સ્વતંત્રતા હોય અને તેમના એ કાર્યને - તેના હેતુને- પડકારવામાં આવે નહિ.

**રીચાર્ડ નીક્સન :-** મરઘીએ રસ્તો ઓળંગ્યો નથી, હું ફરી ભારપૂર્વક આ હકીકત કહુ છું કે મરઘીએ રસ્તો ઓળંગ્યો નથી.

**ફ્રોડ :-** મરઘીએ રસ્તો ઓળંગ્યો એ વિષે તમે બધા ચિંતિત છો, એ બતાવે છે કે તમારી જાતિય સલામતી (Sexual) સલામતી ભયમાં

આવી પડી છે.

**બીલ ગેટસ :-** મેં તાજેતરમાં "ન્યુ ચીકન ઓફિસ - ૨૦૦૧" ખોલી છે, જે મરઘીને માત્ર રસ્તો ઓળંગવાની નહિ, પણ તેને ઈંડાં મૂકવાની પણ સલાહ આપશે. વધુ જાણકારી માટે તમારા દસ્તાવેજો, ચેકબુકો, બેલેન્સ વિગેરે અમારી નવી ઓફિસે જમા કરાવો.

**ડાર્વીન :-** ઘણા સમયથી - મરઘીને ઉત્પન કરવામાં આવી ત્યારથી - ઉત્ક્રાંતિ દ્વારા તે હસ્તીમાં આવી ત્યારથી જ તેને આ કૃત્ય માટે પસંદ કરવામાં એવેલી હતી. તેનું કૃત્ય સામાન્ય છે.

**બુધ્ધ :-** આવો સવાલ પુછીને તમે તમારામાં મરઘીનો જે સ્વભાવ રહેલો છે, તેનો નકાર કરી રહ્યા છો.

**લોકશાહીના આગેવાન :-** રાજ્યના દરેક નાગરિકને એ હક છે કે તે રસ્તો ઓળંગી શકે, અને આ હક મરઘીને પણ લાગુ પડે છે.

**સામ્યવાદ :-** જો મરઘીએ પોતાની ફરજ મૂકીને રસ્તો ઓળંગ્યો હોય તો તેની સામે ફરિયાદ કરો. મરઘી એ મરઘી નથી એવુ એને સમજાવો, એનુ બ્રેઈન વૉશ કરો, અને છતાં જો ના માને તો શૂટ કરો.

**હિટલર :-** જો ઈંગ્લીંશ મરઘી એક વાર રસ્તો ઓળંગી શકે, તો જર્મન મરઘી ૨૦૦ વખત રસ્તાઓ ઓળંગી શકે એમ છે.

**બીલ ગેટસ :-** મરઘી રસ્તાની કઈ બાજુએથી કઈ બાજુ ગઈ એની ફિકર કરવાની જરૂર નથી - એનુ મહત્વ નથી, કારણ કે રસ્તાની બન્ને બાજુ માઈક્રોસોફટનાં કંટ્રોલમાં છે.

**સ્પીલ બર્ગ :-** મરઘીને એના કૃત્ય માટે હું અભિનંદન આપુ છું. કારણ કે રસ્તો ઓળંગવાનું એનું કૃત્ય એ મારા ઓસ્કાર એવોર્ડ જીતવા સમાન છે.

**અનુ મલીક :-** જુઓ, મરઘીના રસ્તો ઓળંગવાના કૃત્યની હું નકલ કરતો નથી, માત્ર એમાંથી પ્રેરણા જ પામુ છું.

**આઈ.એસ.આઈ. :-** હવે પછી મરઘી રસ્તો તો શું, પણ ભારતની સરહદ પણ ઓળંગી જશે. ચીનનો સંપર્ક કરો અને પુછો કે એમની પાસે એવી કોઈ ટેકનોલોજી છે, જેનાથી મરઘી ઈંડાં મુકવાને બદલે ગ્રેનાઈડ ઉત્પન

કરી શકે!

**મુસા :-** મરઘીએ ઈશ્વરના બતાવેલા રસ્તાને ઓળંગ્યો (ઈસ્ત્રાએલીઓએ લાલ સમુદ્ર ઓળંગ્યો હતો તેમ), દેશમાં પ્રવેશ કર્યો. અને ત્યાં ઘણો આનંદ થયો.

**માયાવતી :-** કોઈપણ વ્યક્તિ રસ્તો ઓળંગવાનો દાવો કરે અથવા વચન આપે, અને પછી એકદમ બીજી બાજુ કુદી પડે તો એનું કારણ એ છે કે સામી બાજુએ ભરપુર ખાવાનુ છે, ખુરશી છે, રસ્તા છે. જો માણસ માટે - રાજકરણીઓ માટે આ સામાન્ય બાબત ગણાતી હોય તો એમાં મરઘીનો શો વાંક?

**ઉસ્તાદ ઝાકીર હુસેન :-** અરે, હુઝુર, વાહ-ચીકન બોલીએ.

**મેથોડિસ્ટ પાળક :-** ડી.સુ. સાહેબ આવવાના હતા એટલે મેં જ મરઘીને નસાડી મુકી હતી.

(એક સંસ્થાના વાર્ષિક મેગઝીનમાંથી કેટલાક ફેરફાર સાથે.)

# પરિશિષ્ઠ

## ૧. "તરત"

માર્કની સુવાર્તાનો અભ્યાસ કરીએ તો તેમાં વારંવાર વપરાતો એક શબ્દ આપણી નજરે ચઢ્યા વગર રહેશે નહિ. આ શબ્દ છે. "તરત" StraightWay

આખી સુવાર્તામાં આ શબ્દ ૩૪ વખત વપરાયો છે. માત્ર પહેલા અધ્યાયમાં જ ૧૦ વખત મળે છે.

૧;૧૦ અને તરત ઈસુ પાણીમાંથી ઉપર આવ્યો.

૧;૧૨ અને તરત આત્મા તેને રાનમાં લઈ ગયો.

૧;૧૮ અને તરત તેઓ પોતાની જાળો મુકીને ગયા.

૧;૨૧ ને તરત વિશ્રામવારે સભાસ્થાનમાં તેણે ઉપદેશ કર્યો.

૧;૨૮ અને તરત તેની કીર્તિ આખા ગાલીલમાં ફેલાઈ ગઈ.

૧;૨૯ અને તરત તેઓ ઘરમાં ગયા.

૧;૩૦ અને તરત તેઓએ તેને કહ્યું,

૧;૩૧ અને તરત એનો તાવ મટી ગયો.

૧;૪૩ અને તરત તેનો કોઢ ગયો.

૧;૪૪ તરત તેને બહાર મોકલ્યો.

માર્કને મન બધું તરત થવું જોઈએ. આ તેની સુવાર્તાનું ખાસ લક્ષણ છે.

કેટલાક બાઈબલના અભ્યાસીઓના મત પ્રમાણે માર્કના ૧૦ મા અધ્યાયમાં જે જુવાન દ્રવ્યવાન અધિકારીની વાત મળે છે - એ જુવાન

માર્ક પોતે હતો. અને એ વખતે તે ઈસુને તરત આધીન થયો નહિ, અને ચાલ્યો ગયો એ વાતનો અફસોસ માર્કને હમેશાં રહ્યા કરતો હતો. પાછળથી પસ્તાવો કરીને ઈસુની પાસે આવ્યો અને આધીન થયો - શિષ્ય બન્યો - પણ પહેલી વખતે તરત ઈસુને આધીન થયો નહોતો એ વાતનું દુ:ખ તેને હતું. આથી માર્ક પોતાની સુવાર્તામાં આ 'તરત' શબ્દ વારંવાર વાપરે છે.

વળી કેટલાક અભ્યાસીઓના મત પ્રમાણે માર્ક ૧૪;૫૧ માં નો જુવાન જે લુગડુ નાખી દઈને નાસી ગયો હતો તે માર્ક હતો. પાછળથી તે પસ્તાવો કરીને ઈસુની પાછળ ચાલવા લાગ્યો. પરંતુ અગાઉના પોતાના વર્તનને કારણે તેને દુ:ખ થયુ હતું. આથી 'તરત' આધીન ન થવાની પોતાની ભૂલ જેવી ભૂલ બીજાઓ ના કરે માટે "તરત" શબ્દ તેનો પ્રિય શબ્દ બની ગયો.

જૂના કરારમાં પેલા ચાર કોઢિયા લોકોનો નિર્ણય જુઓ -

તેઓએ કહ્યું - "જો આપણે સવાર સુધી થોભીશું તો માર્યા જઈશું, માટે હમણાં જ ઉઠીને સામેની છાવણીમાં જઈએ ને ખબર આપીએ, અને "તરત" તેઓ ગયા."

# ૨. બાઈ મારે ને તારે શું?

યોહાન ૨;૪.

એકલો યોહાન આ બનાવ નોંધે છે. અહીં ઈસુએ પોતાની મા માટે ઉચ્ચારેલા શબ્દો જાણે કઠણ શબ્દો લાગે છે. જાણે ઈસુ પોતાની મા ને ઉતારી પાડે છે - અપમાનીત કરે છે એવું ઉપર ઉપરથી લાગે.

ગુજરાતીમાં "બાઈ" શબ્દ વપરાયો છે, એથી ગેરસમજ ઉભી થાય છે. ભાષા થોડી રફ લાગે - કડક લાગે. યોહાન ૧૯;૨૬ માં પણ આજ શબ્દ વપરાયો છે.

અન્ય ભાષામાં આ શબ્દ સામેની વ્યક્તિને ઉતારી પાડનાર નહિ; પણ માન વાચક ગણાય છે.

હોમરના નાટકમાં ઓડીસેયસ તેની પત્ની ફેનેલોપને આજ શબ્દ "બાઈ" થી સંબોધે છે.

રૂમી બાદશાહ ઓગસ્તસ ઈજીપ્તની પ્રખ્યાત અને રૂપાળી રાણી કલીઓપેટ્રાને આજ શબ્દ "બાઈ" થી સંબોધે છે.

"મારે ને તારે શું?" આ શબ્દો પણ કડક - અપમાન કરનારા અને ગેરસમજ ઉભી કરે એવા લાગે છે. જાણે ઈસુને અને એની માને કશો સંબંધ ના હોય એવું ઈસુ કહેવા માગે છે એવું લાગે છે. મારે અને તારે શો સંબંધ? તું વચમાં શા માટે દખલ કરે છે? આવો અર્થ કાઢી શકાય. પણ ના, એનો એવો અર્થ નથી.

મુળ ગ્રીકમાં જે શબ્દો છે તે -

Ti emoi Kai Soi - આ શબ્દો છે અને એમાં જે અર્થ રહેલો છે તે આવો છે :-

"આપણા બેની વચ્ચે એવું ક્યું અજાણ્યુ પ્રવાહી વહી રહ્યુ છે?" - "મારા હેતુની તને કેવી રીતે ખબર પડી?"

એટલે મૂળ શબ્દો જોતાં, ઈસુ પોતાની માને ઠપકો આપતા નથી કે ઉતારી પાડતા નથી, પણ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે હું જે ચમત્કાર

કરવાનો છું એની તને કેવી રીતે ખબર પડી? આપણા બે માં એવુ કયું સામ્ય છે?

આમાં જે બીજો અર્થ રહેલો છે તે એ કે ઈસુ તેમની માને એમ કહેવા માગે છે કે, તું જરાય ચિંતા કરીશ નહિ, શું બનવાનું છે એ તું પુરેપુરૂ સમજી શકીશ નહિ. માટે મારા ઉપર છોડી દે, હું મારી રીતે એનો ઉકેલ લાવીશ.

મરિયમ ઈસુની વાત સમજી ગઈ, અને એથીજ તેણે ચાકરોને કહ્યુ, "જે કંઈ તે (ઈસુ) તમને કહે તે કરો." (૨;૫).

# ૩. યુસફનાં હાડકાં

યુસફ ૧૧૦ વર્ષની ઉંમરે મિસરમાં મરણ પામ્યો. મરણ અગાઉ તેના ભાઈઓને તથા ઈસ્ત્રાએલીઓને આજ્ઞા આવી કે મારા મરણ પછી તમે મારાં હાડકાં અહીંથી કનાનમાં લઈ જજો. (ઉત્પત્તિ ૫૦;૨૨-૨૬).

અને જ્યારે યુસફ મરણ પામ્યો ત્યારે તેઓએ તેના શરીરમાં સુગંધીઓ ભરીને તેના શબને મિસરમાં શબકોષમાં મુક્યો.

- અહીં ઉત્પત્તિનું પુસ્તક વાત અધુરી મુકીને પુરૂં થાય છે. ઉત્પતિના અંતે યુસફનાં હાડકાં મિસરની શબપેટીમાં પડ્યાં છે. એ હાડકાંનું શું થયું? તે કનાન પહોંચ્યા? યુસફે સમ દઈને કહ્યુ હતું કે મારાં હાડકાં અહીંથી લઈ જજો. તો શું તેના ભાઈઓ અને ઈસ્ત્રાએલીપુત્રો એ હાડકાં કનાનમાં લઈ ગયા?

આ સવાલનો જવાબ મેળવવા નિર્ગમન ૧૩ મો અધ્યાય વાંચો. મુસાની આગેવાની નીચે ઈસ્ત્રાએલીઓ મિસરમાંથી નીકળ્યા, અને "મુસાએ યુસફનાં હાડકાં સાથે લઈ લીધાં." (૧૩;૧૯). અરણ્યના આખા રસ્તે - ૪૦ વર્ષ સુધી - જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં બધો વખત - બધે સ્થળે યુસફનાં હાડકાં ઉંચકીને ફર્યા.

યુસફ કોણ હતો અને ઈસ્ત્રાએલીઓ શા માટે યુસફની આજ્ઞા - તેની છેલ્લી ઇચ્છા-માથે ચઢાવીને તેનાં હાડકાં ઉંચકીને આખે રસ્તે ચાલ્યા?

એક મોટુ સરઘસ આવી રહ્યું છે. તેમની કાંધે એક કાળી શબપેટી છે; અને માર્ગમાં અમાલેકીઓ અને મિદ્યાનીઓ પેલી કાળી શબપેટી જોઈને પુછે છે - આ શું છે? એમાં શું છે? તમે અને ઉંચકીને ક્યાં લઈ જાઓ છોં અને કેમ લઈ જાઓ છો?

અને ઈસ્ત્રાએલીઓ જવાબ આપે છે -

એક વખત એવો હતો કે અમે દુકાળમાં ભૂખે મરી રહ્યા હતા, અને મોટી વિપત્તીમાંથી પસાર થઈ રહ્યા હતા અને જો યહોવાહની કૃપા ના થઈ હોત તો અમે આજે કોઈ જીવતા રહ્યા ના હોત. - પણ દેવે તેની કૃપાથી અમારે માટે એક આગેવાન, અરે, કહો કે તારનાર ઉભો કર્યો,

તેનું નામ હતુ યુસફ. તેણે અમને દુકાળમાં મરતાં બચાવી લીધા. અમે તો બચી ગયા પણ અમારો આગેવાન-તારનાર-પાકી ઉંમરે મરણ પામ્યો. અને મરતાં અગાઉ તેણે અમને આજ્ઞા આપી હતી કે અમે તેનાં હાડકાં ઉંચકીને કનાનમાં લઈ જઈએ. અમે અત્યારે કનાન તરફ જઈ રહ્યા છીએ અને અમારી કાંધે અમારા આગેવાન-યુસફનાં હાડકાં છે. અમે જ્યાં સુધી કનાનમાં પહોંચીશુ નહિ ત્યાં સુધી અમે તેને ઉંચકીને ચાલીશું. અમે અમારા આગેવાન-યુસફને-તેના મરણને-તેનાં હાડકાંને-તેની આજ્ઞાને કદી ભૂલી શકીએ એમ નથી.

........અને પછી તેઓ કનાનમાં પહોંચ્યા, અને ત્યાં શખેમમાં યુસફનાં હાડકાં દાટ્યાં. (યહોશુઆ ૨૪;૩૨).

હવે તેઓએ યુસફનાં હાડકાં ઉંચકીને ફરવાની જરૂર નથી; કેમકે તેઓ વતનમાં આવી પહોંચ્યા, જ્યાં સુધી અરણ્યમાં હતા - અરણ્યની મુસાફરીમાં હતા ત્યાં સુધી એ હાડકાં ઉંચકવાનાં હતાં, પણ હવે વતનમાં આવ્યા પછી હાડકાં ઉંચકવાની જરૂર રહેતી નથી.

પ્રેરિત પાઉલ શું કહે છે તે સાંભળો :- “અમે અમારા શરીરમાં ઈસુનું મરણ સદા ઉંચકીને ફરીએ છીએ, જેથી ઈસુનું જીવન અમારા શરીરમાં પ્રગટ કરવામાં આવે.” (૨ કોરંથી ૪;૧૦).

ઈસ્ત્રાએલીઓ અરણ્યની મુસાફરીમાં યુસફનાં હાડકાં ઉંચકીને ફરતા હતા; પ્રેરિત પાઉલ આ જીવનની મુસાફરી દરમિયાન ઈસુનું મરણ ઉંચકીને ફરે છે.

પ્રભુ ઈસુએ તેના મરણ અગાઉ આજ્ઞા આપી હતી કે “મારી યાદગીરીમાં આ કરો.” “મારા પાછા આવતાં સુધી તમે એ પાળ્યા કરો.”

જ્યારે તેની મંડળી ગગનમાં ઉંચકાઈ જશે અને તેના લોકો “વતન” માં પહોંચશે, ત્યાર પછી ઈસુના મરણને ઉંચકીને ફરવાની જરૂર રહેશે નહિ, તેના મરણની યાદગીરીમાં “પ્રભુભોજન” પાળવાની જરૂર રહેશે નહિ. કારણ કે ત્યાં ઈસુ પોતે - હાજરા હજુર તેઓની સાથે હશે. અત્યારે આપણે દર્પણમાં ઝાંખુ ઝાંખુ જોઈએ છીએ, પણ ત્યારે નજરો નજર નિહાળીશું.

## ૪. પાસ્ટરેટ કમિટી

પ્રથમ સૈકાની મંડળીમાં પહેલી જ વખતે પાસ્ટરેટ કમિટિ નીમવામાં આવી. (પ્રે.કૃ. ૬;૧-૭). તેમાં સાત સભ્યોને નીમ્યા.

શા માટે મંડળીમાં પાસ્ટરેટ કમિટિ નીમવામાં આવી? એની શી જરૂર પડી?

મંડળી વૃધ્ધિ પામતી જતી હતી. આથી વહીવટ કરનારની જરૂર ઉભી થઈ. મંડળીમાં ખોરાકની વહેંચણીમાં, વિધવાઓની મદદમાં બડબડાટ શરૂ થયો. હેબ્રીઓ અને ગ્રીક યહુદીઓ વચ્ચે ઝઘડો શરૂ થયો. જેઓ પાલેસ્ટાઈનમાં જ રહ્યા હતા. અને આરામાઈક ભાષા બોલતા હતા તેઓને અહીં ૬;૧ હેબ્રી કહેવામાં આવ્યા છે; અને જેઓ પાલેસ્ટાઈન છોડીને બહાર ગયા હતા અને વખત પછી પાછા આવીને વસ્યા હતા, તેઓ પોતાની ભાષા ભૂલી ગયા હતા અને ગ્રીક ભાષા બોલતા હતા - તેઓને અહીં ગ્રીક યહુદીઓ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. આ બે પક્ષો વચ્ચે ઝઘડો શરૂ થયો - કચકચ અને બડબડાટ શરૂ થયો. આથી આ કચકચ-ઝઘડો પતાવવા માટે - તેનું સમાધાન લાવવા માટે - મંડળીમાં શાંતિ જળવાય રહે માટે આ પહેલી પાસ્ટરેટ કમિટિ નીમવામાં આવી. અને તેમણે સાથે મળીને મંડળીનો પ્રશ્ન હલ કર્યો.

આજે તો પાસ્ટરેટ કમિટિઓમાં જ એટલા ઝઘડા હોય છે કે તેઓ મંડળીના અન્ય પ્રશ્નો હલ કરવા પ્રત્યે ધ્યાન આપી શકતા નથી.

શરૂઆતની મંડળીમાં પાસ્ટરેટ કમિટિના જે સભ્યોને નીમવામાં આવ્યા તેઓ કેવા માણસો હતા અને એમની લાયકાત શી હતી?

આ સભ્યો જ્ઞાનથી અને વિશ્વાસથી અને પવિત્ર આત્માથી ભરપુર હતા. તેઓ પ્રતિષ્ઠીત માણસો હતા. આવા વ્યક્તિઓને કમિટિના સભ્યો તરીકે પસંદ કરવામાં આવ્યા.

આજે આપણી મંડળીઓમાં પાસ્ટરેટ કમિટિના સભ્યો તરીકે કેવા માણસોને લેવામાં આવે છે? ક્યા ધોરણે તેઓની પસંદગી થાય છે?

આપણી આજની મંડળીઓમાં પાસ્ટરેટ કમિટિઓમાં અનેક પ્રકારની ખેંચતાણ હોય છે :-

- આત્મિક સેવા અને વહીવટ વચ્ચે ખેંચતાણ
- સભ્યોના સામાજીક દરજ્જાના ભેદભાવની ખેંચતાણ
- માનવી દ્વારા નિમણુંક અને ઈશ્વરના તેડાની ખાતરી વચ્ચે ખેંચતાણ

કમિટિમાં આગેવાન બનવા માટેના તેડામાં સમાએલી બાબતો

૧. શિષ્યપણા માટે તેડું
૨. સાચા પસ્તાવા માટેનું તેડું - સમર્પણ
૩. શિખવા માટેનું તેડું
૪. વધસ્તંભ ઉંચકવા માટેનું તેડું
૫. સેવામય જીવન માટેનું તેડું
૬. સાક્ષી માટેનું તેડું
૭. ચોખ્ખો વહીવટ કરવાનું તેડું.

આજની આપણી મંડળીઓમાં પાસ્ટરેટ કમિટિના કેટલાક સભ્યોના વિચારો - ખ્યાલ ઉપરોક્ત તેડાના વિચારથી તદ્દન ભિન્ન હોય છે.

દા.ત. કેટલાક પાળકને અંકુશમાં રાખવાના હેતુથી કમિટિના સભ્ય બનવા માગે છે. તેઓમાં પોતે પાળકના "બોસ" છે એવો ભ્રમ હોય છે. તેઓ પાળકને પોતાના કહ્યામાં રાખવા માગે છે.

કમિટિના સભ્યોમાં પણ પક્ષો પડી જાય છે, અને દરેક બાબતમાં બીન જરૂરી મતમતાત્તંર ઉભા થાય છે. પરિણામે મંડળીમાં સારાં કાર્યો, સારા પ્રોગ્રામો થઈ શકતા નથી. અને એજ માણસો પાળકને માથે દોષનો ટોપલો ઢોળીને કહે છે - મંડળીમાં કશું કામ થતું નથી.

ઘણી વખત કમિટિના સભ્યો નાણાં ઉપર પકડ જમાવી રાખે છે. સારાં કાર્યોમાં પણ નાણાં ખર્ચતાં ખચકાય છે. જમા કરવાની - બેંક બેલેન્સ વધારવાની વૃત્તિ વધતી જાય છે. લોકોએ આપેલાં નાણાં - દાનનો

આવો વહીવટ કેટલે અંશે વ્યાજબી ગણાય?

પાસ્ટરેટ કમિટિના સભ્યો એ મંડળીના આગેવાન ગણાય છે; અને તેમણે બીજા સભ્યોને નમૂનો આપવાનો છે. કઈ બાબતોમાં નમૂનો આપવાનો?

૧. પ્રામાણિકતાની બાબતમાં -

૨. નિયમિત ભજનસેવામાં આવવાની બાબતમાં -

૩. દશાંશ આપવાની બાબતમાં -

૪. ખ્રિસ્તી જીવન જીવવાની બાબતમાં -

૫. દરેક સભ્યો સાથે હળી-મળીને રહેવાની બાબતમાં - વિગેરે...વિગેરે.

પાસ્ટરેટ કમિટિમાં જુદી જુદી કમિટિઓના પ્રમુખો હોય છે અને દરેકની જવાબદારી હોય છે.

પણ કેટલીકવાર એવું જોવામાં આવે છે કે પાળકને જ બધું સોંપી દેવામાં આવે છે. પાળકને પગાર મળે છે અને આખો દિવસ નવરા હોય છે, એવું માનીને બીજી જવાબદારીઓ પણ તેમના માથે ઠોકવામાં આવે છે. દા.ત. ઓડિટ માટે ચોપડા લઈને પાળક સી.એ ને ત્યાં જાય ને ઓડિટ કરાવી લાવે. (આ કામ મંડળીના ટ્રેઝરરનું છે.) લાઈટ બીલ ભરવાનું હોય, મ્યુનિ. ટ્રેક્સ ભરવાનો હોય તો પાળક જઈને લાઈનમાં ઉભા રહે. શા માટે પાળક?

મંડળીમાં રીટ્રીટ કે સેમીનાર રાખ્યો હોય, તો પાળક જમવાની - બધી વસ્તુઓ લાવવાની વ્યવસ્થા કરે. શા માટે પાળક? કમિટિના સભ્યોએ દરેકે પોતપોતાની જવાબદારી ઉપાડી લેવી જોઈએ.

જે મંડળીમાં પ્રભુએ તમને આગેવાન તરીકે નીમ્યા છે તે મંડળીનું પાલન-પોષણ કરો. મંડળી પ્રભુની છે, તમે માત્ર કારભારીઓજ છો. તમે મંડળીના માલિક નથી.

એક દિવસે પ્રભુ પુછશે :- "તારા કારભારનો હિસાબ આપ."

Prayer is the Key of the morning and the lock of the door at evening.

God give me work till my life end; and life, till my work is done.

Religion is a bread for daily use, and not a Cake for special occasions.

It is better to light a Candle than to Curse the darkness.

It is how you rose up after falling that counts, not how many times that you fell.

## ૫. સમય અને જીવનનાં વર્ષો

કોઈએ ગણતરી કરી છે કે -

જો તમારી ઉંમર ૧૫ વર્ષની છે, તો સવારના ૧૦:૨૫ નો સમય થયો છે.

જો તમારી ઉંમર ૨૫ વર્ષની છે, તો બપોરના ૧૨:૪૨ નો સમય થયો છે.

જો તમારી ઉંમર ૩૫ વર્ષની છે, તો બપોરના ૩ વાગ્યા છે.

જો તમારી ઉંમર ૪૫ વર્ષની છે, તો સાંજના ૫:૧૫ નો સમય થયો છે.

જો તમારી ઉંમર ૫૫ વર્ષની છે, તો સાંજના ૭:૩૪ નો સમય થયો છે.

જો તમારી ઉંમર ૬૫ વર્ષની છે, તો રાતના ૯:૫૫ નો સમય છે.

જો તમારી ઉંમર ૭૦ વર્ષની છે, તો રાતના ૧૧ વાગ્યા છે.

હવે ૧ કલાક પછી દિવસ પૂરો થશે.

## ૬. પાત્મસ બેટ :- પ્રકટીકરણ ૧;૯.

ઈજીઅન સમુદ્રમાં આવેલો એક ઉજ્જડ અને વેરાન ટાપુ છે. જેમ આંદામાન ટાપુમાં ગૂનેગાર અને કેદીઓને દેશનિકાલ કરવામાં આવે છે; તેમ રૂમી રાજ્યે પાત્મસ બેટને દેશ નિકાલનો - સજાનો ટાપુ ઠરાવ્યો હતો. અહીં દેવની સાક્ષી આપવાના ગૂનાને કારણે ઈ.સ. ૯૫ ની સાલમાં ડોમીશીયન બાદશાહે તે સજા કરવા દેશનિકાલ કર્યો હતો. આ ટાપુમાં રહીને તેણે પ્રકટીકરણનું પુસ્તક લખ્યું. તેની સજા આર્શીવાદીત બની ગઈ. અહીં તેને ઉત્થાન પામેલા પ્રભુનું દર્શન મળ્યું અને બનનાર બીનાઓની જાણકારી મળી.

હાલમાં આ ટાપુને "પાટમો" નામથી ઓળખવામાં આવે છે, અને ત્યાં ૪-૫ હજારની વસ્તી છે. "પાત્મસ" નામ આખા બાયબલમાં માત્ર એક જ જગ્યાએ મળે છે. (પ્રકટી ૧;૯).

●●●●●

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તક નું નામ | રકમ |
|---|---|---|
| ૧ | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૦૦-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૬૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૩૫-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૩૫-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમસેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૨૦-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | ક્લશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | તૈટસ | ૩૫-૦૦ |
| ૨૪. | દાઉદ ભક્તના પસંદિત....મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાયબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૨૭. | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |

# PULPIT HELPS
## PART - 5



ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના સ્થાપક-પથદર્શક
**રેવ. ડૉ. જેમ્સ ગ્લાસગો**

30BGP2

Publish

GUJARAT T

Sahitya Seva

Ellisbridge, Ahmedabad - 380006. INDIA